Chap-7

૭

કેળવણીમાં ઘર, જ્ઞાતિસમાજ અને છાત્રાલયોનાં પ્રદાન અને પ્રતિકાર

૭.૧ પ્રારંભિક :

કેળવણીના અર્થ અને ઉદ્દેશો વિશે અધ્યેયકાલ દરમ્યાન ગુજરાતમાં પ્રચલિત બનેલી વિચારસરણીઓની સમીક્ષા કરતાં, એતદ્કાલીન ગામઠી શિક્ષણપ્રણાલી અને બ્રિટિશ પધ્ધતિની નવી શિક્ષણવ્યવસ્થામાં અંતર્નિહિત શિક્ષણસંકલ્પનાની સંકુચિતતાનો નિર્દેશ કરવામાં આવ્યો હતો. શિક્ષણની આવી સંકુચિત સંકલ્પના, ઉભય શિક્ષણ-વ્યવસ્થાઓએ ઉપલક્ષ્યેલા સંકુચિત ઉદ્દેશોની સ્વાભાવિક ફલશ્રુતિ હતી. ગામઠી શિક્ષણવ્યવસ્થાનું પ્રધાન લક્ષ વેપારવણજમાં ઉપયોગી થાય તેવાં કેટલાંક પ્રાથમિક લેખન, વાચન અને ગણનનાં કૌશલ્યો મેળવવા પર કેન્દ્રિત થયું હતું અને બ્રિટિશ પધ્ધતિની કેળવણીએ રાજવહીવટમાં ઉપયોગી થાય એવા કારકુનો અને નીચલી પાયરીના ભારતીય અધિકારીઓ તૈયાર કરવા પર મીટ માંડી હતી.

નવી પધ્ધતિની કેળવણીના પ્રસાર સાથે ઉભય શિક્ષણવ્યવસ્થાના ઉદ્દેશોની

સંકુચિતતા પણ સ્પષ્ટ થતી ગઈ અને કેળવણીને વ્યાપક પરિપ્રેક્ષ્યમાં મૂલવનારો વર્ગ પણ ઊભો થવા લાગ્યો. કેળવણી એટલે માત્ર અક્ષરજ્ઞાન જ નહીં, માત્ર માનસિક ઘડતર જ નહીં, પરંતુ વિદ્યાર્થીનો સર્વાંગીણ વિકાસ, એના વ્યક્તિત્વની ખિલવણી, એનું ચારિત્ર્યઘડતર એવા ખ્યાલો પ્રચલિત થતા ગયા. કેળવણીને તેના બૃહદ્ પરિપ્રેક્ષ્યમાં મૂલવતાં, તે આજીવન ચાલનારી પ્રક્રિયા છે, એવા ખ્યાલો પણ વહેતા થયા. વાસ્તવમાં કેળવણીને તેના સાચા અર્થમાં સમજવાની પ્રક્રિયા અધ્યેયકાલ દરમ્યાન શરૂ થઈ ચૂકી હતી એટલું જ નહીં, પરંતુ વિદ્યાર્થીઓના સર્વાંગીણ વિકાસ સાધે એવી સંસ્થાઓ ઊભી કરવાની દિશામાં પણ કેટલાક પ્રયત્નો થયા હતા. પ્રસ્તુત અહેવાલના ચતુર્થ પ્રકરણમાં ગુજરાતમાં આ દિશામાં પ્રચલિત બનેલા વિચારોની સમીક્ષા કરવામાં આવી છે.

આમ, કેળવણી એટલે વિદ્યાર્થીનું સર્વાંગીણ ઘડતર એવો વ્યાપક અર્થ ઘટાવીએ તો બાળકના વ્યક્તિત્વના ઘડતરમાં ભાગ ભજવનારી અન્ય સંસ્થાઓનો સમાવેશ પણ કેળવણીની સંસ્થાઓમાં થઈ જાય. વાસ્તવમાં માનવીનું ઘડતર અનેક દૃશ્ય-અદૃશ્ય પરિબળોના પરિપાક રૂપે થતું હોય છે. એ ઘડતરમાં બાળકનું ઘર-કુટુંબ, સમાજ, છાત્રાલય વગેરે પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. ઉક્ત ત્રણેય સંસ્થાઓનું પર્યાવરણ બાળકના વ્યક્તિત્વઘડતરમાં વિધાયક કે નિષેધક અસરો કરતું હોય છે. વળી, આ સંસ્થાઓ બાળકના ઔપચારિક શિક્ષણને વેગ આપવામાં કે એને અવરોધવામાં પણ મહત્ત્વનો ભાગ ભજવે છે.

શૈક્ષણિક સમાજશાસ્ત્ર બાળકને શાળા ઉપરાંત આવી અન્ય સંસ્થાઓમાં મળતા અનુભવોનું પણ મોટું મૂલ્ય આંકે છે અને એવી સંસ્થાઓના સમગ્ર પર્યાવરણની બાળકોના ઘડતર-વિકાસ પર થતી અસરોનો અભ્યાસ કરે છે. આમ, શિક્ષણની સંસ્થાઓ તરીકે ઘર-કુટુંબ, જ્ઞાતિસમાજ તથા છાત્રાલયનો સમાવેશ પણ શૈક્ષણિક સમાજશાસ્ત્રના અધ્યયનક્ષેત્રમાં થાય છે. પ્રસ્તુત પ્રકરણમાં, અધ્યેયકાલ દરમ્યાન આ ત્રણેય સંસ્થાઓએ, બાળકની કેળવણીમાં ભજવેલા ભાગની તેમ જ નવી કેળવણીને તે શી રીતે પૂરક, પ્રોત્સાહક કે પ્રતિકારક બની રહી હતી તેની સમીક્ષા અધ્યેત ચરિત્રસાહિત્યમાંથી પ્રાપ્ત થતી માહિતીના આધારે કરવામાં આવી છે.

૭.૨ કેળવણીની સંસ્થા : ઘર-કુટુંબ :

ઘર અથવા કુટુંબ સામાજિક જીવનનું એક સૌથી નાનું સંગઠન અને કેળવણીની આદ્ય સંસ્થા છે. ઔપચારિક કેળવણીનો પ્રારંભ થતાં પહેલાં અને તે પછીય શિક્ષણની એક અવિચ્છિન્ન સંસ્થા તરીકે તેનું કાર્ય મહત્ત્વપૂર્ણ રહ્યું છે. અનુકરણ, સૂચન અને સહાનુભૂતિની મૂળભૂત વૃત્તિઓ દ્વારા બાળક કુટુંબના સભ્યો પાસેથી ઘણી બધી બાબતો શીખી લેતું હોય છે. બાળક ભાષા પણ કુટુંબ પાસેથી શીખે છે. એનાં રસ-રુચિ, વલણો વગેરે પણ કુટુંબ દ્વારા ઘડાય છે. એનું સામાજીકરણ કરવામાં કુટુંબનો પ્રમુખ હિસ્સો રહે છે. ટૂંકમાં, બાળકના સમગ્ર વ્યક્તિત્વના ઘડતરમાં કૌટુંબિક વાતાવરણ મહત્ત્વનો ભાગ ભજવે છે એથી જ તો કહેવાય છે કે 'બાળક નાગરિકતાનો પ્રથમ પાઠ માતાના ખોળામાં શીખે છે'. આ સંસ્થા બાળકોને અપાતા રા ઔપચારિક શિક્ષણના નિર્ધારણમાં પણ નિર્ણાયક ભાગ ભજવે છે. હવે, ચરિત્રસાહિત્યમાંથી પ્રાપ્ત થતા સંદર્ભોને આધારે અધ્યયનકાલ દરમ્યાન કુટુંબસંસ્થાની શિક્ષણ વિષયક કામગીરી કેવી રહી છે તેની સમીક્ષા કરીશું.

(૧) અર્વાચીન શિક્ષણપ્રથાના પ્રારંભ અને વિકાસ પૂર્વે કુટુંબનું શિક્ષણ વિષયક કાર્ય :- ગુજરાતમાં નવી શિક્ષણપ્રથાનો પ્રારંભ અને વિકાસ સધાયો તે પહેલાં ઘર-કુટુંબ, શિક્ષણની સંસ્થા તરીકે મહત્ત્વની કામગીરી બજાવતું હતું. કુટુંબનાં બાળકોને વંશપરંપરાગત ધંધાનું જ્ઞાન સામાન્ય રીતે વડીલો પાસેથી કુટુંબમાં જ મળી રહેતું. ગામઠી શાળાઓમાં થોડું શિક્ષણ મેળવ્યા પછી, બ્રાહ્મણ બાળકો જ્યોતિષ, વૈદક, શુકલવૃત્તિ આદિ પેઢી જેમાં પડવા માગતાં હોય તેનું જ્ઞાન વડીલો પાસેથી મેળવતાં. સુપ્રખ્યાત વૈદ ગંડુ ભટ્ટજી (૧૮૩૫-૧૮૯૮)એ, વૈદકનું જ્ઞાન એમના પિતાના હાથ નીચે મેળવેલું.[૫] કેળવણીની ઇતર વ્યવસ્થાની દુર્લભતાને કારણે કુટુંબના વડીલોની વૃત્તિ, સ્વાભાવિક રીતે જ પોતાના પુત્ર-પ્રપૌત્રોને વંશપરંપરાગત ધંધો શીખવવા તરફ રહેતી. વળી, વંશપરંપરાગત ઉતરી આવેલા ધંધાનું ગૌરવ પણ વડીલોમાં રહેતું અને એમાં 'બાપ કરતાં દીકરો સવાયો' નીવડે એવી ભાવનાય કયારેક ભળતી. રવિશંકર રાવળ (જ. ૧૮૯૨)ના પ્રપિતામહના, એમના પૌત્ર મયાશંકરને ઉદ્દેશીને બોલાયેલા નીચેના શબ્દો આ સંદર્ભમાં નોંધનીય

જણાય છે :

"વાહ ભાઈ વાહ, અમેય આટલું તો ભણ્યા નહોતા, હોં ! પણ દીકરા જો, આ વૈદું તો આપણા ઘરનો ધંધો. તારા બાપને થોડું શીખવ્યું છે, પણ તેનો સ્વભાવ આકરો છે એટલે લોકો હારે બહુ ફાવતું નથી. તું જો થોડાં વરસ મારી પાસે રહેને, તો મારાથી સવાયો બનાવી દઉં."[૨]

ભાવનગરના એક વખતના પ્રખ્યાત વૈદ ભવાનીશંકરના ઉપર્યુક્ત શબ્દોમાં પેઢી દર પેઢી ધંધાકીય સાતત્ય જાળવવાની ખેવના પણ પ્રતિબિંબિત થઈ છે. નર્મદ (૧૮૩૩-૧૮૮૬)ના પિતા લાલશંકર પણ લહિયાનું કામ એમના પિતા પાસેથી શીખ્યા હોવાનો ઉલ્લેખ નર્મદે એની આત્મકથામાં કર્યો છે.[3] ગામઠી શિક્ષણપ્રથાની સમીક્ષા કરતાં એ નિશાળો પણ મોટેભાગે વંશપરંપરાગત ચલાવવામાં આવતી હોવાની નોંધ લેવાઈ ચૂકી છે.

નવી શિક્ષણપ્રથાના પ્રારંભ અને વિકાસ પહેલાં, કેટલાક બ્રાહ્મણ વિદ્યાર્થીઓ સંસ્કૃતના વિશેષ અધ્યયન માટે શાસ્ત્રીઓને ત્યાં પણ જતા. પરંતુ અહીં પણ, શિક્ષણસંસ્થા, શાસ્ત્રીનું ઘર જ રહેતી, એ લક્ષમાં રાખવું ઘટે. આવા શાસ્ત્રીઓ પાસેથી મળતા શિક્ષણના સ્વરૂપનો ખ્યાલ ઝંડુ ભટ્ટજીના જીવનચરિત્રમાંથી મળે છે :

"આ બધું નિત્યકર્મ શીખી લીધા પછી એમણે (ઝંડુ ભટ્ટજીએ) જામનગરના ઉત્તમ શાસ્ત્રી મહીધર હરિભાઈ પાસે સંસ્કૃતનો રીતસર અભ્યાસ શરુ કર્યો, અને પોતાના પિતાજી પાસે થોડે થોડે વનસ્પતિ ઓળખવી, દવાઓ કેમ બને છે એ જોવું વગેરે- વૈદોની કેળવણી લેવા માંડી. મહીધર શાસ્ત્રી પાસે ઝંડુ ભટ્ટ સારસ્વત વ્યાકરણનો કેટલોક ભાગ (ઘણું કરીને ૫ વૃત્તિ) અમરકોષ થોડો અને રઘુવંશ કાવ્યના કેટલાક સર્ગો ભણ્યા. એ વખતમાં સંસ્કૃત ભણવાની શૈલી એવી જ હતી. પહેલાં વ્યાકરણ અને કોષથી શરુઆત કરતા, અને પછી કાવ્ય શીખતા. વ્યાકરણ, કોષ અને કાવ્યના અભ્યાસથી સાધારણ સંસ્કૃત સમજી શકે, અર્થાત્ વ્યુત્પત્તિ થઈ જાય એટલે જેને જે ધંધાનું કામ હોય તેનું ખાસ શિક્ષણ શરુ કરતા, જ્યોતિષનો ધંધો કરવો હોય એ જ્યોતિષના ગ્રંથો

શરૂ કરે, પુરાણી થવું હોય એ શ્રીમદ્ ભાગવત શરુ કરે, શુકલવૃત્તિ કરવી હોય એ ક્રિયામણના ગ્રંથો શીખે, વૈદું કરવું હોય એ ભાવપ્રકાશ, શાર્ઙ્ગધર વગેરે વૈદના ગ્રંથો શીખે. માત્ર જેને શાસ્ત્રી થવું હોય એ જ વ્યાકરણ પૂરું કરે, અને કાશી જેવે સ્થળે જઇ વ્યાકરણ ન્યાય વગેરેમાં યથાશક્તિ યથામતિ પારંગત થઇ આવે. અથવા દેશમાં જેટલું શીખાય તેટલું શીખીને પછી પોતપોતાનો ધંધો શરુ કરે, પણ જ્યારે કોઇ વિદ્વાન બ્રાહ્મણ, સાધુ કે સન્યાસી ફરતો ફરતો આવી ચડે ત્યારે એની પાસેથી મનગમતી વધારે વિદ્યા મેળવી લીયે. આ રીતે પાછલો અભ્યાસ તો એ વખતમાં યાવજ્જીવિત ચાલતો."[૪]

આમ, નવી કેળવણીના પ્રારંભ અને વિકાસ પહેલાં શાસ્ત્રીઓ દ્વારા બાહ્મણ બાળકોને ઘરગથ્થુ શિક્ષણ આપવાની પદ્ધતિ પ્રચલિત હતી. જ્યોતિષ, વૈદક, કથાવાર્તા, શુકલવૃત્તિ આદિ વ્યવસાયોમાં સંસ્કૃતનું જ્ઞાન પાયાનું હોવાથી શાસ્ત્રીઓ પ્રથમ દરેક વિદ્યાર્થીને સંસ્કૃતના વ્યાકરણ શબ્દો વગેરેનું સામાન્ય જ્ઞાન આપતા અને પછી એમને જે તે વ્યવસાય માટેના વિશિષ્ટ ગ્રંથોનું શિક્ષણ આપતા. વિદ્યાવ્યાસંગ એ જમાનાનું સામાન્ય લક્ષણ હતું અને વિદ્વાન સાધુ-સન્યાસીઓ ઉચ્ચ વિદ્યાપ્રાપ્તિનો મહત્ત્વનો સ્ત્રોત બની રહેતા એમ પણ ઉપર્યુક્ત ટાંચણમાંથી ફલિત થાય છે.

શાસ્ત્રીઓની શિક્ષણ આપવાની પદ્ધતિ આજની શાળા-મહાશાળાઓની જેમ સામુદાયિક નહીં, પરંતુ બહુધા વૈયક્તિક રહેતી :

"જૂની રીતની શાળાઓમાં શાસ્ત્રીઓને એક સાથે આખો ક્લાસ ભણાવવો ન પડતો. એઓ આખો દિવસ ઘેર બેઠા હોય અને જૂદા જૂદા વિદ્યાર્થીઓ પોતાની ફુરસદે ગુરુ પાસે આવી પોતાનો પાઠ લઇ જતા અને ગુરુનું કામ કરી જતા. આ ધોરણમાં એક સાથે એક જ વિદ્યાર્થી ઉપર ગુરુને ધ્યાન આપવાનું હતું. વળી એ જૂના શાસ્ત્રીઓ એવી રીતે શીખવતા તથા સમજાવતા કે વિદ્યાર્થીની યાદશક્તિ નહિ પણ બુદ્ધિ ખીલે, એ જાતે સમજતાં શીખે."[૫]

ગુરુ-શિષ્ય વચ્ચેના નિકટના સંબંધો, વ્યક્તિગત ધ્યાન વગેરેને લીધે આ પ્રકારની શિક્ષણવ્યવસ્થામાં વિદ્યાપ્રાપ્તિની ઝડપ અને કક્ષા સામાન્ય રીતે ઊંચી રહેતી

હશે, એમ કહી શકાય.

બ્રાહ્મણબાળકોના શિક્ષણ માટે, નવી કેળવણીના પ્રારંભ અને વિકાસ પહેલાં આમ ઘરગથ્થુ શિક્ષણ આપવાની ઉપર્યુક્ત વ્યવસ્થા પ્રચલિત બની હતી.

અધ્યયનકાલ દરમ્યાન ગામઠી નિશાળોએ મુખ્યત્વે વૈશ્ય વિદ્યાર્થીઓની જરૂરિયાત સંતોષવાનું કાર્ય કર્યું હતું. એની નોંધ પૂર્વે લેવાઇ ગઇ છે. પરંતુ ગામઠી નિશાળોમાં મળતું શિક્ષણ ધંધાકીય ક્ષમતા ખીલવવા પૂરતું નહોતું, પરિણામે વૈશ્ય વિદ્યાર્થીઓ શરાફ કે મારફતિયાની પેઢીઓમાં થોડો સમય ઉમેદવારીથી કામ કરતા અને ધંધાકીય જ્ઞાન મેળવતા એનો ઉલ્લેખ પણ ગામઠી શિક્ષણપ્રથાની સમીક્ષા કરતાં કર્યો છે. આવા ઉમેદવારોને નામું લખવાની રીત, વ્યાજ ગણવાની રીત, વટાવ વગેરેની ગણતરી આદિની તાલીમ આવી પેઢીઓમાં મળતી. એવી તાલીમ પ્રાપ્ત કર્યા બાદ એમને ગુમાસ્તા તરીકે પગાર મળવો શરૂ થતો અને હોશિયાર ગુમાસ્તાઓને મુનીમ કે ડીલીધર તરીકે બઢતી મેળવવાનો અવકાશ રહેતો.

ક્ષત્રિય બાળકો માટે, ઉપરના જેવી કોઇ વિશિષ્ટ શિક્ષણવ્યવસ્થા હતી કે કેમ, એનો કોઇ નિર્દેશ અધ્યયન સાહિત્યમાંથી મળતો નથી. શુદ્ર બાળકોના શિક્ષણ માટે કોઇ વિશિષ્ટ શિક્ષણવ્યવસ્થા નહોતી એટલું જ નહીં, પરંતુ નવી કેળવણીના પ્રારંભ પછી ઘણા લાંબા સમય સુધી એમનો સામાજિક સ્વીકાર થયો નહોતો, એટલે એ વર્ણનાં બાળકો સામાન્ય શિક્ષણની તકોથી પણ વંચિત રહેવા પામ્યાં હતાં. આમ છતાં, આ ઉભય વર્ણના બાળકો નવી કેળવણીપ્રથા વ્યાપક બનતાં પહેલાં વંશપરંપરાગત ધંધાકીય તાલીમ ઘરઆંગણે જ મેળવતાં હશે એ સમજી શકાય એમ છે.

(૨) કેળવણીની સંસ્થા તરીકે ઘર-કુટુંબનું સ્વીકારાયેલું મહત્ત્વ : બાળકની સાચી કેળવણી શાળાપ્રવેશ પહેલાં કુટુંબમાં જ શરૂ થઇ જાય છે અને કુટુંબ એની કેળવણીમાં મહત્ત્વનો ભાગ ભજવે છે, એ હકીકતની સૈદ્ધાંતિક અને વ્યાવહારિક સ્વીકૃતિ દર્શાવતાં કેટલાંક પ્રમાણો અધ્યયન ચરિત્રસાહિત્યમાંથી ઉપલબ્ધ થાય છે. ગાંધીજી (૧૮૬૯-૧૯૪૮) તેમની આત્મકથામાં, પહેલાં પાંચ વર્ષ દરમ્યાન બાળકની કેળવણીની દૃષ્ટિએ મહત્ત્વનાં નથી એવી ભ્રાંતિનું નિરસન કરતાં એનો પ્રારંભ ગર્ભાધાનથી થતો હોવાની રજૂઆત નીચે પ્રમાણે કરે છે :

"આપણામાં એવો વહેમ છે કે, પહેલાં પાંચ વર્ષ બાળકને કેળવણી પામવાપણું

હોતું નથી. ખરી વાત એ છે કે, પહેલાં પાંચ વર્ષમાં બાળક જે પામે છે તે પછી પામતું જ નથી. બાળકની કેળવણી માતાના ઉદરમાંથી શરૂ થાય છે એમ હું અનુભવથી કહી શકું છું. ગર્ભાધાનકાળની માતાપિતાની શારીરિક તેમજ માનસિક સ્થિતિની અસર બાળક ઉપર પડે છે. ગર્ભકાળની માતાની પ્રકૃતિ, માતાના આહારવિહારનાં સારાં માઠાં ફળનો વારસો લઇ બાળક જન્મે છે. જન્મ્યા પછી તે માતાપિતાનું અનુકરણ કરતું થઇ જાય છે. અને જાતે અપંગ હોવાથી તેના વિકાસનો આધાર માતાપિતા ઉપર રહે છે."[૬]

માતાપિતાની મનોશારીરિક સ્થિતિનો વારસો ગર્ભસ્થ શિશુને મળતો હોવાથી અને ગર્ભધારણકાલ દરમ્યાનની માતાની પ્રકૃતિ અને આહારવિહારની પણ બાળકના વ્યક્તિત્વઘડતરમાં વિધાયક કે નિષેધક અસરો થતી હોવાથી, ગાંધીજી ઉચિત રીતે જ પોતાનાં બાળકોને યોગ્ય રીતે ઉછેરવા ઇચ્છતાં માબાપો માટે બાળઉછેર વગેરેના સામાન્યજ્ઞાનની આવશ્યકતા પર ભાર મૂકે છે.[૭] ગર્ભધારણકાલ દરમ્યાન અને તે પછીય બાળકના વિકાસનો આધાર મોટેભાગે માબાપ ઉપર રહેતો હોય છે, પરંતુ સામાન્ય પરિવારોમાં તો એ વિશે અજ્ઞાન જ પ્રવર્તતું હોય છે, એવો સંકેત પણ ગાંધીજીના વિચારોમાંથી પ્રાપ્ત થાય છે. વળી, જન્મ પછી માતાપિતાના અનુકરણમાંથી બાળક ઘણું શીખે છે, એમ દર્શાવી ગાંધીજી બાળકોના તંદુરસ્ત વિકાસ માટે અનુકરણીય અને પ્રોત્સાહક પારિવારિક પર્યાવરણ પૂરું પાડવાની જરૂરિયાત પર પણ ગર્ભિત રીતે ભાર મૂકે છે. ગાંધીજી એમ પણ દર્શાવે છે કે એમણે દાખવેલી એતદ્‌વિષયક જાગૃતિનો લાભ એમની સંતતિને મળ્યો છે.

ગાંધીજીના ઉપર્યુક્ત વિચારો, અધ્યેયકાલ દરમ્યાન જાગૃત પરિવારોમાં બાળકોના ઘડતર અંગે લેવાતી કાળજીનો અને સામાન્ય પરિવારોમાં પ્રવર્તમાન એતદ્‌વિષયક અજ્ઞાનનો સંકેત આપે છે.

સર વિઠ્ઠલદાસ દામોદર ઠાકરસી (૧૮૭૩-૧૯૨૨)ના જીવનચરિત્રના લેખક કલ્યાણરાય નથુભાઇ પણ, બાળકોની કેળવણીનો પ્રારંભ શાળાપ્રવેશ પહેલાં થતો હોવાના અને એમના તંદુરસ્ત વિકાસ માટે વિશુદ્ધ વાતાવરણ પૂરું પાડવાની આવશ્યકતા રહેતી હોવા વિશેના ગાંધીજીના ઉપર્યુક્ત વિચારોનું સમર્થન, ચરિતનાયકના બાલ્ય અને ઉછેરની

વિગતો આપતાં, નીચેના શબ્દોમાં કરે છે :

"માણસાઇના વિકાસની નિશાળ કંઇ મહેતાજીની નિશાળમાં દાખલ થયાના દિવસથી શરૂ થતી નથી, પરંતુ બાળકમાં ઇંદ્રિયબોધ થવા લાગે અને જ્ઞાનની ઉપલબ્ધિ જાગતી થાય ત્યારથી જ માણસાઇને વિકાસ આપનાર શાળાની શરૂઆત થઇ જાય છે. તેથી બચપણના આવરણ-સંજોગ-સહવાસ જેમ બને તેમ વિશુદ્ધ, શિષ્ટ અને ઉન્નત હોવાની અગત્ય શિક્ષણશાસ્ત્રીઓ મોટે અવાજે જાહેર કરી રહયા છે."[૮]

ચરિતનાયક વિઠ્ઠલદાસને બાલ્યકાળમાં 'વિશુદ્ધ, શિષ્ટ અને ઉન્નત' વાતાવરણ પ્રાપ્ત થયું, એમાં એમની સફળતાનું રહસ્ય લેખક જુએ છે.

અમૃલાલ લાલજી ઓઝા (૧૮૯૦-૧૯૪૫)ના બાલ્ય અને ઉછેરની સમીક્ષા કરતાં ચરિતલેખક, શિક્ષણના 'આંતરિક' અને 'બાહય' એવા બે પ્રભેદો દર્શાવી 'આંતરિક' શિક્ષણ ધર્મગુરુઓ અને માતાપિતા તરફથી મળે છે એવી નોંધ લે છે.[૯] વળી, ચરિતનાયકને મળેલા 'આંતરિક' શિક્ષણનો નિર્દેશ કરતાં લેખક એ શિક્ષણ શી રીતે પ્રાપ્ત થાય છે અને એનું મહત્ત્વ કેટલું છે તે પણ નીચે પ્રમાણે વર્ણવે છે :

"કુમળા ઝાડને જેમ વાળીએ તેમ વળે છે, એ પ્રમાણે નાના બાળકોને જેવું શિક્ષણ આપીએ તેવું જ તે ગ્રહણ કરે છે. માબાપના સંસ્કારો, કુટુંબીઓની રીતભાતો અને પાડોશીઓના અનુકરણો બાળકો કરતાં શીખે છે. જેમ નાનું બાળક દેખાદેખીએ ચાલતાં અને બોલતાં શીખે છે, ખાતાંપીતાં શીખે છે તે પ્રમાણે અન્ય કાર્યોમાં પણ દેખાદેખીએ સારા કે નરસા આચરણો જેવાં અનુભવો તેવા સંસ્કારો બાળકોમાં આવે છે. .....નાની બાળકોને તમારે જેવા બનાવવા હોય તેવું શિક્ષણ નાનપણમાંથી જ આપવાની કાળજી રાખવી જોઇએ. હીરાને જેવા પાસા પાડવા હોય છે અને જેવો ચળકતો બનાવવો હોય છે તે પ્રમાણે ઝવેરીઓ બનાવી શકે છે. સુવર્ણકારો સુવર્ણના જેવા ઘાટના દાગીનાઓ બનાવવા હોય છે, તેવા બનાવી શકે છે.[૦] બાળકોના ભાવી જીવનનો આધાર નાનપણના

---

૦ લેખકે બાળકની સરખામણી અહીં 'હીરા' અને 'સુવર્ણ' સાથે કરી છે. પરંતુ તેને આધુનિક શૈક્ષણિક મનોવિજ્ઞાનનું સમર્થન પ્રાપ્ત થતું નથી. વાસ્તવમાં, હીરા અને સુવર્ણ નિર્જીવ પદાર્થો છે, જ્યારે બાળક ચેતનમય સજીવ પ્રાણી છે. તેના વિકાસની દિશા, ગતિ, અને મર્યાદાઓ અંકાયેલી હોય છે. એને આંબી જઇ શકાય નહિ. હીરા અને સુવર્ણ ઇચ્છા-મુજબ ઘાટ ઘડી શકાય તેમ છે.

શિક્ષણ ઉપર છે, અને તેની જવાબદારી ખરી રીતે માતાપિતા અને અન્ય સ્વજનોની છે."[૫૦]

ઉપર્યુક્ત અવલોકનમાં, ચરિત લેખક ગાંધીજી અને કલ્યાણરાયની જેમ, બાળકોની કેળવણીનો પ્રારંભ શાળાપ્રવેશ પહેલાં જ થઇ જતો હોવાનું સ્વીકારે છે અને પરિવારને એવા પૂર્વશાળાશિક્ષણની મહત્ત્વની સંસ્થા ગણે છે. લેખક અહીં જરા વિગતે, બાળકો પારિવારિક પર્યાવરણમાંથી શિક્ષણ શી રીતે પ્રાપ્ત કરે છે, તે દર્શાવે છે અને એમના ભાવી વિકાસનો આધાર મહદ્અંશે પારિવારિક પર્યાવરણમાંથી પ્રાપ્ત થતા 'આંતરિક' શિક્ષણ ઉપર રહે છે એમ સૂચવે છે. વળી, આવું શિક્ષણ પૂરું પાડવાની જવાબદારી પણ તે બાળકોનાં માતાપિતા અને સ્વજનોની ગણે છે. ચરિતનાયક અમૃતલાલ લાલજી ઓઝાનાં જીવનસાફલ્ય અને વ્યાવસાયિક ઉન્નતિમાં એમને બાળપણમાં પરિવારમાંથી પ્રાપ્ત થયેલા આવા 'આંતરિક' શિક્ષણે મહત્ત્વનો ભાગ ભજવેલો એવું પ્રતિપાદન પણ લેખક કરે છે.

ભારતના સર્વપ્રથમ મહિલા વિશ્વવિદ્યાલયની સાથે જેનું નામ જોડાયેલું છે, એવાં શ્રીમતી નાથીબાઇ દામોદર ઠાકરસીની 'સમ્ભાવ્ય શક્તિ'નો ક્રમશઃ વિકાસ કૌટુંબિક પર્યાવરણમાં જ સધાયો હતો, એમ દર્શાવતાં સર વિઠ્ઠલદાસ દામોદર ઠાકરસીના જીવનચરિતકાર નોંધે છે કે "કોઇ પણ મોટી કોલેજમાં રહીને જે શિક્ષણ માણસ મેળવે છે તેના કરતાં ગુજરાતની ગૃહિણી-આર્યગૃહિણી પોતાના ગૃહસ્થાશ્રમના સફલ જીવનમાંથી કોઇ વાર વધારે વિકાસ મેળવી શકે છે."[૫૧] શ્રીમતી બચુબાઇ કાનજી ભાટિયા (૧૮૭૭-૧૯૫૭)ના અનૌપચારિક શિક્ષણની પૂર્તિ એમના વડીલોની દેખરેખ નીચે ઘરઆંગણે મળતી કેળવણી દ્વારા થયેલી એ હકીકતનો નિર્દેશ કરતાં, ચરિતલેખક બાળકોના ઘડતરમાં માતાપિતા અનેઅન્ય વડીલોની જાગૃતિ સિવાય શાળામહાશાળાઓમાં પ્રાપ્ત થતી કેળવણી અધૂરી જ રહે એમ દર્શાવે છે અને નોંધે છે કે "કેળવણીની પૂર્ણતા તો ત્યારે જ થશે કે જ્યારે 'ગૃહદેવીઓ' અને 'કુટુંબના અગ્રણીઓ' ઊંડી ચારિત્ર્યની છાપ અને પવિત્ર સંસ્કાર પોતાના ખોળામાં બેસવા આવતાં 'દેવનાં રમકડાંઓ' પર બાળપણથી પાડવા તત્પર રહેશે."[૫૨]

શ્રીમતી નાથીબાઇ અને શ્રીમતી બચુબાઇના જીવનવિકાસના ઉપર્યુક્ત ઉલ્લેખો પરથી, શિક્ષણની એક સંસ્થા તરીકે કુટુંબનું ઉત્તરદાયિત્વ, અધ્યેયકાલ દરમ્યાન

કેટલાંક પરિવારોને સમજાયું હતું એમ માનવાને આધાર પ્રાપ્ત થાય છે. વિશેષત: કન્યાકેળવણી-વિરોધી માનસ ધરાવતા અધ્યેયકાલમાં કુટુંબ, કન્યાઓને સુગૃહિણી બનવાની તાલીમ આપનારી મહત્ત્વની સંસ્થા હતી. પ્રાય: દરેક માતાનું ધ્યાન દિકરી પોતાની 'ડુખ ઉજાળે' એવી તાલીમ આપવા પર રહેતું, જેની નોંધ આગળ લેવાઇ ગઇ છે.

અધ્યેયકાલ દરમ્યાન પોતાનાં બાળકોની કેળવણીમાં, કેટલાંક માતાપિતા પ્રત્યક્ષપણે સક્રિય રસ દાખવતાં હોવાનાં કેટલાંક અન્ય પ્રમાણો પણ અધ્યિત સાહિત્યમાંથી મળે છે. રણછોડદાસની નાની ઉંમરમાં એમનાં માતુશ્રીનું નિધન થતાં એમના અન્ય ભાઇઓ સહિત એમને કેળવણી આપવાનું કાર્ય એમના પિતા ગીરધરદાસે ઉપાડેલું :

"ગીરધરભાઇને ત્રણ પુત્ર, વડીલ રણછોડદાસ, વચલા ગોરધનદાસ ને કનિષ્ઠ જગન્નાથ. ત્રણ પુત્રોને કુમળી વયથી જ સદભકતીને સદાચાર શીખવેલો. સ્વચ્છતા રાખવી, પ્રમાણિકપણું સાચવવું એવી ઘણી શીખામણો દેવાથી તે પણ સારા કેળવાયા. દેશી નામાની રીત, સંસ્કૃત તથા ભાષાનાં (હીંદુસ્તાની ભાષાનાં) પુસ્તકો વાંચવા સમજવા ને શુધ્ધ લેખન પધ્ધતી તથા સારા મશોકદાર અક્ષર લખવા વગેરે બાબતોમાં એ પુત્રો સારા હુંશીઆર નીવડયા."[૬૩]

મગનલાલ દલપતરામ કવિ (૧૮૬૪-૧૯૦૧)ના પ્રથમ શિક્ષક એમનાં માતા શી રીતે બન્યાં, એનો નિર્દેશ કરતાં ચરિતલેખક ઘરને કેળવણીની પ્રથમ સંસ્થા ગણે છે અને એમાંથી મળતાં સંસ્કારો ચિરંજીવ હોય છે, એમ પણ દર્શાવે છે :

"ખરી કેળવણી ઘર આગળથી શરૂ થાય છે. એક માતા સો શિક્ષકની બરોબર છે. તે પ્રમાણે નામ પ્રમાણે ગુણવાળા પ્રાત:સ્મરણીય માતુશ્રી રેવાબાના ખોળામાં તેમને (મગનલાલને) જે કેળવણી મળી તથા ધર્મ, નીતિ, ન્યાય તથા સદાચારના જે સંસ્કાર તેમના માતાપિતા તરફથી મળ્યા તે મોટપણે કાયમ રહયા હતા અને તેમના જીવનમાં ઉતરેલા આપણે જોયા છે."[૬૪]

ચરિત્રસાહિત્યમાંથી પ્રાપ્ત થતા ઉપર્યુકત સઘળા સંદર્ભો પરથી ફલિત થાય છે કે, અધ્યેયકાલ દરમ્યાન એક શિક્ષણસંસ્થા તરીકેનું કુટુંબનું મહત્ત્વ વણપ્રીછ્યું નહોતું.

કેળવણી એ શાળાની ચાર દિવાલોમાં સમાઇ જતી માહિતી-સ્વીકારની જે પ્રક્રિયા નથી, પરંતુ બાળકના જન્મથી શરૂ થતી સર્વાંગીણ ઘડતરની પ્રક્રિયા છે, એ હકીકતને સૈદ્ધાંતિક અને વ્યાવહારિક સ્વીકૃતિ પ્રાપ્ત થઇ હતી. જન્મ પછીનાં કેટલાંક વર્ષો બાળકના ઘડતરની દૃષ્ટિએ, ઘણાં જ મહત્ત્વનાં છે, અને એ સમય દરમ્યાન બાળકનાં વૃદ્ધિ અને વિકાસની જવાબદારી મહદ્અંશે માબાપ અને પરિવારના અન્ય વડીલોની છે, એ સત્ય પણ ક્રમશઃ વધારે ને વધારે સ્પષ્ટ થતું જતું હતું. નવી પદ્ધતિની કેળવણીના પ્રસાર સાથે આવા વિચારો વધુ વ્યાપક બન્યાં હશે, એવા અનુમાન પર સરળતાથી આવી શકાય. કેટલાંક સંસ્કારી કુટુંબોમાં બાળકોમાં પ્રારંભથી જ સુટેવો અને સદ્ગુણોનું સિંચન થાય એવા જાગરૂક પ્રયત્નો પણ કરવામાં આવતા હતા.

(૩) ઘર : ધાર્મિક - નૈતિક શિક્ષણ અને સંસ્કારો પૂરા પાડતી સંસ્થા : ભારતીય પ્રજા અતિ પ્રાચીન, સમૃદ્ધ આધ્યાત્મિક વારસો ધરાવે છે. એની પ્રાચીન શિક્ષણપ્રણાલીમાં આ વારસો શિક્ષણ સાથે સમરસ થઇ ગયો હતો. મધ્યકાલીન શિક્ષણપ્રણાલીએ પણ કેટલેક અંશે એનું સાતત્ય જાળવેલું. નવી શિક્ષણપ્રથામાં ધાર્મિક, નૈતિક અને આધ્યાત્મિક બાબતોની ઉપેક્ષા થવાથી ભારતીય પ્રજા એના ગૌરવાન્વિત સાંસ્કૃતિક વારસાથી વંચિત થવા લાગી. બ્રિટિશ શાસકોએ સ્વીકારેલી ધાર્મિક અને નૈતિક મૂલ્યોથી વંચિત શિક્ષણનીતિ, આ માટે જવાબદાર હતી. અધ્યેયકાલ દરમ્યાન નવી શિક્ષણપ્રથાની આ મર્યાદા ધીમે ધીમે સ્પષ્ટ થવા લાગી હતી. વિશેષતઃ ૧૯૦૫ પછી ભારતમાં રાષ્ટ્રીય શિક્ષણનો જે વિચાર વહેતો થયો અને પ્રાચીન ગુરુકુલ પદ્ધતિએ શિક્ષણ આપવાના જે છૂટાછવાયા પ્રયત્નો થયા, એમાં નવી કેળવણીની આ મર્યાદા દૂર કરી ભારતીય પ્રજાના આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસાને અનુરૂપ શિક્ષણ આપનારી વિશિષ્ટ શિક્ષણપ્રથા વિકસાવવાની સ્તુત્ય ભાવના હતી.

અંબાલાલભાઇ (૧૮૪૪-૧૯૨૪)ના જીવનચરિત્રમાં બળવંતરાય ઠાકોરે નવી શિક્ષણપ્રથાની ધર્મવિમુખતાના પરિણામે પ્રજાજીવનમાં ઊભી થનારી ઊણપનો નિર્દેશ નીચે પ્રમાણે કર્યો છે.

> "પરંતુ એ (બ્રિટિશ) શિક્ષણમાંની ભાવનાઓ સંસ્કારી માનવ જીવનના આખા પ્રદેશને માટે પર્યાપ્ત નથી. અંગ્રેજોના જીવનમાં, એમના કુટુમ્બોમાં, પ્રજા તરીકેના તેમના ઉત્સવ અને ગમીના પ્રસંગોમાં, તેમ ખ્રિસ્તીઓ અને

મુસ્લિમોની સ્વતંત્ર ખાનગી શાળા પાઠશાળાઓમાં ધર્મવિમુખતા છે જ નહીં. આપણે હિન્દુઓ કેવળ ધર્મવિમુખ બનીશું તો આખું જીવન લંગડું પડી જશે."[૧૫]

બળવંતરાય ઠાકોરની ઉપર્યુક્ત ભીતિ સાચી ઠરી છે, એમ કહેવાની જરૂર રહેતી નથી. અમૃતલાલ લાલજી ઓઝા (૧૮૯૦-૧૯૪૫) એ પણ પાશ્ચાત્ય શિક્ષણપ્રથાએ અપનાવેલી ધર્મવિમુખ નીતિને કારણે 'નીતિ અને ધર્મના જીવનસિદ્ધાંતોનો વ્યવહારમાં અમલ કરવાનો આચારધર્મ હિંદુ સમાજમાંથી ક્ષીણ થતો જાય છે' એવો નિર્દેશ પોતાના એક વક્તવ્યમાં કર્યો હતો.[૧૬] ગાંધીજી બાલ્યકાળમાં એમને પ્રાપ્ત થયેલા ધાર્મિક અનુભવોનું બયાન કરતાં પ્રારંભમાં જ નોંધે છે કે "છ કે સાત વર્ષથી માંડીને હવે સોળ વર્ષનો થયો ત્યાં સુધી અભ્યાસ કર્યો, પણ ક્યાંયે ધર્મનું શિક્ષણ નિશાળમાં ન પામ્યો. શિક્ષકો પાસેથી સહેજે મળવું જોઇએ તે ન મળ્યું એમ કહેવાય."[૧૭]

અલબત્ત, ગાંધીજી અહીં ધર્મનો ઉદાર અર્થ કરે છે, એ નોંધવું રહ્યું. અનેક ધર્મો પાળતી પ્રજાના દેશમાં જાહેર શિક્ષણવ્યવસ્થામાં, રૂઢ અર્થમાં ધાર્મિક શિક્ષણ આપવાની નીતિ સરકાર ન સ્વીકારી શકે એ તો દેખીતું છે, પરંતુ એથી સર્વધર્મોમાં સમાનપણે રહેલાં નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોનું શિક્ષણ આપવાની જવાબદારીનો છેદ ઉડી જતો નથી. બ્રિટિશ કેળવણીની આ એક મોટી ત્રૂટિ હતી. એને પરિણામે યુવા પેઢીનું ચારિત્ર્યઘડતર સંગીન રીતે થતું નહોતું, એવો સૂર ચરિત્રસાહિત્યમાંથી નીકળે છે. અત્રે એની વધુ વિગતોમાં ઉતરવાનું અભિપ્રેત નથી. પરંતુ એક તરફ નવી શિક્ષણપ્રથા પ્રજાને ભૌતિકવાદી બનાવી એની ધર્મશ્રદ્ધાનો હ્રાસ નોતરી રહી હતી ત્યારે બીજી તરફ ઘર-કુટુંબ સંસ્થાએ પાંગરતી પ્રજાને ધાર્મિક શિક્ષણ અને સંસ્કારો આપવાની તેની પ્રાચીન પ્રણાલી જાળવી રાખી હતી, એની નોંધ લેવી ઘટે. આ હકીકતનું સમર્થન કરતાં વિપુલ પ્રમાણો ચરિત્રસાહિત્યમાંથી ઉપલબ્ધ થાય છે.

પ્રાયઃ દરેક બ્રાહ્મણ બાળકને અધ્યયનકાલ દરમ્યાન ઉપવિત ધારણ કર્યા પછી ધાર્મિક શિક્ષણ અને સંસ્કારો આપવાની પ્રથા હતી. નર્મદ એની આત્મકથામાં નોંધે છે કે 'આઠમે વર્ષે સંવત ૧૮૯૭ના વૈશાખમાં મને સુરતમાં જનોઇ દીધું હતું, એ સંસ્કાર થયા પછી એક પાસથી મેં સંધ્યા, રૂદ્રી અને વેદ ભણવો શરૂ કરયો ને બીજી પાસથી સરકારી ગુજરાતી નિશાળે જવા માંડયું.'[૧૮] ઝંડુ ભટ્ટજીના જીવનચરિત્રમાં જણાવાયું

છે કે 'એ વખતમાં યજ્ઞોપવીત પછી ગાયત્રી, સંધ્યા વગેરે દ્વિજ કર્મ પ્હેલું શીખવું પડતું'.[૧૯] છોટાલાલ નરભેરામ ભટ્ટ (૧૮૫૦-૧૯૩૭), નાનાભાઇ કાલિદાસ ભટ્ટ (૧૮૮૨-૧૯૬૧) વગેરે એ પણ એમને ધાર્મિક શિક્ષણ અને સંસ્કારો પારિવારિક પર્યાવરણમાંથી પ્રાપ્ત થયા હોવાની નોંધ, એમની આત્મકથાઓમાં લીધી છે.

વૈષ્ણવ કુટુંબોનાં બાળકોને પણ ધાર્મિક સંસ્કારો કૌટુંબિક વાતાવરણમાંથી પ્રાપ્ત થતા. કેટલાંક પરિવારોમાં બાળકોને ધર્મ, નીતિ અને સદાચારનું શિક્ષણ આપવા કુટુંબોના વડીલો પણ ખૂબ જાગૃત રહેતા, એમ દર્શાવતાં પ્રમાણો પણ ચરિત્રસાહિત્યમાંથી મળે છે. ગુજરાતની અર્વાચીન કેળવણીના પિતા રણછોડદાસને 'સદ્ભક્તી અને સદાચાર'ના સંસ્કારો એમના પિતા પાસેથી પ્રાપ્ત થયેલા એ હકીકતનો ઉલ્લેખ આગળ થઇ ચૂકયો છે. એ રણછોડદાસ ઝવેરીના પૌત્ર કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી (જ. ૧૮૬૮), એમને પરિવારમાંથી પ્રાપ્ત થયેલા ધાર્મિક સંસ્કારો કેટલા દૃઢ અને ચિરંજીવ હતા, એનું બયાન નીચેના શબ્દોમાં કરે છે :

> "મારા પિતાશ્રીના વખતથી હમારા કુટુંબમાં દીવેટિયા ભોળાનાથ સારાભાઇવાળી ઇશ્વરપ્રાર્થનામાળા વપરાતી થઇ. ઇશ્વરમાં મન પરોવવું એ સિધ્ધાંત મન પર ઠસાવવામાં આવેલો. આજે[X] પણ રોજ સવારે પ્રાર્થનામાળામાંથી એક પ્રાર્થના વાંચી પછી જ રોજનું કામ શરૂ કરું છું, રાત્રે દશ વાગ્યે સૂતી વખતે પ્રાર્થનામાળામાંથી એક આરતી અને નરસિંહ મહેતાનાં ત્રણ ભજન.....ગાઇ.....સૂઇ જાઉં છું."[૨૦]

રમણલાલ વસંતલાલ દેસાઇ (૧૮૯૨-૧૯૫૫) બાલ્યકાળના ઘડતરમાં 'શાળા, રમત અને ઉત્સવ ઉપરાંત ગૃહ પણ મહત્ત્વનું અંગ છે' એમ દર્શાવી ગૃહજીવનમાંથી એમને પ્રાપ્ત થયેલા ધાર્મિક સંસ્કારોની વિગતો આપે છે. એના પરથી કેટલાંક વૈષ્ણવ કુટુંબોમાં બાળકોને શીખવાતા કડક વૈષ્ણવી આચારની ઝાંખી થાય છે :

> "દાદા અને દાદી પ્રભાતથી ધર્મકાર્યમાં પરોવાયલાં જરહે. હું પણ વહેલો નાહી લેતો - જ્યાં સુધી જનોઇ દીધું ન હતું ત્યાં લગી. જનોઇયાળથી નાહ્યા વગર જમાય જ નહિ એવો કાયદો જનોઇ દીધા પછી મારા

X 'દીવાન બહાદુર કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીનાં સંસ્મરણો' સંપાદિત કૃતિ છે અને તેનું પ્રકાશન વર્ષ ઉપલબ્ધ થતું નથી.

જીવનમાં દાખલ થયો એટલે વહેલા નહાવાનું અદૃશ્ય થયું, અને જમતા પહેલાં નહાવાની - અને અંધોળ પાળવાની પ્રથા દાખલ થઇ."[૨૧]

દેસાઇ, એમનાં પ્રાથમિક શિક્ષણના વર્ષોમાં, 'દાદા ! મને ભગવાનની વાત કહો' એમ કહેતા, ત્યારે એમના દાદા પાસેથી 'ભાગવત, રામાયણ અને મહાભારતનો આખો ભંડાર ખૂલી જતો' એ હકીકતની નોંધ પણ એમની આત્મકથામાં લે છે.[૨૨] ગાંધીજી પણ પોતાને બાળપણમાં ધાર્મિક સંસ્કારો હવેલી ઉપરાંત માતાપિતા દ્વારા પ્રાપ્ત થયા હોવાની નોંધ એમની આત્મકથામાં લે છે.[૨૩]

મગનલાલ દલપતરામ કવિ[૨૪], સરદાર વલ્લભભાઇ પટેલ[૨૫] (૧૮૭૫-૧૯૫૦) ભાઇલાલભાઇ ધાભાઇ પટેલ[૨૬] (૧૮૮૮-૧૯૭૦) વગેરેને સ્વામિનારાયણ સંપ્રદાયનું શિક્ષણ અને સંસ્કારો એમના કૌટુંબિક વાતાવરણમાંથી બાલ્યાવસ્થા, દરમ્યાન પ્રાપ્ત થયાં હોવાનો ઉલ્લેખ, એમનાં જીવનચરિત્રોમાં થયો છે. 'કર્મવીર ફૂલચંદભાઇ' (૧૮૯૫-૧૯૪૫)ને જૈનધર્મનો સંસ્કાર વારસો એમના કુટુંબ તરફથી મળ્યો હોવાનો નિર્દેશ એમના જીવનચરિત્રમાં થયો છે.[૨૭]

ઉપર્યુકત પ્રમાણો પરથી જણાય છે કે વિવિધ-ધર્મ પાળતાં કુટુંબોમાંથી બાળકોને, ધાર્મિક શિક્ષણ અને સંસ્કારો અધ્યેયકાલ દરમ્યાન પ્રાપ્ત થતાં. ધર્મવિમુખ નવી કેળવણીએ વિદ્યાર્થીઓના ચારિત્ર્યઘડતરમાં જે નીરસતા દાખવી તેની ખોટ અધ્યેયકાલ દરમ્યાન કુટુંબ સંસ્થાએ પૂરી હતી એમ કહેવામાં કોઇ અતિશયોકિત થતી નથી. અલબત્ત, પાશ્ચાત્ય શિક્ષણ અને સંસ્કૃતિની અસર હેઠળ કેટલાક શિક્ષિત યુવાનોની બાબતમાં, પારિવારિક પર્યાવરણમાંથી પ્રાપ્ત થયેલાં ધાર્મિક શિક્ષણ અને સંસ્કારો ભૂંસાઇ રહયા હતા એ ખરું. એ હકીકતનું સમર્થન કરતાં કેટલાંક પ્રમાણો પણ ચરિત્રસાહિત્યમાંથી ઉપલબ્ધ થાય છે, પરંતુ એની સમીક્ષા કરવાનું આ સ્થાન નથી. અહીં તો એટલું જ નોંધીશું કે કુટુંબ-સંસ્થાએ અધ્યેયકાલ દરમ્યાન ધાર્મિક શિક્ષણ અને સંસ્કારો આપવાની કામગીરી બજાવી ઉછરતી પેઢીઓના ચારિત્ર્યઘડતરની મહત્ત્વપૂર્ણ જવાબદારી ઉપાડી હતી.

(૪) ઘર-કુટુંબ સંસ્થાએ પાલ્યોને નવી કેળવણી આપવામાં દાખવેલી રસ : અત્યાર સુધી મુખ્યત્વે, પાલ્યોને અનૌપચારિક કેળવણી અને પરંપરાગત ધંધાકીય શિક્ષણ આપવા

અંગેના કુટુંબસંસ્થાના વિચારો અને વ્યવહારોનું નિરીક્ષણ કર્યું. હવે, ચરિત્રસાહિત્યને આધારે બાલ્યોને નવી કેળવણી આપવા અંગેના કુટુંબસંસ્થાના વિચારો અને વ્યવહારો કેવા હતા એ જોઈશું.

નવી શિક્ષણપ્રથાના વિકાસ સાથે એનું મહત્ત્વ પણ પ્રજાને ધીમે ધીમે સમજાતું ગયું. ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં થયેલી ધર્મસુધારણા અને સમાજસુધારણાની - હિલચાલોને લીધે પ્રજામાં જાગૃતિ આવવા લાગી. નવી કેળવણી પ્રાપ્ત કરનારને વિવિધ દરજ્જાની સરકારી અને રજવાડી નોકરીઓ પ્રાપ્ત થતી હોવાને લીધે, વિશેષત: શિક્ષિત વર્ગ પોતાનાં પુત્રોને નવી કેળવણી આપવામાં રસ દાખવતો થયો. પુત્રોને અભ્યાસમાં અંગત માર્ગદર્શન પૂરું પાડીને કે એમના માર્ગદર્શન માટે ખાનગી શિક્ષકો રોકીને શિક્ષિત કુટુંબો એમને નવી કેળવણી પ્રાપ્ત કરવા માટે પ્રોત્સાહન આપતાં થયાં. આ હકીકતનું સમર્થન કરતા ઘણા સંદર્ભો ચરિત્રસાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે.

મામલતદાર પિતાના પુત્ર, કનૈયાલાલ મુનશી (૧૮૮૭-૧૯૭૧) એમના પ્રાથમિક શિક્ષણનાં સ્મરણો આલેખતાં નોંધે છે કે 'બાપાજી મને 'રીડીંગ વિધાઉટ ટિયર્સ' નામની ચોપડીમાંથી અંગ્રેજી શીખવતા. દીકરાને સિવિલિયન કરવાની એ ઉમેદ સેવતા હતા એટલે બાલ્યવયથી તેને તૈયાર કરતાં.'[૨૮] પોતાની પ્રાથમિક-માધ્યમિક કેળવણીનાં વર્ષો દરમ્યાન, વિવિધ સમયે માર્ગદર્શન આપવા માટે જુદા જુદા શિક્ષકો એમના પિતાજીએ રોકયા હોવાનો ઉલ્લેખ પણ મુનશીએ એમની આત્મકથામાં કર્યો છે. ઇન્દુલાલ યાજ્ઞિક (૧૮૯૨-૧૯૭૨)ના પિતા કે જે ડૉકટર હતા, તેમની 'ગમે તેવાં છોકરાં સાથે આવી (ગામઠી) નિશાળમાં છોકરો ભણે તો બગડી જાય, માટે ખાનગી માસ્તર રાખીને જ ભણાવવો' એવી સલાહથી ઇન્દુલાલને પ્રાથમિક શિક્ષણ આપવા ખાનગી શિક્ષક રોકીને સીધા અંગ્રેજી નિશાળમાં દાખલ કરવામાં આવેલાં.[૨૯] ઇન્દુલાલ યાજ્ઞિક, પિતા દ્વારા એમના શિક્ષણમાં દાખવવામાં આવતા રસનો અને એમની તરફથી મળતા માર્ગદર્શનનો નિર્દેશ કરતાં જણાવે છે કે '(પિતા) ઘેર આવતા ત્યારે પાસે બેસાડીને તે મારા ભણતર વિષે સવાલો પૂછતા ને રોજ થોડો વખત અંગ્રેજી ભણાવતા' અને 'તેમનો ખાસ આગ્રહ તો મને અંગ્રેજી ભણાવવાનો હતો.'[૩૦] ચંદ્રવદન મહેતા (જ. ૧૮૦૧) એમના પ્રાથમિક શિક્ષણનાં દિવસો યાદ કરતાં, એમને તેમજ એમના મામાનાં સંતાનોને ભણાવવા માટે માસ્તરને રોકવામાં આવેલા એ હકીકતની નોંધ લે છે.[૩૧]

વળી, એમના મામાની, છેક મેટ્રિકયુલેશનની પરીક્ષા થતા સુધી એમને અંગત રીતે શીખવવાની રીતનો ઉલ્લેખ કરતાં તે દર્શાવે છે કે '(મામાજીએ) ઘાંટા પાડયા છે, ખિજાયા છે, રિસાયા છે, વધારે કલાક દાખલા ગણવાની સજા કરી છે, રજાને દિવસે રખડવા જવાની લંધી કરી છે, પણ માયાળુ મામાજીએ કોઇ દિવસ હાથ ઉપાડી તમાચો મારવાની સજા નથી કરી.'[૩૨]

મધ્યમ વર્ગનાં શિક્ષિત કુટુંબોમાં, પુત્રોને નવી કેળવણી આપવામાં વધતા જતા રસનું સમર્થન કરતાં અન્ય પ્રમાણો પણ ચરિતસાહિત્યમાંથી ઉપલબ્ધ થાય છે. પરંતુ પ્રથમ ગુજરાતી સ્ત્રી સ્નાતિકાઓ - વિદ્યાબહેન અને શારદાબહેન-નો અપવાદ બાદ કરતાં, કન્યાઓને નવી કેળવણી પ્રાપ્ત કરવા માટે અંગત માર્ગદર્શન કે પ્રોત્સાહન આપવામાં આવતું હોય, એવાં પ્રમાણો અધ્યિત ચરિત્રસાહિત્યમાંથી ઉપલબ્ધ થતાં નથી. અત્રે યાદ રાખવું ઘટે કે વિદ્યાબહેન અને શારદાબહેન ગુજરાતના અગ્રગણ્ય સુધારક કુટુંબની પુત્રીઓ હતી. વળી, વિદ્યાબહેનનાં લગ્ન ગુજરાતના પ્રખર સુધારક રમણભાઇ મહીપતરામ નીલકંઠ સાથે થયેલાં અને એમણે ઉચ્ચ કેળવણી લગ્ન પછી એમના પતિની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ પ્રાપ્ત કરેલી. શારદાબહેનને ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરવા માર્ગદર્શન પૂરું પાડી પ્રોત્સાહિત કરવામાંય સુધારક રમણભાઇનો ફાળો ઘણો મોટો રહયો હતો. અધ્યેયકાલ દરમ્યાન મોટે ભાગે કન્યાઓને સુગૃહિણીની તાલીમ આપવા પર જ વધારે ભાર મૂકાયો છે. ગોવર્ધનરામ જેવા સાક્ષર પિતાએ પણ પોતાની પ્રવીણ અને વહાલસોયી પુત્રી લીલાવતી (૧૮૮૧-૧૯૦૨)ને દેશકાળને અનુલક્ષીને સ્ત્રીજીવનને અનુરૂપ શિક્ષણ ઘરઆંગણે આપવાનો પ્રબંધ કરેલો. વાસ્તવમાં, અધ્યેયકાલ દરમ્યાન બળવંતરાય ઠાકોર કહે છે તેમ કુમારો અને કન્યાઓના શિક્ષણ વચ્ચે તાર્કિક દૃષ્ટિએ ભેદ રાખવાનું કોઇ કારણ નહોતું પરંતુ 'અમુક વય લગીમાં જે (કન્યા)નાં લગ્ન ના થઇ જાય, તે પછી તો સો વસા રહી જ જાય' એ 'વ્યવહારુ મર્યાદા મોટી બહે અનુલ્લંઘનીય' હતી.[33] લગ્ન પછી કન્યાનો અભ્યાસ બહુધા અટકી જતો. એ જોતાં એમને નવી કેળવણી આપવાનો આગ્રહ કુટુંબો તરફથી જ રખાય એ સમજી શકાય એમ છે.

શ્રીમંત કુટુંબોમાં પણ નવી કેળવણીનો મહિમા સ્વીકારાયો હતો. આવાં કુટુંબોમાં બાળકોને શિક્ષણ આપવા સહેજ જુદી વ્યવસ્થા રહેતી. કેટલાંક કુટુંબો

પોતાનાં બાળકોને પરદેશમાં શિક્ષણ આપવાનું પસંદ કરતાં અને એ શક્ય ન હોય ત્યારે, અંગ્રેજ શિક્ષકો રોકીને બાળકોને શિક્ષણ આપવાનો પ્રબંધ કરવામાં આવતો. અલબત્ત, અંબાલાલ સારાભાઈ અને દામોદર ઠાકરસી જેવા પ્રસિદ્ધ ગુજરાતી ધનપતિઓએ સ્વદેશી શિક્ષકોના માર્ગદર્શન હેઠળ બાળકોને શિક્ષણ આપ્યું હોવાનાં દૃષ્ટાંતો પણ ચરિત્રસાહિત્યમાં નોંધાયાં છે. ગમે તે રીતે શ્રીમંત કુટુંબો પણ બાળકોને નવી કેળવણી આપવામાં ખૂબ રસ દાખવતાં હતાં, એ હકીકત છે. વિઠ્ઠલદાસ ઠાકરસીની કેળવણીમાં એમના પિતા દ્વારા લેવાતી કાળજીનો નિર્દેશ કરતાં ચરિતલેખક જણાવે છે કે "ઘણીવાર સાંજે દામોદર શેઠ ફરવા જતા ત્યારે ભાઈ વિઠ્ઠલદાસને અને તેમના શિક્ષકને પોતાની સાથે રાખતા અને એ સમયે કેટલીક ચર્ચા કરી પિતા તરીકે પુત્રના શિક્ષણના કામમાં રસ લેતા હતા'.[૩૪] અંબાલાલ સારાભાઈની બે પુત્રીઓ અને એક પુત્રને શિક્ષણ આપવા માટે ઈ.સ.૧૯૧૫માં ખાનગી શિક્ષક તરીકે જોડાનાર શિક્ષકવિભૂતિ કરુણાશંકરે તો રહેતે રહેતે એક ઘરશાળા જ ઊભી કરી દીધી હતી. એમાં ધનપતિ અંબાલાલ અને એમનાં પત્ની સરલાબહેનની બાળકોને નવી પધ્ધતિનું સુશિક્ષણ આપવાનાં ધગશ અને રસ પણ હોય જ, એ દેખીતું છે. એનો નિર્દેશ કરુણાશંકર કુબેરજી ભટ્ટ (૧૮૭૩-૧૯૪૩)ના જીવનચરિત્રમા આ પ્રમાણે જોવા મળે છે.

> "આમ એક કલાકના 'ટયુશન'ની કલ્પના એક શાળામાં વિકસી. શાળાને માટે અલગ મકાન અને સાધનો પણ તૈયાર થઈ ગયાં. શિક્ષકો ત્યાં જ રહે તે માટે શિક્ષકનિવાસ પણ યોજાઈ ગયા. પોતાનાં બાળકો માટે આટલી બધી જહેમત, કાળજી અને ચિંતા દેશભરમાં કોઈ પણ શેઠિયાએ એ જમાનામાં ઉઠાવેલી જાણમાં નથી."[૩૫]

ઉપર્યુક્ત સંદર્ભો પરથી ફલિત થાય છે કે અધ્યેયકાલના ઉત્તરાર્ધ (૧૮૭૦-૧૯૨૦)માં નવી શિક્ષણપ્રથાના વિકાસ સાથે, મધ્યમ અને શ્રીમંત વર્ગનાં પરિવારોમાં બાળકોને કેળવણી આપવા અંગેની જાગૃતિ અને રસ વધતાં જતાં હતાં. મધ્યમ વર્ગનાં શિક્ષિત અને સંસ્કારી કુટુંબોને આ માટે પ્રભાવિત કરનારું પ્રેરક બળ મહદ્અંશે ઊંચા દરજ્જાની સરકારી નોકરીઓની ઉપલબ્ધિમાં જોવા મળે છે. બાળલગ્નના વ્યાપક ચાલને લીધે કન્યાઓને ખપ પૂરતું જ શિક્ષણ અપાતું. શ્રીમંત પરિવારોમાં પણ બાળકોને નવી કેળવણી પૂરી પાડવા કુટુંબ દ્વારા વિશિષ્ટ પ્રબંધ કરવામાં આવતો.

કુટુંબસંસ્થાએ, આમ એક તરફ નવી શિક્ષણપ્રથાને આવકારી છે અને એને પ્રોત્સાહન આપ્યું છે, તો બીજી તરફ એ એની સામે એક અવરોધક બળ બનીને પણ ઊભી રહી છે. હરિલાલ દામોદરદાસ વકીલ (૧૮૪૦-૧૯૦૦)ના જીવનચરિત્રના લેખક નોંધે છે કે 'પિતાશ્રી દામોદરદાસના વ્હાલસોયા આગ્રહને લીધે શ્રી.હરિલાલ વધુ વિદ્યાપ્રાપ્તિ અર્થે કપડવંજની બહાર નીકળી શકતા નહોતા. પરંતુ હરિલાલની 'વિશિષ્ટ શક્તિ' તરફ 'ગુણગ્રાહી અને વિદ્યાપ્રેમી' ફારબસ[X]નું ધ્યાન દોરાતાં એમના આગ્રહને વશ થઇને પાછળથી હરિલાલને વિદ્યાભ્યાસાર્થે અમદાવાદ મોકલવામાં આવેલા.[૩૬] કલ્યાણરાય જેઠાભાઇ બક્ષી (૧૮૫૮-૧૯૨૨) અને એમના ભાઇઓ વધુ વિદ્યાભ્યાસાર્થે વિલાયત જવાની તજવીજમાં હતા એવામાં એમની માતાએ મક્કમ વિરોધ દર્શાવીને 'મારો જીવ કેમે કરી કોઇ પુત્રને આટલે દૂર મોકલવા ચાલતો નથી' એમ કહેતાં એ વાત પડતી મૂકવામાં આવેલી.[૩૭] એ જ રીતે આશારામ દલીચંદ શાહ (૧૮૪૨-૧૯૨૧)ના પુત્ર લલ્લુભાઇને વધુ વિદ્યાભ્યાસ માટે વિલાયત મોકલવાની તજવીજ ચાલતી હતી, તે વખતે એમની માતાએ પણ પ્રબળ વિરોધ કરેલો અને કહેલું કે 'ન્હાનાભાઇને તમે સૌ આટલે બધે આઘે ત્રણ ત્રણ વર્ષ માટે દેશનિકાલ કરશોને, તો હું તમને સાફ કહી દઉં છું એ મારાથી ખમાવાનું નથી. ચિંતામાં અને ચિંતામાં મારો દેહ પડી જ શે, એ નક્કી.'[૩૮] એ પછી લલ્લુભાઇને વિલાયત મોકલવાની વાત પણ પડતી મૂકવામાં આવેલી વિલાયત જવા ઇચ્છનારી ઉપર્યુક્ત બધી જ વ્યક્તિઓ તેજસ્વી શૈક્ષણિક કારકિર્દી ધરાવતી હતી એમ, સંબંધિત જીવનચરિત્રો જોતાં સ્પષ્ટ થાય છે. આત્મકથાઓ કે જીવનચરિત્રોમાં વણનોંધાયેલા આવા અન્ય કિસ્સા પણ સમાજમાં બનતા જ હશે એ સમજી શકાય એમ છે. તેજસ્વી અને મહત્ત્વાકાંક્ષી વિદ્યાર્થીઓની પ્રગતિમાં આ રીતે મૂકાતું પૂર્ણવિરામ એમના મનમાં જે પ્રતિભાવો પેદા કરે એ શૈક્ષણિક મનોવિજ્ઞાનના રસનો વિષય બને છે. કૌટુંબિક

X એલેક્ઝાન્ડર કિન્લોક ફારબસ એ વખતે અમદાવાદ જિલ્લાના ન્યાયાધીશ હતા અને 'રાસમાળા'ના કાર્ય અંગે કપડવંજ ગયેલા. આ ઉદ્દેશ્યરિત અંગ્રેજની પ્રેરણાથી ઇ.સ.૧૮૪૮માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (હાલની ગુજરાત વિદ્યાસભા)ની સ્થાપના થઇ હતી.

ભાવનાઓ શી રીતે પ્રગતિઅવરોધક બની રહે તે પણ એમાંથી સ્પષ્ટ થાય છે. વાસ્તવમાં કેળવણી-પછી તે વ્યક્તિની હોય કે રાષ્ટ્રની - અનેક સંકુલ સામાજિક, આર્થિક, મનોવૈજ્ઞાનિક પરિબળોના પરિપાકરૂપે સાકાર થતી હોય છે, એ સત્ય અહીં આંશિક રીતે અભિવ્યક્ત થયું છે.

પ્રારંભમાં નોંધ્યું હતું તેમ, કુટુંબસંસ્થા કેળવણીની એક મહત્ત્વની સંસ્થા છે અને સર્જનજૂનાકાળથી બાળકોના ઘડતરનું મહત્ત્વનું કામ તે કરતી આવી છે. કાળના વહેણ સાથે તેના કાર્યનું સ્વરૂપ બદલાયું છે એ ખરું, પરંતુ એમ છતાંય બાળકોની અનૌપચારિક કેળવણીમાં તેનો ફાળો મહત્ત્વનો રહ્યો છે. એક સમય એવો હતો જ્યારે બાળકોના શિક્ષણની સઘળી જવાબદારી મોટેભાગે કુટુંબને શિરે જ હતી. ઔપચારિક શિક્ષણપ્રથાના વિકાસ સાથે એમાં ઘટાડો થયો. ઘંધાકીય શિક્ષણસંસ્થાઓનો પ્રારંભ અને વિકાસ થતાં એ વધારે હળવી બની. આમ છતાં ય બાળકોના ચારિત્ર્યઘડતરનું મહત્ત્વનું કામ તો કુટુંબને શિરે જ રહ્યું. અનૌપચારિક શિક્ષણનો વ્યાપ વધતાં કુટુંબસંસ્થાની એતદ્‌વિષયક જાગૃતિ અને રસ વધ્યાં. પોતાનાં પાલ્યોને ઔપચારિક શિક્ષણ આપવાનું મહત્ત્વ પણ શિક્ષિત અને સંસ્કારી કુટુંબો સમજવા લાગ્યાં. કેળવણીની એક સંસ્થા તરીકે, કુટુંબસંસ્થાના ઉત્તરદાયિત્વમાં થયેલા આવા સામાન્ય ફેરફારોમાં, ગુજરાતની કુટુંબસંસ્થા પણ અપવાદ નજ હોય એ દેખીતું છે. ગુજરાતમાં કુટુંબસંસ્થાએ અધ્યેયકાલ દરમ્યાન અને તે પહેલાં બજાવેલી કામગીરી જોતાં એ હકીકત સ્પષ્ટ થાય છે.

૭.૩ કેળવણીની સંસ્થા : જ્ઞાતિસમાજ :

ભારતમાં જ્ઞાતિસંસ્થાનો ઇતિહાસ છેક વેદકાળ જેટલો જૂનો છે. એનું પગેરું આર્યોની વર્ણાશ્રમવ્યવસ્થામાંથી પ્રાપ્ત થાય છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર મૂળ વર્ણોમાં અનુલોમ અને પ્રતિલોમ લગ્નો થતાં અનેક જ્ઞાતિઓ સર્જાવા લાગી. પરંતુ ગુજરાતમાં મુસ્લિમ સત્તાનો પ્રવેશ થયો એ પહેલાં એટલે કે ઇસુના ચૌદમાં શતકના પ્રારંભ સુધી જ્ઞાતિના વાડા ચુસ્ત નહોતા, એની નોંધ આગળ લેવાઇ ગઇ છે. મુસ્લિમ અને મરાઠી શાસનના આતંકના યુગમાં સ્વરક્ષણાર્થે જ્ઞાતિનાં બંધનો ચુસ્ત થતાં ગયાં અને આંતરજ્ઞાતીય વ્યવહારો નિષિદ્ધ બન્યા. એ કાલમાં શિક્ષણ સહિત સમગ્ર સંસ્કૃતિનો સર્વતોમુખી અધઃપાત થતાં પ્રજામાનસ અંધશ્રદ્ધાઓ અને વહેમોની પરંપરામાં જકડાઇ ગયું.

ફલત: બાળલગ્ન, ફરજિયાત વૈધવ્ય, સતી થવાનો ચાલ, પરદેશગમન નિષેધ વગેરે જેવાં અનેક અનિષ્ટો સમાજજીવનમાં જડ ઘાલી ગયાં. એ સઘળાંનો વિગતવાર નિર્દેશ દ્વિતીય પ્રકરણમાં કરવામાં આવ્યો છે. એ બધાં અનિષ્ટોને પોષવામાં મુખ્યત્વે જ્ઞાતિસંસ્થા જવાબદાર હતી, એની નોંધ અત્રે લેવી ઘટે. જ્ઞાતિપોષિત આવાં કેટલાંક અનિષ્ટોએ અધ્યેયકાલ દરમ્યાન શૈક્ષણિક પ્રગતિને અવરોધવાનું કાર્ય કર્યું છે.

પશ્ચિમના શિક્ષણ અને સંસ્કૃતિએ પ્રેરેલી જાગૃતિ હેઠળ, વિશેષત: ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં પ્રજાના ધાર્મિક અને સામાજિક જીવનમાં ક્રાંતિ શરૂ થઇ. એને લીધે જ્ઞાતિપોષિત પરંપરાગત અનિષ્ટોની પકડ ક્રમશ: શિથિલ થતી રહી અને શૈક્ષણિક પ્રગતિ માટેનો માર્ગ ખુલતો ગયો. નવા યુગની જરૂરિયાતો સમજાતી ગઇ, તેમ તેમ વિવિધ જ્ઞાતિસંગઠનો પણ પોતાની રૂખ બદલતાં રહ્યાં એટલું જ નહીં, પરંતુ તે, જ્ઞાતિબંધુઓના શૈક્ષણિક ઉત્કર્ષ માટેનું બળ બનીને ધીમે ધીમે બહાર આવવા લાગ્યાં.

આમ, જ્ઞાતિસંસ્થાનો શિક્ષણસાથેનો વ્યવહાર દ્વિવિધ રહ્યો છે : (અ) અવરોધક અને (બ) પ્રોત્સાહક. પ્રથમ જ્ઞાતિસંસ્થા શી રીતે શિક્ષણનું અવરોધક બળ બની રહી, તેનું અવલોકન ચરિતસાહિત્યને આધારે કરીશું અને ત્યારબાદ તે શિક્ષણને પ્રોત્સાહન આપવા શી રીતે બહાર આવતી ગઇ તે જોઇશું.

(૧.) શૈક્ષણિક પ્રગતિને અવરોધવામાં જ્ઞાતિસંસ્થાએ ભજવેલો ભાગ : અધ્યેયકાલ દરમ્યાન જ્ઞાતિસંસ્થાએ કેળવણીના અવરોધક પરિબળ તરીકે કામ કર્યું હતું, એમ દર્શાવતાં ઘણાં પ્રમાણો અદ્યિત ચરિત્રસાહિત્યમાંથી ઉપલબ્ધ થાય છે.

નવી શિક્ષણપ્રથાના પ્રારંભકાલમાં અંગ્રેજી ભાષા શીખવા સામે સુરતની નાગર જ્ઞાતિના રૂઢિચુસ્ત વર્ગમાં ભારે મોટો પૂર્વગ્રહ હતો, એવો ઉલ્લેખ મહીપતરામના જીવનચરિત્રમાંથી પ્રાપ્ત થાય છે. અંગ્રેજી તો યાવની ભાષા, એ શીખવાથી ધર્મભ્રષ્ટ થવાય, વટલાઇ જવાય એવા ખ્યાલો નાગર જ્ઞાતિનો રૂઢિચુસ્ત વર્ગ ધરાવતો હતો, જેની નોંધ આ પહેલાં લેવાઇ ગઇ છે. આવા ખ્યાલો ધરાવતો વર્ગ પોતાનાં સંતાનોને નવીન કેળવણી આપવામાં ઝાઝો ઉત્સાહ ન દાખવે એ સમજી શકાય એમ છે. નાગર જ્ઞાતિના રૂઢિચુસ્તોમાં આ પૂર્વગ્રહ કેટલો દૃઢમૂલ હતો એનો ખ્યાલ નંદશંકર તુળજાશંકર મહેતા (૧૮૩૫-૧૯૦૫)ના કિસ્સા પરથી મળે છે. નંદશંકર અંગ્રેજી નિશાળમાં શિક્ષણ પ્રાપ્ત કરતા હોવાને લીધે એમના વડસસરા એમની પૌત્રીનો વિવાહ નંદશંકર સાથે

કરવા તૈયાર નહોતા. પરંતુ નંદશંકર 'નાસ્તિક નથી' અને એમને 'સંધ્યાપૂજા પર તિરસ્કાર નથી' એવી ખાતરી થયા બાદ જ એમણે વિવાહસંબંધ બાંધેલો. અલબત્ત, નાગર જ્ઞાતિ એની દીર્ઘદૃષ્ટિ અને વિચક્ષણતા માટે જાણીતી છે. રમણલાલ વસંતલાલ દેસાઇએ એને 'ભણતર ઉપર જ જીવન ઘડનાર કોમ' તરીકે વર્ણવી છે.[૩૯] તદનુસાર એ જ્ઞાતિ નવી કેળવણી પ્રાપ્ત કરવામાં પણ એકંદરે મોખરે રહી છે. ઉપર્યુક્ત પૂર્વગ્રહ શી રીતે દૂર થયો અને નાગર જ્ઞાતિ નવી કેળવણી પ્રાપ્ત કરવામાં શા માટે મોખરે રહી એની નોંધ/યથાસ્થાને લઇશું. અહીં તો કેળવણીના એક અવરોધક પરિબળ તરીકે આવા સામુદાયિક પૂર્વગ્રહની નોંધ લેવી પૂરતી ગણાય.

નવી શિક્ષણપ્રથા સામેનો ઉપર્યુક્ત પૂર્વગ્રહ માત્ર નાગર જ્ઞાતિ પૂરતો જ મર્યાદિત હતો, એમ પણ નથી. નવી નિશાળો સ્થાપતાં રણછોડભાઇ ગીરધરભાઇ (૧૮૦૩-૧૮૭૩) ને થયેલા અનુભવો એ હકીકતનુ સમર્થન કરે છે. 'સરકાર અમારા છોકરાને ભણાવીને લશ્કરમાં રાખશે કે વટલાવશે' એવી લોકમાન્યતાને કારણે એમને નવી નિશાળો સ્થાપવાનું કામ અઘરું જણાયેલું. આ હકીકતનો નિર્દેશ પણ આ અગાઉ થઇ ગયો છે.

અધ્યેયકાલના ઉત્તરાર્ધમાં, નાગર જ્ઞાતિમાં તબીબી શિક્ષણ પ્રાપ્ત કરવા અંગે પણ પૂર્વગ્રહ પ્રવર્તતો હતો, એમ દર્શાવતાં પ્રમાણો ચરિત્રસાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. સુમંત મહેતા (૧૮૭૭-૧૯૬૮) એમના પિતાના વિદ્યાભ્યાસની વિગતો આપતાં નાગર જ્ઞાતિના એ શિક્ષણવિરોધી પૂર્વગ્રહની રજૂઆત નીચે પ્રમાણે કરે છે :

> "મારા પિતા ભણવામાં હોશિયાર ગણાતા હતા. મેટ્રિક પાસ કર્યા પછી એમને મેડિકલ કોલેજમાં જવાની હોંશ હતી. પણ એમાં તો મડદાં ચીરવાં પડે, એટલે ભ્રષ્ટાચાર થાય અને એથી જ્ઞાતબહાર પણ મુકાવું પડે. એ જમાનામાં સામાજિક બહિષ્કાર સખત થતો અને ભલભલા એનાથી ડરી જતા હતા. વડનગરા નાગરોમાં ગૃહસ્થ અને ભિક્ષુક એવા બે ભાગ થઇ ગયા છે. તેમાંથી બીજા પક્ષના એક જુવાન મેડિકલ કોલેજમાં દાખલ થયા હતા તેમને પણ જ્ઞાત તરફથી ઘણી ધમકી અપાતી હતી. આવા સંજોગોમાં પણ મારા પિતાએ દાકતરી અભ્યાસ કરવાનું નક્કી કર્યું. છેવટે અમુક પ્રકારની શુદ્ધિ ભવિષ્યમાં કરવી પડે તો કરી લેવાની શરતે એમને દાકતરી અભ્યાસ માટે છૂટ આપવામાં આવી."[૪૦]

વડનગરા નાગર મહીપતરામ રૂપરામ નીલકંઠ (૧૮૨૯-૧૯૮૫)ની 'ગ્રાટ મેડિકલ કોલેજ'માં દાખલ થવાની ઇચ્છા ફળીભૂત ન થઇ એનાં ઘણાં કારણો પૈકીનું એક મુખ્ય 'દાકતરી અભ્યાસ પ્રતિ જ્ઞાતજાતનો વિરોધ' એ હતું, એવો ઉલ્લેખ એમના જીવનચરિત્રમાં પણ થયો છે.[૪૧]

અધ્યેયકાલના ઉત્તરાર્ધમાં ગુજરાતમાં પ્રવર્તમાન સામાજિક-ધાર્મિક પર્યાવરણ જોતાં અન્ય જ્ઞાતિઓમાં પણ તબીબી શિક્ષણ અંગે આવો પૂર્વગ્રહ અસ્તિત્વ ધરાવતો હોવાની શકયતા નકારી શકાય એમ નથી. અધ્યેયકાલના ઉત્તરાર્ધમાં, ગુજરાતમાં જ્ઞાતિસંસ્થા ઘણી મજબૂત હતી અને જ્ઞાતિજનોના આચારવિચાર પર તેની ચુસ્ત પકડ રહેતી. એવા સંજોગોમાં જ્ઞાતિની ખફગી વહોરી, તબીબીશિક્ષણ મેળવવું કેટલીક ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓના વિદ્યાર્થીઓ માટે આ રીતે મુશ્કેલ બની રહ્યું હશે.

પરદેશગમન સંબંધી જ્ઞાતિસંસ્થાનાં વલણોએ પણ શિક્ષણના અવરોધક પરિબળ તરીકે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો, એમ દર્શાવતાં સંખ્યાબંધ પ્રમાણો ચરિત્રસાહિત્યમાંથી ઉપલબ્ધ થાય છે. વિશેષત: અધ્યેયકાલના પૂર્વાર્ધમાં પરદેશગમન સામેના પ્રતિબંધો ઘણા કડક હતા. ગુજરાતમાં અધ્યેયકાલ દરમ્યાન પ્રવર્તમાન સામાજિક-ધાર્મિક પર્યાવરણની સમીક્ષા કરતાં આ હકીકતનો અછડતો નિર્દેશ કરવામાં આવેલો. અહીં, જરા એને વિગતવાર સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

ગુજરાતમાં શિક્ષકોને પદ્ધતિસરનું શિક્ષણ આપવાનો પ્રબંધ થઇ શકે, એટલા માટે કેળવણીખાતાના અધિકારીઓની પ્રેરણાથી ઇંગ્લન્ડની શિક્ષણપદ્ધતિઓનો અનુભવ લેવા ૨૭ માર્ચ, ૧૮૬૦ના રોજ મહીપતરામે સમુદ્રગમન કર્યું. પોતાના વિદેશગમનની આ વાત એમણે ગુપ્ત રાખવા પ્રયત્ન કર્યો હતો.[૪૨] એ હકીકતમાં વિદેશગમનની અસામાન્યતા અને જ્ઞાતિસંસ્થાના એતદ્‌વિષયક કડક પ્રતિબંધોનું સૂચન થાય છે. ગુજરાતની અનેક જ્ઞાતિઓ માટે આ પ્રસંગ કેટલો અસામાન્ય હતો અને વિદેશગમન કરનારને માથે એ સમયે કેવા ભય ઝઝૂમતા એની રજૂઆત એમના જીવનચરિત્રમાં આ પ્રમાણે કરવામાં આવી છે :

> "એ પરદેશગમનની વાત એકલા સુરતમાં જ નહિ, પરંતુ અમદાવાદમાં, આખા ગુજરાતમાં તથા ઠેઠ કાઠિયાવાડમાં પ્રસરી અને તેથી તે વિષે ઘેર ઘેર ચર્ચા થવા લાગી. વિલાયત સંબંધી અનેક ગપ્પાં ઉઠયાં.

સગાંસંબંધીઓ અનેક પ્રકારનાં ગપાટાં સાંભળી લીધાં, તેમને મળવા આવનારા લોકોએ અનેક જાતની ધાસ્તી બતાવી, વિલાયતથી પાછા ફર્યા પછી ન્યાત કંઇ એને ન્યાતમાં રાખશે નહિ, એમને ન્યાતબહાર મૂકશે, છોકરાઓને કન્યા નહિ મળે, તેમનો જન્મારો કુંવારો જશે, ને વંશવૃધ્ધિ થશે નહિ, આવી આવી વાતો કાને આવવાથી સગાંસંબંધીઓ ને તેમાંએ ખાસ કરીને સ્ત્રી વર્ગ ગભરાય એમાં કાંઇ આશ્ચર્ય નથી..... .....જ્યાં જ્યાં નાગરોની વસતિ હતી ત્યાં ત્યાં બધે ખળભળાટ મચી રહ્યો. એ વાત એટલેથી જ અટકી ન હતી, પણ નાગર સિવાયની બીજી બ્રાહ્મણ જ્ઞાતિમાં તથા વાણીઆ વગેરેની ન્યાતોમાં ઉગ્ર ચર્ચા ચાલવા લાગી."[૪૩]

સ્વદેશાગમન પછી બાર બાર વર્ષો સુધી નાગર જ્ઞાતિએ મહીપતરામ અને એમનાં પત્ની પાર્વતીકુંવર પર અનેક સીતમ ગુજાર્યા. એ વિશે મહીપતરામ લખે છે કે "એ બાર વરસમાં મને ઘણી આપદા પડી. એ અડચણોની પીડાથી લોકનાં ઝેર જેવાં વચન સાંભળવાની પીડા વધારે હતી."[૪૪]

આ આખો પ્રસંગ ગુજરાતના સંસારસુધારાના ઇતિહાસમાં અને સાહિત્યમાં અમર થઇ ગયો છે. ત્યાર પછી વિવિધ જ્ઞાતિઓમાં વિદ્યાભ્યાસાર્થે પરદેશગમનના પ્રસંગો બનતા રહયા છે અને જ્ઞાતિસંગઠનો ધ્વારા દંડ અને પ્રાયશ્ચિતો પણ કરાવાયાં છે. એ પ્રશ્ન પર કેટલીક જ્ઞાતિઓમાં ભાગલા પણ પડયા છે. એને લગતાં ઘણાં પ્રમાણો ચરિતસાહિત્યમાંથી મળે છે. આમ છતાંય છેક અધ્યેયકાલના અંત સુધી કોઇ પણ જ્ઞાતિમાં પરદેશગમન અંગે સર્વથા સાનુકૂળ હવામાન સર્જાયું હોય, એમ દર્શાવતાં પ્રમાણો અધ્યેત સાહિત્યમાંથી મળતાં નથી.

પ્રારંભમાં, જ્ઞાતિસંસ્થા ધ્વારા થતો વિદેશગમનનો વિરોધ કેવળ અંધશ્રધ્ધાપ્રેરિત હતો. પરંતુ પાછળથી પરદેશ જનારા કેટલાક યુવકો પશ્ચિમની સંસ્કૃતિથી પ્રભાવિત થઇ જ્ઞાતિસંસ્થાએ મુકરર કરેલાં ધોરણો સાથે બિનસંગત જીવન ગાળતા હોવાના છૂટાછવાયા કિસ્સા બનવા લાગ્યા હશે. એટલે આ વિરોધ લાંબા સમય સુધી ચાલુ રહયો હોય એમ જણાય છે. રાધવજી લેઉઆને વિદ્યાભ્યાસાર્થે વિલાયત જવા વડોદરા રાજ્ય તરફથી લોન મળતાં, એમના જામીન બનેલા જગજીવન નારાયણ મહેતા

(જ. ૧૮૮૨) એ શીખામણરૂપે કહેલા નીચેના શબ્દો આ હકીકતનું સમર્થન કરે છે :

"જો ભાઇ ! હું તમારો જામીન તો થયો છું પણ એનો મારી જ્ઞાતિવાળા તથા સગાંઓ છડેચોક વિરોધ કરે છે. અને એ બધાંની ચેતવણી છતાં હું તમારો જામીન થયો છું. વળી મારી પત્નીને પણ તમે ત્યાં જઇને ખોટે રસ્તે ચડી જાવ તેની બીક લાગે છે, ને એનો ડર કંઇ ખોટો નથી. ઘણા જુવાનો વિલાયત જઇ કુછંદે ચડી જવાના દાખલા બન્યા છે. મને તમારામાં વિશ્વાસ તો છે, છતાં તમને કહું છું કે તમે ચેતીને ચાલજો, બૈરાંની જાળમાં ફસાશો નહિ ને બહુ સંભાળથી રહી તમારામાં મૂકેલો વિશ્વાસ સાચો કરી બતાવજો." [૪૫]

શારદાબહેન મહેતા (જ. ૧૮૮૨) એમનાં 'જીવનસંભારણાં'માં, ઇ.સ. ૧૯૦૨માં એમના પતિ દાકતરી વિદ્યાનો અભ્યાસ કરીને પાછા આવી રહયા હતા, એ સમયની એમની મન: સ્થિતિનો ચિતાર આપતાં, વિલાયત જનારા યુવકો પશ્ચિમની સંસ્કૃતિની અસર હેઠળ આવી કુછંદે ચડી જતા હોવાની ઉપર્યુકત લોકમાન્યતાનું સમર્થન નીચેના શબ્દોમાં કરે છે :

"અમદાવાદમાંથી કેટલાક મિત્રો ઇંગ્લંડ ગએલા તેમના તરફથી તેમજ બીજા વિજ્ઞસંતોષી માણસો તરફથી કાંઇ કાંઇ ગપગોળા ઉડેલા. ત્રીસ વર્ષ[x] ઉપર આપણા પ્રાંતમાંથી બહુ થોડા યુવકો ઇંગ્લંડ જતા. અને જઇને પાછા આવેલા ઘણા દેશની સંસ્કૃતિને ભૂલીને આવતા. અને નવરા ટીકાખોરોને કાંઇ ખોરાક જોઇએ એટલે લોકનાં છોકરાં માટે જૂઠી જૂઠી વાતો ચલાવવાની ટેવ પડેલી. ઇંગ્લંડ જાય એટલે તો ઇંગ્લીશ બૈરીને પરણે, જૂદો સંસાર માંડે, અનીતિમય જીવન ગાળે એવી જ અફવા ઘણા વિદ્યાર્થીઓને માટે ઉડતી. તે જ પ્રમાણે એમની બાબતમાં પણ થયું." [૪૬]

ઉપર્યુકત ઉભય સંદર્ભ, પરદેશગમન કરનારાઓ માટે સામાન્ય જનતામાં કેવા ખ્યાલો પ્રચલિત હતા, એનો નિર્દેશ આપે છે. શારદાબહેન જેવાં વિદુષીનારી પણ પોતાના પતિ વિશે પ્રચલિત બનેલી લોકવાયકાઓ સાચી માની ઉદ્વિગ્ન બનેલાં એ હકીકત ઘણી સૂચક છે. એના પરથી પરદેશગમન કરનારાઓ વિશે ફેલાતી લોકવાયકાઓ

x કૃતિ પ્રકાશન વર્ષ : ઇ.સ. ૧૯૩૮

કેટલી પ્રબળ હશે, એનો સંકેત મળે છે. પરદેશ જનારા યુવકોનો પશ્ચિમની સંસ્કૃતિ તરફનો ક્ષીપાત પણ ઉપર્યુક્ત સંદર્ભોમાં સૂચિત થયો છે. ચરિતસાહિત્યમાંથી વિદ્યાભ્યાસાર્થે વિદેશગમનના ઘણા સંદર્ભો પ્રાપ્ત થાય છે, પરંતુ કોઇ પણ યુવક 'ઇંગ્લીશ બૈરી'ને પરણ્યો હોય કે અનીતિમય જીવન ગાળતો હોય એવો એક પણ કિસ્સો એમાં નોંધાયો નથી. ફલત: એવા કિસ્સા જવલ્લે જ બનતા હશે અને મોટા ભાગની વાતો તો લોકો ધ્વારા ઉપજાવી કાઢવામાં આવતી હશે, એમ જણાય છે. વિદેશોમાં જઇ આવેલા યુવકોની રહેણીકરણી જ્ઞાતિનાં સામાન્ય ધોરણો કરતાં જુદી પડતી હોવાને લીધે, આવી વાતો ઉપજાવી કાઢવામાં આવતી હોય એમ લાગે છે.

ઉપર્યુક્ત વિગતો જોતાં, જ્ઞાતિસંસ્થાએ અધ્યેયકાલ દરમ્યાન વિદેશોમાં વિદ્યાભ્યાસ કરવા સામે અવરોધ ઊભો કર્યો હતો એમ કહેવાનું પ્રાપ્ત થાય છે.

અધ્યેયકાલ દરમ્યાન પ્રાય: દરેક જ્ઞાતિમાં બાળલગ્નની ચાલ ઘણો વ્યાપક હતો. એ હકીકતનો નિર્દેશ આ અગાઉ થઇ ગયો છે. ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં સમાજસુધારકોએ તથા વર્તમાનપત્રોએ એની સામે જનમત કેળવવાનો પ્રયત્ન કર્યો હતો. એ ઉપરાંત ઇ.સ. ૧૮૯૧માં બ્રિટિશ સરકારે સંમતિવયનો કાયદો પસાર કરી છોકરાછોકરીઓની લગ્નવય પણ મુકરર કરી હતી. પરંતુ આ દિશામાં સુધરેલાં ગણાતાં કુટુંબોમાં પણ ઝાઝી જાગૃતિ જોવા મળતી નહોતી. એ હકીકતનો નિર્દેશ શારદાબહેન મહેતાએ એમનાં લગ્ન (૧૮૯૮) સમયના સામાજિક પર્યાવરણનો ચિતાર આપતાં કર્યો છે.[૪૭] છેક અધ્યેયકાલના અંત સુધી અને તે પછીય જારી રહેલી બાલલગ્નની રૂઢિને પોષવામાં જ્ઞાતિસંસ્થા મુખ્યત્વે જવાબદાર રહી હતી એ હકીકતની નોંધ અત્રે લેવી ઘટે. આ રૂઢિએ કંઇક અંશે છોકરાઓની અને મહદ્‌અંશે છોકરીઓની કેળવણીને અવરોધવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

નર્મદે ઇ.સ. ૧૮૫૦માં મુંબઇની એલ્ફિન્સ્ટન કોલેજમાં ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરવા પ્રવેશ કર્યો હતો. પરંતુ સુરતથી 'વહુ મોટી થઇછે માટે નર્મદાશંકરે વહેલું આવવું' એવો પત્ર એમના સસરા તરફથી મળવાને લીધે એમને અભ્યાસ છોડી સુરત જઇ ઘરસંસાર માંડવો પડેલો.[૪૮] નવલરામ આ સંદર્ભમાં બાલલગ્નના અનિષ્ટને નર્મદના જીવનચરિત્રમાં 'વિદ્યાવિશેધક રૂઢિ' તરીકે વર્ણવે છે. પરંતુ કેટલાક ચરિતકારો આ રૂઢિ છોકરાઓના શિક્ષણમાં બાધક બનતી નહોતી, એમ પણ જણાવે છે. ઝંડુ ભટ્ટજીના

જીવનચરિત્રમાં એનો નિર્દેશ નીચે પ્રમાણે થયો છે :

"આ પ્રમાણે રમતગમત તથા અભ્યાસ ચાલતાં હતાં, ત્યાં જ વિ.સં.૧૮૯૯માં બાર વર્ષની નાની ઉંમરે ઝંડુ ભટ્ટજીનાં લગ્ન થયાં. ..... ભટ્ટજીનાં લગ્નથી એમની રમતગમત તથા અભ્યાસમાં કશો ફેરફાર થયો ન હતો. એ વખતે જ્યારે સંયુક્ત કુટુંબમાં ભાર ઉપાડનારાં ઘણાં માણસો હતાં, ત્યારે એ લગ્નથી બાળકોની સ્થિતિમાં કાંઇ ફેર ન પડતો. એક છોકરી ઘરમાં વધે એટલું જ"[૪૯]

ભાઇલાલભાઇ ધાભાઇ પટેલનું લગ્ન પણ એમની દસ વર્ષની ઉંમરે ઇ.સ.૧૮૯૮માં થયું હતું, એમ છતાં, તે એમના વિદ્યાભ્યાસમાં અવરોધક નીવડયું નહોતું. એનું કારણ દર્શાવતાં ચરિત્રલેખક નોંધે છે કે "એ વખતે લગ્નના ફેરા ફેરવાતા એટલું જ, કન્યા સાસરે આવતી મોટી થતી ત્યારે. લગ્નને ન તૂટી શકે તેવું વેવિશાળ ગણીએ તો પણ ચાલે."[૫૦] મહીપતરામ રૂપરામ નીલકંઠ (૧૮૨૯-૧૮૯૧), ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી (૧૮૫૫-૧૯૦૭) આદિ ઘણા ચરિત્રનાયકોનાં લગ્ન પણ નાની ઉંમરે થયાં હોવા છતાં, તેઓ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી શકયા હતા. એમનાં દૃષ્ટાંતો પણ - બાળલગ્નની રૂઢિ, છોકરાઓને શિક્ષણ પ્રાપ્ત કરવામાં મહદ્અંશે અવરોધક બનતી નહોતી, એ હકીકતનું સમર્થન કરે છે.

આમ, કેટલાક ગણ્યાગાંઠયા અપવાદોને બાદ કરતાં, છોકરીઓને મોટી ઉંમરે સાસરે મોકલવાનો રિવાજ અમલી હોવાને લીધે તેમજ સંયુક્ત કુટુંબની પ્રથાને લીધે બાળલગ્નની પ્રથા છોકરાઓના શિક્ષણમાં અવરોધક બનતી નહોતી, એમ કહેવાનું પ્રાપ્ત થાય છે.

વિવિધ જ્ઞાતિમાં, અસ્તિત્વ ધરાવતી બાલલગ્નની રૂઢિ કન્યાઓના શિક્ષણની બાબતમાં તો મોટા અંતરાયરૂપ જ હતી. એ હકીકતની રજૂઆત અદ્યિયત ચરિત-સાહિત્યમાં ઘણે સ્થળે થઇ છે. ઓગણીસમી સદીના ઉત્તરાર્ધ સુધી તો કન્યાઓને ઔપચારિક કેળવણી આપવા અંગે લોકમાનસ અત્યંત પ્રતિકૂળ હતું. મહીપતરામના જીવનચરિત્રમાં એનો ઉલ્લેખ આ રીતે થયો છે :

"સરકારે તથા ખાનગી ગૃહસ્થોએ કે ધનાઢ્ય શેઠીઆઓએ કન્યાશાળા સ્થાપી ને એ રીતે સ્ત્રીકેળવણીનો આરંભ થયો પરંતુ શરૂઆતમાં તો ઘણી

થોડી કન્યાઓએ તેનો લાભ લેવા માંડયો, કારણ જૂના વિચારના લોકો સ્ત્રીકેળવણીની તદ્દન વિરુધ્ધ, તેમના વિચાર એ બાબતમાં ઘણા સાકડા તેથી સ્ત્રીકેળવણીની શરૂઆત જોઇયે તેવી સારી ન હતી. છોકરીઓ નિશાળે જાય તો પછી ઘરમાં માના કામકાજમાં મદદ કોણ કરે ! ઘરનો પુંજો કાઢવા, પાણી ભરવા, લુગડાં ધોવા, વાસણ માંજવા, વીણવા ચુંટવા વગેરે ગૃહકાર્યમાં માને મદદ કરનારી પુત્રી નિશાળે ભણવા જાય તો પછી માને ગૃહકાર્ય એકલે હાથે કરવું પડે એટલું જ નહિ પણ એ ગૃહકાર્યમાં તે નાનપણથી પાવરધી થાય નહિ તો મોટપણમાં એનું ઘર કેમ ચાલે એવા વિચારો સ્ત્રીવર્ગના હોવાથી સ્ત્રીકેળવણી પ્રતિ લોકોનો અભાવ હતો."[૫૧]

ઉપર્યુકત સંદર્ભ, કન્યાકેળવણી વિશે પ્રાય: દરેક જ્ઞાતિના ઉચ્ચિયુસ્ત વર્ગમાં કેવી વિચારસરણી પ્રવર્તમાન હતી, તે દર્શાવે છે. એ જ જીવનચરિત્રના લેખક - છોકરીઓને સાસરે મોકલવાની હોવાથી, એમને ગૃહકેળવણી બરાબર મળી ન હોય તો 'સાસરીઆં માનાં ચામડાં પીંખી નાખે' એ દૃષ્ટિબિંદુને લક્ષમાં રાખીને, ઉચ્ચ જ્ઞાતિની કન્યાઓને પણ શાળામાં નહીં મોકલતાં માબાપ ઘરઆંગણે જ સાધારણ વાંચતાં લખતાં શીખવવાનું પસંદ કરતાં એમ પણ જણાવે છે.[૫૨] કન્યાકેળવણી અંગે ધીમે ધીમે લોકમત સાનુકૂળ થવા છતાંય, બાળલગ્નના અવરોધને કારણે એમને વહેલી ઉંમરે શાળામાંથી ઉઠાડી લેવાનું વલણ લગભગ દરેક જ્ઞાતિઓમાં સામાન્ય હતું. 'લીલાવતી જીવનકલા'ના પ્રવેશકમાં બળવંતરાય ઠાકોર, બાલલગ્નના રિવાજને લીધે કન્યાઓના શિક્ષણ સામે ઊભી થતી 'વ્યવહારુ' મર્યાદાનો નિર્દેશ નીચે પ્રમાણે કરે છે :

"પરણ્યા પછી એ (કન્યા) આગળ ભણે ના ભણે તે નથી એના હાથમાં, નથી એના માતાપિતાના હાથમાં, પતિ અને સાસરિયાંની અનુકૂલતા હોય તો જ નવવધૂનો અભ્યાસ આગળ ચાલે.....એટલે પિતામાતાએ ભણાવવું તે બાળકીનાં લગ્ન લેવાય (વા પરણ્યા પછી ન્યાતના રિવાજ મુજબ વર્ષે બે વર્ષે સાસરવાસનો આરંભ થાય) ત્યાં લગીમાં સમાપ્ત થઇ જાય તેટલું જ હોવું જોઇએ. (એવી એ જમાનાના લોકોની માન્યતા હતી.)"[૫૩]

ઉપર જોયું તેમ અધ્યેયકાલ દરમ્યાન બાલલગ્નનો આ ચાલ બધી જ્ઞાતિઓમાં વ્યાપક હતો. જ્ઞાતિમહાજનો અને રૂઢિચુસ્તોનો એના પાલન માટે તીવ્ર આગ્રહ પણ રહેતો. આ આગ્રહે કન્યાઓની કેળવણી અવરોધવામાં ઘણો મોટો ભાગ ભજવ્યો હતો, એમ નિ:શંકપણે કહી શકાય. સ્વતંત્ર ભારતને સ્ત્રીકેળવણી અંગે જે સમસ્યાઓનો સામનો કરવો પડે છે. એનાં મૂળ એને પ્રાપ્ત થયેલા આવા ઐતિહાસિક વારસામાં છે.

જ્ઞાતિસંસ્થાએ હરિજન વર્ગને શિક્ષણથી વંચિત રાખવામાં પણ સમગ્ર અધ્યેયકાલ પર્યંત મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો એનો પણ અત્રે ઉલ્લેખ થવો ઘટે. ગામઠી - શિક્ષણપ્રથાની સમીક્ષા કરતાં, એ પ્રકારની શિક્ષણવ્યવસ્થામાં શૂદ્રોને શિક્ષણ પ્રાપ્ત કરવાનો અધિકાર જ મળ્યો ન હતો એની નોંધ લેવામાં આવી છે. ગામઠી નિશાળો, મુખ્યત્વે બ્રાહ્મણો દ્વારા સંચાલિત ખાનગી સંસ્થાઓ હતી, તેથી આમ બનવું સ્વાભાવિક હતું. પરંતુ નવી પધ્ધતિની નિશાળોનાં દ્વાર તો હરિજનો માટે પણ ખુલ્લાં હતાં. આમ છતાં હરિજનોનાં બાળકો પોતાનાં બાળકો સાથે બેસીને શિક્ષણ પ્રાપ્ત કરે એ સામે બ્રાહ્મણ, વણિક, પાટીદાર આદિ જ્ઞાતિઓમાં તીવ્ર વિરોધ હતો અને એવા પ્રયત્નોનો સક્રિય પ્રતિકાર પણ થતો. ઈ.સ.૧૯૨૪માં વઢવાણની રાષ્ટ્રીય શાળાએ ગુજરાત વિદ્યાપીઠ સાથે જોડાણ મેળવી, હરિજનોને પ્રવેશ આપવાની નીતિ સ્વીકારી અને એના આધસ્થાપક ફૂલચંદભાઈએ મક્કમતાપૂર્વક એ નીતિનો અમલ કરવાનો આગ્રહ સેવ્યો. પરિણામે બ્રાહ્મણ, વણિક આદિ જ્ઞાતિઓએ પોતાનાં બાળકોને શાળામાંથી ઉઠાડી લીધાં અને શાળા તૂટી પડી :

> "આવી સ્થિતિ પ્રવર્તતી હતી ત્યારે ફૂલચંદભાઈએ હરિજનોને અપનાવ્યા, સિધ્ધાંતને ખાતર શાળાને તૂટવા દીધી અને સમાજને જબરો આંચકો આપ્યો. એ આંચકાથી લોક વિચારમાં પડી ગયા. ફૂલચંદભાઈએ તો ગામ બહાર ચણાવેલા નવા મકાનમાં શાંતિથી આદરી દીધું. થોડા જ સમય બાદ શાળાના એ નવા મકાનમાં ૭૦૦-૮૦૦ વિદ્યાર્થીઓના પગરવ ગૂંજી ઊઠશે એવાં સ્વપ્નાંને સ્થાને ૭૫-૧૦૦ હરિજન બાળકોની શાળા તેમણે શરૂ કરી દીધી. ૩૫-૪૦ હરિજન વિદ્યાર્થીઓનો આશ્રમ પણ તેમણે શરૂ કર્યો. અને ફરીથી ફૂલચંદભાઈ ચમનભાઈ અને શિવાનંદજી સાથે શિક્ષક થઈને હરિજન વિદ્યાર્થીઓને ભણાવવા બેસી ગયા."[૫૪]

વઢવાણની રાષ્ટ્રીય શાળામાં બનેલી ઘટનાનું પુનરાવર્તન અન્યત્ર પણ થતું જોવા મળે છે. એ જ અરસામાં ભાવનગરના દક્ષિણામૂર્તિ વિદ્યાભવને પણ વિદ્યાપીઠ સાથે જોડાણ મેળવી હરિજન વિદ્યાર્થીઓ માટે દ્વાર ખોલ્યાં, ત્યારે ઘણાં માબાપે પોતાનાં બાળકોને શાળામાંથી ઉઠાડી લીધેલાં અને સનાતની આચાવિચાર ધરાવતા શિક્ષકો પણ સંસ્થા ત્યજી ગયેલા.[૫૫] આ ઘટનાઓ હરિજનોને શૈક્ષણિક દૃષ્ટિએ પછાત રાખવામાં જ્ઞાતિસંસ્થાએ કેટલો નિર્ણાયક ભાગ ભજવ્યો હતો, એની પ્રતીતિ કરાવે છે.

આમ, અંગ્રેજી કેળવણી અને તબીબી શિક્ષણ સામેના પૂર્વગ્રહો, પરદેશગમન સામેના પ્રતિબંધો તથા બાલલગ્નની રૂઢિને કારણે જ્ઞાતિસંગઠનો સ્વજ્ઞાતિનો શૈક્ષણિક ઉત્કર્ષ અવરોધવા માટે જવાબદાર રહ્યાં છે, તો સ્પર્શ્યાસ્પર્શ્યની એની ભાવના અંત્યજ વર્ગને શૈક્ષણિક રીતે પછાત રાખવા માટે જવાબદાર ઠરી છે. જ્ઞાતિસંસ્થાએ આ રીતે શિક્ષણના અવરોધક બળ તરીકે કામ કર્યું છે.

(૨) <u>શૈક્ષણિક પ્રગતિને પ્રોત્સાહન આપવામાં જ્ઞાતિસંસ્થાનો ફાળો</u> : પશ્ચિમના શિક્ષણ અને સંસ્કૃતિની અસર હેઠળ, ગુજરાતમાં ધાર્મિક અને સામાજિક સુધારણાના ક્ષેત્રે શરૂ થયેલાં આંદોલનોની વિસ્તૃત સમીક્ષા દ્વિતીય પ્રકરણમાં કરવામાં આવી છે. એ આંદોલનોને લીધે ગુજરાતના જનજીવનમાં ધીમે ધીમે જાગૃતિનો સંચાર થતો રહ્યો. વળી, અંગ્રેજી શિક્ષણ પ્રાપ્ત કરનારને મળતી સારા પગારની નોકરીઓને લીધે એનું મહત્ત્વ પણ વધતું ગયું. વિવિધ જ્ઞાતિઓના ઉચ્ચ કેળવણી પામેલા યુવકોમાં સુધારાવૃત્તિ સાથે જ્ઞાતિસેવાની ભાવના પણ ભળી. વિનીત સમાજસુધારકોની સૌમ્ય અને શાણી સંસારસુધારા નીતિની અસર સમાજના રૂઢિચુસ્તવર્ગ પર પણ ધીમે ધીમે થવા લાગી. "બાળલગ્ન બંધ ન થાય તોયે કન્યાઓને ઉચ્ચ શિક્ષણ તો આપો, વિધવાને પરણાવો નહિ તો તેને જીવનવિકાસ સાધવાની તક આપો. અછૂતપણું દૂર ન થાય તો અછૂતોના ઉદ્ધાર માટે શાળાઓ સ્થાપો એ બોધ અમદાવાદના આગેવાનોએ કર્યો અને પાર્યો"[૫૬] સમાજસુધારણાના આવા વિનીત વિચારો અને પ્રવૃત્તિઓનો પ્રચાર ગુજરાતભરમાં વધતે ઓછે અંશે અધ્યેયકાલના ઉત્તરાર્ધમાં થતો ગયો અને ઝીલાતો ગયો. ગુજરાતમાં પૂર્વદર્શિત શિક્ષણ-વિરોધી સામાજિક અનિષ્ટો સામે હાથ ધરાયેલી સુધારાપ્રવૃત્તિનો નિર્દેશ દ્વિતીય પ્રકરણમાં થઇ ગયો છે. આ બધાં પરિબળોને પરિણામે અંગ્રેજી કેળવણી સામેના પૂર્વગ્રહો હઠવા લાગ્યા અને જ્ઞાતિના શૈક્ષણિક ઉત્કર્ષ માટે જ્ઞાતિસંગઠનો ધીમે

ધીમે સાનુકૂળ વલણ અપનાવતાં થયાં.

પૂર્વે નોંધી ગયા તેમ સુરતમાં અંગ્રેજી શાળાની સ્થાપના (ઇ.સ. ૧૮૪૨) થઇ તે વેળાએ, સુરતના રૂઢિચુસ્ત નાગરોમાં અંગ્રેજી કેળવણી લેવા સામે પ્રબળ પૂર્વગ્રહ હતો. પરંતુ આ મુત્સદ્દી પ્રજાને સમયનાં એંધાણ પારખતાં વાર ન લાગી અને ટૂંક સમયમાં જ એ અંગ્રેજી કેળવણી લેતી થઇ ગઇ. એ પૂર્વગ્રહ શા માટે અને કેવી રીતે દૂર થયો એનો ઉલ્લેખ મહીપતરામના જીવનચરિત્રમાં આ પ્રમાણે થયો છે :

"એ સમયમાં સુરતમાં વડનગરા નાગર જ્ઞાતિમાં વયોવૃધ્ધ, જ્ઞાનવૃધ્ધ ને ધર્મચુસ્ત ગૃહસ્થ તાપીપ્રસાદ દેસાઇ હતા. એમણે પણ સમય બલવાન છે એમ માની, દીર્ઘદૃષ્ટિ રાખી, અંગ્રેજી ભાષા રાજભાષા છે માટે તે ભણવી જ જોઇએ એવો અભિપ્રાય આપી પોતાના ત્રણ પુત્રો વીરપ્રસાદ, મણિધરપ્રસાદ અને મહાદેવપ્રસાદને અંગ્રેજી ભણવાને માટે નિશાળે મૂકયા. બંધનનું બારણું ઉઘાડયું. દેસાઇજીએ પહેલ કરી, ને રસ્તો મોકળો કરી આપ્યો એટલે હવે કોઇને એ યાવની ભાષા ભણવાનો અંતરાય રહયો નહિ ! એવું બોલતા નાગરોએ પોતપોતાનાં બાળકોને અંગ્રેજી નિશાળે મૂકયા."[૫૭]

નાગર જ્ઞાતિ એના વિદ્યાવ્યાસંગ માટે ગુજરાતમાં જાણીતી છે. મુસ્લિમ રાજય અમલ દરમ્યાન પણ ફારસી ભાષાનું જ્ઞાન મેળવી ઉચ્ચ રાજધ્વારી હોદ્દાઓ પ્રાપ્ત કરવામાં એ મોખરે રહી છે. અંગ્રેજી રાજયઅમલમાં પણ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી દેશીરાજયોમાં અને બ્રિટિશ સામ્રાજયમાં નાગરોએ ઊંચા હોદ્દા મેળવેલા છે. નાગર જ્ઞાતિના આવા વિદ્યાવ્યાસંગનો અને તેને લીધે એને મળતી સારી નોકરીઓનો ઉલ્લેખ ઇન્દુલાલ યાજ્ઞિક[૫૮] (૧૮૯૨-૧૯૭૨) અને રવિશંકર રાવળ[૫૯] (જ. ૧૮૯૨)ની આત્મકથાઓમાં પણ થયો છે.

અંગ્રેજી કેળવણી પ્રાપ્ત કરવામાં, નાગર સહિત બીજી કેટલીક જ્ઞાતિઓ શા માટે આગળ રહેવા પામી તેનો નિર્દેશ રમણલાલ વસંતલાલ દેસાઇ, એમના વિદ્યાભ્યાસની વિગતો આપતાં નીચે પ્રમાણે કરે છે :

"એક તો નાગર કોમમાં મારો જન્મ, એટલે ભણવું જોઇએ એવી માન્યતા ઠસાવવામાં આવતી ખરી. નાગરે ભણવું જોઇએ અને બીજાએ નહિ એવી

કોઇ ભાવના એમાં ન હતી. પરંતુ અમુક કોમ - નાગર, બ્રહ્મક્ષત્રિય, કાયસ્થ જેવી-ને નોકરી સિવાય બીજી ગમ જ ન હોય એવી માન્યતા વ્યાપક હતી, અને તે હજી[X] સુધી સાચી પણ પડી છે એવો ભય મને રહે છે ખરો."[૬૦]

આમ, નાગર જ્ઞાતિ અંગ્રેજી કેળવણી પ્રાપ્ત કરીને ઉંચા હોદ્દાઓ મેળવવામાં મોખરે રહી, એનું મૂળ એને પેઢી દરપેઢી મળેલા વિદ્યાવ્યાસંગમાં અને એની વિચક્ષણતામાં જોવા મળે છે. 'વયોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ ને ધર્મયુક્ત'સનાતની આચાર ધરાવતા તાપીપ્રસાદ દેસાઇને પગલે ચાલી સહુ નાગરોએ પોતાનાં બાળકોને 'યાવની ભાષા' શીખવા મોકલ્યા, એ ઘટના થયેલા રાજ્યપરિવર્તનને ઝડપથી સાનુકૂળ થવાની એ જ્ઞાતિની વૃત્તિનો નિર્દેશ કરે છે. નાગર બાળકોને પારિવારિક વાતાવરણમાંથી મળતા વિદ્યાવ્યાસંગના સંસ્કારો અને 'નોકરી મેળવવાની છે માટે ભણવું જ પડે' એવો એમના મનમાં ઠસાવવામાં આવતો ખ્યાલ પણ, એ જ્ઞાતિના શૈક્ષણિક ઉત્કર્ષ માટે જવાબદાર હશે, એમ જણાય છે.

વિશેષત: ઓગણીસમી સદીના અંતિમ દાયકાઓમાં અને વીસમી સદીના પ્રારંભિક દાયકાઓમાં બ્રાહ્મણ, વણિક આદિ કેટલીક ઉચ્ચ જ્ઞાતિઓમાં, જ્ઞાતિજનોની શૈક્ષણિક પ્રગતિને વેગ આપવાના જાગરૂક પ્રયત્નો વૈયક્તિક અને સામુદાયિક ધોરણે હાથ ધરાવા લાગ્યા, એમ દર્શાવતાં કેટલાંક પ્રમાણો પણ ચરિત્રસાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. આ સમય દરમ્યાન કેટલીક ઉચ્ચ જ્ઞાતિના શિક્ષિત યુવકો અને પ્રાગતિક દૃષ્ટિ ધરાવતા બુઝુર્ગો સંગઠિત થઇને વિદ્યોત્તેજક મંડળો સ્થાપવા લાગ્યા. એ મંડળોએ ભંડોળ એકત્રિત કરી સ્વજ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયો, શિષ્યવૃત્તિઓ, શિક્ષણવિષયક લોનફંડો વગેરેનો પ્રબંધ કરવાના સ્તુત્ય પ્રયત્નો હાથ ધર્યા. જ્ઞાતિના ઉત્કર્ષની ભાવનાથી પ્રેરાઇને કેટલીક જ્ઞાતિઓના શિક્ષિત યુવકોએ જ્ઞાતિમુખપત્રો પણ શરૂ કર્યા, આ મુખપત્રોએ પણ શૈક્ષણિક ઉત્કર્ષ માટેની સાનુકૂળ ભૂમિકા સર્જવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. કન્યાકેળવણી અંગે જાગૃતિ આણવામાં પણ વિદ્યોત્તેજક મંડળો અને જ્ઞાતિનાં મુખપત્રોએ ઠીક ઠીક ફાળો આપ્યો હતો. આ દિશામાં વિવિધ જ્ઞાતિઓ દ્વારા હાથ ધરવામાં આવેલા પ્રયત્નોનો નિર્દેશ જગજીવન નારાયણ મહેતા, ચંદ્રવદન મહેતા વગેરેની

X કૃતિ પ્રકાશન વર્ષ : ઇ.સ. ૧૯૫૦

આત્મકથાઓમાંથી તથા હિંમતલાલ કલ્યાણરાય બક્ષી, ભકતકવિ શિવજીભાઈ (જ. ૧૮૭૦), ધ્વારકાદાસ ત્રિભોવનદાસ શેઠ (જ. ૧૮૮૧) રતિલાલ, નારણદાસ ગામી (૧૮૮૬-૧૯૪૨) વગેરેનાં જીવનચરિત્રોમાંથી પ્રાપ્ત થાય છે.

જનસમાજની દાન વિશેની ભાવનામાં પણ ઓગણીસમી સદીના અંતિમ દાયકાઓમાં પરિવર્તન આવવા પામ્યું હતું. હવે 'ધર્મકાર્ય'માં જ પુણ્ય માનનારા લોકો વિદ્યાદાન પણ પુણ્યકાર્ય છે' એમ માનતા થયા હતા.[૬૧] શેઠ ધ્વારકાદાસ ત્રિભોવનદાસ તેમજ તેમના પૂર્વજોએ કરેલાં દાનોની યાદીઓ જોતાં દાન વિશેની આ બદલાયેલી ભાવના સ્પષ્ટ થાય છે.[૬૨] રતિલાલ નારણદાસ ગામીએ કરેલાં દાનોમાં મહદ્‌ભાગ શિક્ષણ વિષયક દાનોનો છે.[૬૩] અત્રે એ યાદ રાખવું ઘટે કે શિક્ષણ તરફ વળેલાં દાનોનો આ પ્રવાહ, અધ્યેયકાલના અંત સુધી બહુધા સ્વજ્ઞાતિઉત્કર્ષ પૂરતો જ મર્યાદિત રહયો હતો. આનું કારણ એ છે કે ગુજરાતના જાહેરજીવનના મંચ પર ગાંધીજીનું આગમન થતા સુધી, લોકોની સેવાભાવના પણ જ્ઞાતિ પૂરતી જ મર્યાદિત રહી હતી. જ્ઞાતિથી પર જઈને વિશાળ સામુદાયિક હિતની દૃષ્ટિએ વિચાર કરનારા, ત્યારે જવલ્લે જ જોવા મળતા. ઠકકરબાપાના પિતા વિઠ્ઠલદાસની સેવા કેવળ એમની જ્ઞાતિના શૈક્ષણિક ઉત્કર્ષ પૂરતી મર્યાદિત રહી હતી, જ્યારે ઠકકરબાપાએ ગાંધીજીના પ્રભાવ હેઠળ હરિજનો અને આદિવાસીઓના શૈક્ષણિક ઉત્કર્ષનું કાર્ય રાષ્ટ્રીય ફલક પર હાથ ધર્યું હતું. પિતા-પુત્રના સેવાકાર્ય અને એની પાછળની ભાવના વચ્ચે રહેલા આ તફાવતનું નિરૂપણ 'ઠકકરબાપા'ના લેખક અર્થસૂચક રીતે કરે છે જે નીચે પ્રમાણે છે :

> "પિતાપુત્રનાં સેવાકાર્યો અને એ વિષેની ભાવના અને કાર્યક્ષેત્ર વચ્ચે બે યુગોનું અંતર હતું. એકની સેવા જ્ઞાતિજનો પૂરતી મર્યાદિત હતી અને એમાં જ એ આત્મસંતોષ પામતા હતા જ્યારે બીજાનું હૃદય નાતજાત અને દેશકાળથી પર રહી જરૂર પડે તો છેક ચીન જેટલા દૂરને સ્થળે જઈ સેવા કરવા માટેનાં સ્વપ્ન સેવતું હતું."[૬૪]

ઠકકરબાપા અને એમના પિતાની સેવાભાવના વચ્ચે જે તફાવત સૂચવાયો છે તે અન્ય યુવકો અને એમના પૂર્વજોની સેવાભાવનામાં પણ પ્રવર્તે છે. વસ્તુત: અધ્યેયકાલના અંત સુધી યુવકો અને બુઝુર્ગોની સેવાભાવના આગળ જોયું તેમ જ્ઞાતિ પૂરતી જ સીમિત હતી અને એ શૈક્ષણિકદાનોને પણ સમાનપણે લાગુ પડે છે. અધ્યેયકાલના અંત સુધી

આપવામાં અને મેળવવામાં આવતાં દાનો બહુધા સ્વજ્ઞાતિઉત્કર્ષ પૂરતાં જ મર્યાદિત રહ્યાં હતાં. અધ્યિત સાહિત્યમાં થયેલા શૈક્ષણિક દાનો સંબંધી અનેક ઉલ્લેખો પરથી એની પ્રતીતિ થાય છે. કેવળ જ્ઞાતિહિતની દૃષ્ટિએ વિચારવું એ યોગ્ય છે કે કેમ એની ચર્ચા અત્રે પ્રસ્તુત લેખાય. અહીં તો એટલું જ નોંધવું પૂરતું છે કે ઓગણીસમી સદીના અંતિમ દાયકાઓમાં વિવિધ જ્ઞાતિઓ, જ્ઞાતિજનોના શૈક્ષણિક ઉત્કર્ષ માટે જાગૃત બની હતી અને એ માટેના પ્રયત્નો અધ્યેયકાલના અંત સુધી વધતા રહ્યા હતા.

આમ, જ્ઞાતિસંસ્થાએ અધ્યેયકાલના છેલ્લા ત્રણચાર દાયકાઓમાં શૈક્ષણિક વિકાસ માટે પ્રોત્સાહક વલણ અપનાવ્યું હતું. બ્રાહ્મણ, વણિક આદિ કેટલીક ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓ આમ કરવામાં મોખરે રહી હતી.

અધ્યેયકાલ દરમ્યાન, જ્ઞાતિસંસ્થાના કેળવણી સાથેના ઉપર્યુક્ત સમગ્ર વ્યવહારોનું નિરીક્ષણ કરતાં જણાય છે કે પ્રારંભમાં જ્ઞાતિસંસ્થા નવી કેળવણી સામે એક દીવાલ બનીને ઊભી હતી. પરંતુ ધીમે ધીમે એનું મહત્ત્વ સમજાતાં એની રૂખ બદલાવાતી જતી હતી. તબીબી શિક્ષણની પ્રાપ્તિ, વિદ્યાભ્યાસાર્થે વિદેશગમન અને કન્યાકેળવણી વિશેના પ્રાય: તમામ જ્ઞાતિઓના વિચારો સંકુચિત હતા, પરંતુ શિક્ષિતો અને સુધારકોના પ્રયત્નોને લીધે એમાંય પરિવર્તન આવી રહ્યું હતું. જ્ઞાતિસંસ્થાપ્રેરિત સ્પર્ધાસ્પર્ધાની ભાવના અધ્યેયકાલના અંત સુધી ઘણી તીવ્ર હતી અને હરિજનો સાથે શિક્ષણ પ્રાપ્ત કરવાના વિચારને અત્યલ્પ સ્વીકૃતિ પ્રાપ્ત થઈ હતી. આ રીતે જ્ઞાતિસંસ્થાના શિક્ષણ વિષયક વિચારો અને વ્યવહારોએ નવી કેળવણી માટે અધ્યેયકાલ પર્યંત કેટલીક બાબતોમાં અવરોધક તો કેટલીક બાબતોમાં પ્રોત્સાહક રહ્યા છે.

૭.૪ કેળવણીની સંસ્થા : છાત્રાલય

ઘર અથવા કુટુંબની જેમ છાત્રાલય પણ વિદ્યાર્થીઓના ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. છાત્રાલયના સમગ્ર વાતાવરણની વિદ્યાર્થીઓના વ્યક્તિઘડતર પર સારીનરસી અસરો થતી હોય છે. વળી, સ્થળેતર વિદ્યાર્થીઓ માટે શાળા-મહાશાળાઓનું શિક્ષણ સુલભ બનાવવામાં પણ તેનો ફાળો મહત્ત્વનો રહે છે. આથી કેળવણીકારો છાત્રાલયને પણ મહત્ત્વની શિક્ષણસંસ્થા ગણે છે.

અધ્યિત ચરિત્રસાહિત્યમાંથી અધ્યેયકાલ દરમ્યાન પ્રવર્તમાન છાત્રાલય વ્યવસ્થાને

સમજવામાં ઉપકારક નીવડે એવી કેટલીક માહિતી ઉપલબ્ધ થાય છે. એને આધારે એતદ્કાલીન છાત્રાલયવ્યવસ્થાનું શકય તેટલું વિશદ ચિત્ર ઉપસાવવાનો પ્રયત્ન કરીશું. સ્વાભાવિક રીતે જ આ ચિત્ર, અધ્યિત ચરિત્રસાહિત્યમાંથી પ્રાપ્ત થતી વિગતો પૂરતું મર્યાદિત રહેશે.

અધ્યિત ચરિત્રસાહિત્યમાંથી ત્રણ પ્રકારનાં છાત્રાલયો વિશેની માહિતી ઉપલબ્ધ થાય છે : (૧) સાર્વજનિક છાત્રાલયો, (૨) જ્ઞાતિસંચાલિત છાત્રાલયો અને (૩) કૉલેજો સાથે સંલગ્ન છાત્રાલયો. સાર્વજનિક છાત્રાલયો અને જ્ઞાતિસંચાલિત છાત્રાલયો વચ્ચે વિદ્યાર્થીપ્રવેશ અંગેની નીતિને બાદ કરતાં કોઇ વ્યાવર્તક તફાવત, ઉપલબ્ધ માહિતીમાંથી નિષ્પન્ન થતો નથી, એટલે આ બન્ને પ્રકારનાં છાત્રાલયોનાં ભિન્ન ભિન્ન પાસાંઓની સમાલોચના એક સાથે જ કરીશું. એમ કરતાં ઉભય પ્રકારનાં છાત્રાલયો જ્યાં એકબીજાથી જુદાં પડતાં હશે, ત્યાં એની નોંધ લઇશું. કૉલેજો સાથે સંલગ્ન છાત્રાલયો વિશે અર્થસૂચક માહિતી ઉપલબ્ધ થતી નથી. વળી, એ પ્રકારનાં છાત્રાલયો વિશે પ્રાપ્ત થતી માહિતી સ્વાભાવિક રીતે જ મર્યાદિત રહી છે. ફલત: એ પ્રકારનાં છાત્રાલયોની સમાલોચના કરવાનું શકય બન્યું નથી. આમ, અહીં અધ્યેયકાલ દરમ્યાન અસ્તિત્વમાં આવેલાં સાર્વજનિક છાત્રાલયો અને જ્ઞાતિસંચાલિત છાત્રાલયોની સમાલોચના કરવાનો જ ઉપક્રમ રાખ્યો છે.

(૧) ઉદ્ગમભૂમિકા અને વિકાસ : માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે ખાનગી સાહસને આવકારવાની ભારતીય શિક્ષણ પંચ (૧૮૮૨)ની ભલામણનો સ્વીકાર થતાં માધ્યમિક શિક્ષણનું વિસ્તરણ થવા લાગ્યું અને શહેરી વિસ્તારોમાં તેમજ કસબાઓમાં માધ્યમિક શિક્ષણસંસ્થાઓ સ્થાપવાની પ્રવૃત્તિ વેગવાન બની. પૂર્વે નોંધી ગયા તેમ ઓગણીસમી સદીના અંતિમ દાયકાઓમાં અમદાવાદ (૧૮૭૯), વડોદરા (૧૮૮૨) અને ભાવનગર (૧૮૮૫)માં કૉલેજોની સ્થાપના થઇ હતી. વીસમી સદીના પ્રારંભિક દાયકાઓમાં જૂનાગઢ (૧૯૦૧) અને સુરત (૧૯૧૭) ખાતે પણ કૉલેજો અસ્તિત્વમાં આવી. વિશેષત: ઓગણીસમી સદીના છેલ્લા બે દાયકાઓ દરમ્યાન ગ્રામવિસ્તારોમાં પણ નવી કેળવણીનું મહત્ત્વ લોકોને ધીમે ધીમે સમજાવા લાગ્યું અને એ વિસ્તારોમાંથી પણ માધ્યમિક તથા ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓનો પ્રવાહ, જ્યાં માધ્યમિક અને ઉચ્ચશિક્ષણની

સંસ્થાઓ હતી, એવાં શહેરો અને કસબાઓ તરફ વહેતો થયો.

શહેરો અને કસબાઓમાં આધુનિક ઢબનાં છાત્રાલયોનો પ્રારંભ થયો એ પહેલાં, બહારગામથી આવતા ઉપર્યુક્ત વિદ્યાર્થીઓમાંના કેટલાક સગાંવહાલાંને ત્યાં રહીને અભ્યાસ કરતા. અમરેલી મુકામે ઈ.સ. ૧૯૦૮માં કપોળ જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે સ્થપાયેલા છાત્રાલયની પશ્ચાદ્‌ભૂમિકા આપતાં એના આદ્યસ્થાપક જગજીવન નારાયણ મહેતા નોંધે છે કે "આ બહારગામના વિદ્યાર્થીઓને સગાંવહાલાને ત્યાં રહી અભ્યાસ કરવામાં કેટલીક મુશ્કેલી રહેતી. છાત્રાલય જેવી સ્વતંત્ર સંસ્થા હોય તો તેઓ નિરાંતે રહી શકે તથા અભ્યાસ કરી શકે એમ હતું."[૬૫] પેટલાદમાં ઈ.સ. ૧૯૦૬માં સ્થપાયેલા સાર્વજનિક છાત્રાલયની ઉદ્‌ગમભૂમિકા નિરૂપતાં મોતીભાઈ અમીન - (૧૮૭૩-૧૯૩૯)ના જીવનચરિતકાર જણાવે છે કે "સગાંસંબંધીને ત્યાં રહેનાર (વિદ્યાર્થીઓ) ઉપર્યુક્ત ને સરખા વ્યવહારને અભાવે કંટાળી જતા અને એમનું અભ્યાસનું ગાડું રગશિયું બની રહેતું."[૬૬] છાત્રાલયરહિત સ્થળોએ સગાંસંબંધીને ત્યાં રહીને માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કરનારા સ્થળેતર વિદ્યાર્થીઓનાં ઘણાં ઉદાહરણો ચરિતસાહિત્યમાં નોંધાયાં છે.

જે વિદ્યાર્થીઓને સગાંસંબંધીઓને ત્યાં રહેવાની સુવિધા ઉપલબ્ધ થતી નહોતી એવા કેટલાક વિદ્યાર્થીઓ 'ઉતારા'માં રહેતા. આવા 'ઉતારા' પ્રાયઃ મંદિરો સાથે જોડાયેલા રહેતા, 'ઉતારાઓ'માં વિદ્યાર્થીઓને માત્ર રહેવાની સગવડ મળતી અને જમવાની વ્યવસ્થા તેમણે જાતે કરી લેવાની રહેતી. મોતીભાઈ અમીન ઈ.સ. ૧૮૮૯માં વિદ્યાભ્યાસાર્થે વડોદરાની હાઈસ્કૂલમાં દાખલ થયા ત્યારે, તે રામજીમંદિરવાળા 'ઉતારા'માં રહેલા. એ ઉતારાનું વર્ણન કરતા એમના જીવનચરિતકાર જણાવે છે કે "કોહયું સાજ એ જૂની વળી જેવો એ મકાનનો ઘાટ હતો. સગવડનું નામ નહીં અને રસ્તાનુંય ઠેકાણું નહીં."[૬૭] મોતીભાઈ અમીન ઈ.સ. ૧૯૦૫માં પેટલાદની માધ્યમિક શાળાના આચાર્ય તરીકે જોડાયાત્યારે ત્યાં પણ બહારગામથી અધ્યયનાર્થે આવતા વિદ્યાર્થીઓ માટે આવા ચાર ઉતારાઓ અસ્તિત્વમાં હોવાની અને એની સ્થિતિ પૂર્વોક્ત રામજીમંદિરના ઉતારા જેવી જ હોવાની નોંધ એ જ ચરિતકાર લે છે.[૬૮]

X પાછળથી આ છાત્રાલય 'શ્રી સયાજી જ્યુબિલી બોર્ડિંગ'ના નામે જાણીતું થયું હતું.

કરુણાશંકર કુબેરજી ભટ્ટ (૧૮૭૩-૧૯૪૩)ના જીવનચરિતકાર, મોતીભાઈ અમીન પેટલાદની માધ્યમિક શાળામાં આચાર્ય તરીકે જોડાયા એ સમયની, પેટલાદના ઉતારાઓમાં રહેતા વિદ્યાર્થીઓની મુશ્કેલીઓનો ઉલ્લેખ કરતાં જણાવે છે કે "મોતીભાઈ સાહેબ અને ભાઈલાલભાઈ (ભલાકાકા)[X] પેટલાદમાં આવ્યા ત્યારે બહારગામના વિદ્યાર્થીઓની આ હાડમારી તેમનાથી જોઈ ગઈ નહિ. વળી કુટુમ્બની છત્રછાયાથી વિખૂટા પડેલા તરુણોનું જીવન બગડી જતું તેમને જણાયું."[૬૯]

જ્ઞાતજાતની ચુસ્ત વાડાબંધી ધરાવતા એ જમાનામાં ઉતારામાં રહેતા વિદ્યાર્થીઓની જમવાની વ્યવસ્થા અલગ અલગ રહેતી. જુદી જુદી જ્ઞાતિના વિદ્યાર્થીઓ ભેગા મળીને પોતપોતાની રસોઈ બનાવતા. એમનો ઘણો સમય આ રીતે વ્યતીત થતો. વિદ્યાર્થીઓની જરૂરિયાતો કે સાધનસુવિધાઓને સમજવાનો અને સંતોષવાનો પ્રશ્ન આવી વ્યવસ્થામાં ઉપસ્થિત જ ન થાય એ દેખીતું છે. ફલત: વિદ્યાર્થીઓ ઘણી હાલાકી ભોગવતા હશે એમ જણાય છે. વળી, વિદ્યાર્થીઓના વિકાસમાં રસ લઈ એમને અંગત માર્ગદર્શન પૂરું પાડનાર ગૃહપતિને અભાવે એ વિદ્યાર્થીઓનું ઘડતર પણ બરાબર નહીં થતું હોય, એ સમજી શકાય એમ છે.

સગાંસંબંધીઓનાં ઘર તથા ઉતારાઓ ઉપરાંત છાત્રાલયસુવિધાનો અભાવ ધરાવતા એ જમાનામાં કેટલાક વિદ્યાર્થીઓ ભાડાનાં ઘરોમાં પણ એકઠા મળીને રહેતા. "દરેક જણ ઘેરથી અઠવાડિયાનું સીધું દર રવિવારે લઈ આવતો અને વારાફરતી હાથે રસોઈ કરી બધા જમતા"[૭૦] આ રીતે સાથે રહી એક રસોડે જમતા સ્વયંપાકી વિદ્યાર્થીઓ એક જ જ્ઞાતિના હશે એ તદ્કાલીન જનમાનસ જોતાં સમજી શકાય એમ છે.

આધુનિક ઢબનાં છાત્રાલયનો પ્રારંભ થતાં પહેલાં સ્થળેતર વિદ્યાર્થીઓની નિવાસવ્યવસ્થા ઉપર દર્શાવ્યા પ્રમાણે હતી. સગાંસંબંધીઓને ત્યાં રહેતા વિદ્યાર્થીઓની સ્થિતિ કંઈક સારી હશે, પરંતુ ઉતારાઓમાં અને ભાડાના મકાનોમાં રહેતા વિદ્યાર્થીઓને ઠીક ઠીક હાલાકી રહેતી હશે, એમ ઉપર્યુક્ત સંદર્ભો પરથી જણાય છે.

X એ સમયની પેટલાદની પ્રાથમિક શાળાના આચાર્ય

પશ્ચિમના શિક્ષણ અને સંસ્કૃતિની અસરે, અધ્યેયકાલના ઉત્તરાર્ધમાં સામાજિક પુનરુત્થાન માટેની શિક્ષિત યુવકોની ભાવનાને પ્રદીપ્ત કરી હતી અને એમનામાં સેવાભાવના પ્રગટાવી હતી. આગળ જોયું તેમ, વિશેષત: ઓગણીસમી સદીના છેલ્લા બે દાયકાઓ દરમ્યાન જ્ઞાતિસંગઠનો પણ જ્ઞાતિબંધુઓના શૈક્ષણિક ઉત્કર્ષમાં રસ ધરાવતાં થયાં હતાં. એમનું ધ્યાન નવી કેળવણી બહુજનસુલભ બનાવવા, તાકીદે ધ્યાન માગતા છાત્રાલયનિર્માણના પ્રશ્ન તરફ હવે દોરાવા લાગ્યું. શિક્ષિતોની સેવાભાવના સાથે ધનપતિઓનો દાનપ્રવાહ ભળતાં વિશેષત: વીસમી સદીના પહેલા બે દાયકાઓમાં ગુજરાત સૌરાષ્ટ્રમાં નવાં નવાં છાત્રાલયો અસ્તિત્વમાં આવતાં ગયાં. આગળ નોંધ્યું તેમ, આ છાત્રાલયો બે પ્રકારનાં હતાં, (૧) સાર્વજનિક અને (૨) જ્ઞાતિસંચાલિત. પૂર્વે નોંધ્યું છે તેમ, અધ્યેયકાલના અંત સુધી રાષ્ટ્રીય દૃષ્ટિએ વિચારનારો વર્ગ ઘણો ઓછો હતો. એટલે આ સમય દરમ્યાન અસ્તિત્વમાં આવેલાં છાત્રાલયોમાં જ્ઞાતિસંચાલિત છાત્રાલયોનું પ્રમાણ ઘણું મોટું રહ્યું હશે, એમ અધ્યિત ચરિત્રસાહિત્ય પરથી જણાય છે.

(૨) <u>ભૌતિક સાધનસુવિધાઓ અને આવકનાં સાધનો :</u> વીસમી સદીના પ્રારંભિક દાયકાઓમાં અસ્તિત્વમાં આવેલાં ઘણાખરા છાત્રાલયો સેવાભાવનાથી પ્રેરાઇને શરૂ કરવામાં આવેલાં. આવાં છાત્રાલયોનો પ્રારંભ ઘણીવાર જ્ઞાતિઓની માલિકીનાં મકાનોમાં, સસ્તા ભાડાના મકાનોમાં કે નિશાળના મકાનમાં પણ થતો જોવા મળે છે.

ભાવનગરમાં, 'ઠકકરદામોદરદાસ હેમજી મજીઠિયા લોહાણા વિદ્યાર્થી-ભવન'નો પ્રારંભ ઇ.સ. ૧૯૦૬માં વિઠ્ઠલદાસ ઠકકરે લોહાણા જ્ઞાતિના મહાજનની માલિકીના મકાનમાં કરેલો. એ જ વર્ષમાં મોતીભાઇ અમીને પેટલાદમાં, સસ્તા ભાડાના એક મકાનમાં છાત્રાલયનો પ્રારંભ કર્યો હતો. એમના જીવનચરિતકાર આ મકાન અને એમાં ઉપલબ્ધ સાધનસુવિધાઓનું વર્ણન નીચે પ્રમાણે કરે છે :

> "મકાન છાત્રાલયને અનુકૂળ નહોતું. આજના જમાનાનાં સુખસગવડ કે રાચરચીલાનું તો નામનિશાન જ નહોતું. લીંપણવાળી ભોંય પર બેસવાનું, ત્યાંજ સુવાનું, લખવા માટે સામાન પેટીનો ઉપયોગ કરવાનો, નહાવાધોવા માટે કૂવામાંથી પાણી કાઢી લાવવાનું, વાસણમાંજવા ને કપડાં ધોવાનું સૌ કામ જાતે કરવાનું, ન મળે ચોકડી કે ન મળે

છાજલી."[૭૧]

ઉપર્યુક્ત છાત્રાલયને તત્પશ્ચાત્ વડોદરા 'સરકારે રાજીખુશીથી પેટલાદ મહાલની જેલનું વપરાશવિહીન વિશાળ મકાન' વિના ભાડે આપેલું. અલબત્ત, આ મકાન છાત્રાલય માટે વિશેષ અનુકૂળ હતું એમ મોતીભાઈના જીવનચરિતકાર જણાવે છે.[૭૨]

ઈ.સ. ૧૯૦૮ના ફેબ્રુઆરીમાં, અમરેલીમાં કપોળ જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટેના છાત્રાલયનો પ્રારંભ જગજીવન નારાયણ મહેતાએ બે રૂપિયાના માસિક ભાડે રાખેલા બે ઓરડાવાળા મકાનમાં કરેલો.[૭૩] ભાવનગરનાં પ્રખ્યાત દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન'નો પ્રારંભ ઈ.સ. ૧૯૧૦માં છાત્રાલય તરીકે થયેલો અને એ છાત્રાલયના આદ્યસ્થાપક નાનાભાઈ કાલિદાસ ભટ્ટને એક ધર્મશાળાનો કેટલોક ભાગ વાપરવા માટે મળેલો. એ મકાનની સ્થિતિ દર્શાવતાં નાનાભાઈ ભટ્ટ લખે છે કે "(એમાં) ભીંતોનું કે કમાડોનું કશું જ ઠેકાણું ન હતું, ધર્મશાળાની ચારે બાજુ ગંદા પાણીથી ભરેલી એક મોટી ગટર નિરંતર ખદબદતી હતી."[૭૪] અંબાલાલ મોતીભાઈ પટેલ ઈ.સ. ૧૯૧૪માં બોરસદમાં શિક્ષક નિમાયા તે અરસામાં તેમણે "વિદ્યાર્થીઓને રહેવાને કાંઈ પણ સગવડ ન હોવાથી સ્કુલના મકાનનો બીજો મજલો બોર્ડિંગના કામમાં લીધો (હતો)."[૭૫]

અત્રે યાદ રાખવું ઘટે કે ઉપર્યુક્ત છાત્રાલયોનો પ્રારંભ તેના આદ્યસ્થાપકોએ મુખ્યત્વે સ્થળેતર ગરીબ વિદ્યાર્થીઓને સહાયભૂત થવાના ઉદ્દેશથી કર્યો હતો. પારાવાર હાલાકી ભોગવતા વિદ્યાર્થીઓ માટેની હમદર્દી એના મૂળમાં હતી. એની સાથે કેળવણીને ઉત્તેજન આપવાની તેમની ભાવનાય તેમાં કામ કરતી હતી. આવા વિદ્યાર્થીઓ અને આદ્યસ્થાપકો જે કોઈ સગવડ મળી આવે તેની સાથે સમાધાન કરી શકે એ તો દેખીતું છે. આ છાત્રાલયોની સ્થિતિ હંમેશ માટે આવી રહેવા પામી નહોતી. એના સંચાલકોના કરકસરયુક્ત પ્રમાણિક વહીવટ અને સેવા કરવાની ધગશને લીધે એ છાત્રાલયોના મકાન અને ઇતર સુવિધાઓ માટે પ્રજા તરફથી સારાં એવાં દાન મળી રહેતાં. ફલત: એ છાત્રાલયો ક્રમશ: વિકસતાં જતાં જોવા મળે છે.

ગુજરાતના શ્રીમંતોના દાનમાંથી ઊભાં થયેલાં મુંબઈનાં કેટલાંક છાત્રાલયોએ પણ, ગુજરાતના વિદ્યાર્થીઓને ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરવાની સુવિધા સુદીર્ઘ કાલથી પૂરી પાડી છે. આવા એક છાત્રાલય- 'ગોકળદાસ તેજપાળ બોર્ડિંગ-માં અધ્યેયકાલના અંતિમ-દાયકામાં છાત્ર તરીકે રહેતા મોરારજી દેસાઈ (જ. ૧૮૯૬) એ છાત્રાલયની ભૌતિક

સુવિધાઓનું વર્ણન નીચે પ્રમાણે કરે છે :

"ગોકળદાસ તેજપાળ બોર્ડિંગમાં સાડા ચાર વર્ષ હું રહ્યો હતો. એ વખતે એ બોર્ડિંગ એક વિશાળ જગ્યામાં હતી કે જેમાં ટેનિસ કોર્ટ હતો, જિમ્નેશિયમ હતું અને ક્રિકેટ રમવાની પણ નાની સરખી જગ્યા હતી. કૂવા પર અમે નાહતા હતા. નવ નવ વિદ્યાર્થીઓ એક ઓરડામાં સૂતા હતા અને એ ઓરડામાં સંયુક્ત રીતે સહુ કોઈ રહેતા હતા. બહુ જ ઓછા માણસોને આવી સગવડવાળી વિશાળ જગ્યામાં રહેવાનું - અને તે પણ મફત રહેવાનું - મુંબઈમાં મળી શકે."[૭૬]

મુંબઈ ઘણા લાંબા સમયથી ગુજરાતીઓના ઉચ્ચ શિક્ષણનું કેન્દ્ર બન્યું હતું અને તેથી ત્યાં ગુજરાતી વિદ્યાર્થીઓ માટેનાં છાત્રાલયો વહેલાં અસ્તિત્વમાં આવેલાં. ઉક્ત છાત્રાલયનું સ્થાપના વર્ષ અદ્યિયત સાહિત્યમાંથી પ્રાપ્ત થતું નથી, પરંતુ દેસાઈએ ઉક્ત છાત્રાલયમાં રહીને તેમની પૂર્વે વિદ્યાભ્યાસ કરી ગયેલા વિદ્યાર્થીઓનો જે નામોલ્લેખ કર્યો છે, તે પરથી એની સ્થાપના ઘણી વહેલી થઈ હશે એમ જણાય છે.[૭૭] વળી, મુંબઈ જેવી ઉદ્યોગનગરીમાં શ્રીમંતો પાસેથી દાનપ્રાપ્તિ પણ વધુ સુલભ બને, એ દેખીતું છે. તળ ગુજરાતમાં કેટલીક શિક્ષણસંસ્થાઓની સ્થાપના અને વિકાસ માટે પણ મુંબઈનિવાસી ગુજરાતી શ્રીમંતોએ સારો ફાળો આપ્યો છે. ગુજરાતનાં કેટલાંક છાત્રાલયોએ પણ એમની પાસેથી પોષણ મેળવ્યું છે. આ બધું જોતાં મુંબઈનાં છાત્રાલયો ભૌતિક દૃષ્ટિએ વધુ સાધનસંપન્ન રહે એ સ્વાભાવિક છે.

મહાજનની વાડી, સસ્તા ભાડાનાં મકાનો અને ધર્મશાળામાં શરૂ થયેલાં પૂર્વોક્ત અને એવાં બીજાં ઘણાં છાત્રાલયોને પણ તત્પશ્ચાત્ સારાં દાન મળતાં એમનો સંગીન વિકાસ સધાયો હતો. એમાં પેટલાદમાં મોતીભાઈએ સ્થાપેલા છાત્રાલયે તેમજ - ભાવનગરના દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવને' તો અધ્યેયકાલ દરમ્યાન જ સારો એવો વિકાસ સાધી લોકચાહના પ્રાપ્ત કરેલી. લોકસહાય વગર આવી સંસ્થાઓ વિકસી શકે નહિ, એ તો દેખીતું છે. ભાવનગરમાં વિઠ્ઠલદાસ ઠક્કરે તથા અમરેલીમાં જગજીવન મહેતાએ શરૂ કરેલાં છાત્રાલયોને પણ અધ્યેયકાલ દરમ્યાન જ સારાં દાનો પ્રાપ્ત થતાં એ પગભર થયાં હોવાની નોંધ અનુક્રમે 'ઠક્કરબાપા'[૭૮] તેમજ 'મારાં જીવનસંસ્મરણો'[૭૯] -માં લેવાઈ છે. એ ઉપરાંત વીસમી સદીના પ્રથમ બે દાયકા દરમ્યાન શ્રીમંતોનાં

દાનો વડે અસ્તિત્વમાં આવેલાં અન્ય છાત્રાલયોનો ઉલ્લેખ પણ ચરિતસાહિત્યમાં થયો છે. પરંતુ એ છાત્રાલયોનાં મકાનો અને એની સાથે જોડાયેલી કસરતશાળાઓ, પુસ્તકાલયો વગેરે માટે મળેલાં દાનોની રકમો સિવાય એની સાધનસુવિધાઓ વિશેની વિસ્તૃત માહિતી ચરિતસાહિત્યમાંથી મળતી નથી. આમ છતાં, કેવળ સેવા ભાવનાથી પ્રેરાઇને, અલ્પ સાધનસુવિધાઓ સાથે શરૂ થતાં છાત્રાલયોને લોકોનો સંગીન સાથ મળતો એ તો આના પરથી સ્પષ્ટપણે જણાઇ આવે છે.

આમ, લોકો તરફથી મળતાં દાન, છાત્રાલયનું આવકનું એક મહત્ત્વનું સાધન હતું. આવાં દાનો પણ બે પ્રકારનાં હતાં : (૧) છાત્રાલયનાં મકાનોના નિર્માણ માટે તેમજ એમાં વસતા વિદ્યાર્થીઓના લાભાર્થે પુસ્તકાલયો, વાચનાલયો વગેરેની વ્યવસ્થા સર્જવા માટે મળતાં રોકડ દાનો અને (૨) છાત્રોપયોગી ચીજવસ્તુઓના સ્વરૂપે મળતાં દાનો. ભાવનગરની 'ઠકકર દામોદરદાસ હેમજી મજીઠિયા લોહાણા બોર્ડિંગ'ના આદ્યસ્થાપક વિઠ્ઠલદાસ ઠકકરની, છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓનું ખર્ચ મેળવવાની પધ્ધતિ આ સંદર્ભમાં નોંધનીય જણાય છે. એ બોર્ડિંગના જૂના રસોઇયાના શબ્દોમાં 'ઠકકરબાપા'ના લેખક તેને નીચે પ્રમાણે આલેખે છે :

> "(વિઠ્ઠલદાસ ઠકકર વિદ્યાર્થીઓ પાસે) ખર્ચાં કંઇ લેતા નહીં. બધું મફત હતું. છોકરાવની કાંઇ ફી નહીં. વિઠ્ઠલબાપા પોતે ઘેર ઘેર ફરી માટલી મૂકી આવતા અને આઠ દિવસે દાણા ઉઘરાવી લાવતા. માટલીમાં ઘેર ઘેરથી દાણા મળે. રવિવારે એનો બોર્ડિંગમાં ઢગલો થાય. અનાજ ગાડા મોઢે આવતું, એમાંથી બોર્ડિંગનો ખરચો નીકળતો. આ ઉપરાંત મોટા શેઠિયાઓ પાસેથી લૂંગડુંલત્તું, ગરમઓઢવાનાં વગેરે પડાવતા. કોઇને ત્યાં લગ્નસરો હોય કે બીજો સારો અવસર હોય તો તરત ત્યાં પહોંચી જતા અને બે ઓપડીઓ - એક વિદ્યોત્તેજક ફંડની ને બીજી બોર્ડિંગની આગળ ધરી એમાં ફાળો ભરાવતા. તે દી આવક સારી. વખત સારો. કોઇ ના કહેતું નહીં. શકિત પ્રમાણે સૌ આપતું. અનાજ તો ઢગલા મોઢે આવતું. બાકી પરચુરણ ખરચ જૂજજાજ થતો."[૮૦]

બધા જ વિદ્યાર્થીઓનો નિ:શુલ્કનિર્વાહ કરવા માટેની ઉપર્યુકત ભાવના

સેવાપ્રેરિત છે, એ તો દેખીતું છે. ~~[illegible]~~ દાણા ઉઘરાવી ગરીબ વિદ્યાર્થીઓનો નિર્વાહ કરવાની આ પદ્ધતિમાં, જ્ઞાતિના બધા જ પરિવારોનો સરળતાથી સાથ મળે એ પણ સમજી શકાય એમ છે. વળી, લગ્ન આદિ શુભ પ્રસંગોએ થોડી રકમ બચાવી એને વિદ્યાદાન પેટે ખર્ચવામાં જ્ઞાતિજનો પણ ઉત્સાહપૂર્વક સાથ આપે અને એ રીતે છાત્રાલયનું અન્ય ખર્ચ પણ નીકળી રહે. વિશેષત: આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓને અને તેમના વાલીઓને આ પદ્ધતિ આશીર્વાદરૂપ થઇ પડી હશે, એવા નિષ્કર્ષ પર સહેલાઇથી આવી શકાય. જ્ઞાતિની અદનામાં અદની વ્યક્તિ પણ આવી પદ્ધતિઓ દ્વારા જ્ઞાતિહિતનાં કાર્યોમાં સહાયભૂત થવાનો સંતોષ પ્રાપ્ત કરી શકે. છાત્રાલયના સર્વ વિદ્યાર્થીઓનો આવી પદ્ધતિઓ દ્વારા નિ:શુલ્કનિર્વાહ થતો હોવાનું અન્ય ઉદાહરણ અધ્યિત ચરિત્રસાહિત્યમાંથી પ્રાપ્ત થતું નથી.

પૂર્વોક્ત કાલમાં, છાત્રાલયોના પ્રારંભ સમયે પણ જ્ઞાતિના શ્રીમંત ગૃહસ્થો તરફથી વિવિધ છાત્રોપયોગી ચીજવસ્તુઓ ભેટમાં આપવાની પ્રણાલિકા અસ્તિત્વમાં હતી એમ જણાય છે. અમરેલીની કપોળ બોર્ડિંગને પ્રારંભમાં રાંધવા - જમવાનાં વાસણો, પલંગ, ગાદલાંગોદડાં વગેરે જ્ઞાતિનાં શ્રીમંત ગૃહસ્થો તરફથી ભેટ મળ્યાં હતાં એવી નોંધ જગજીવન નારાયણ મહેતાએ એમની આત્મકથામાં લીધી છે.[૮૧] મરણોત્તર પુણ્યદાનોમાં પણ જ્ઞાતિનાં છાત્રાલયોને ઉપર્યુક્ત ચીજવસ્તુઓ પૂરી પાડવાની પ્રણાલિકા ક્યાંક ક્યાંક વિકસી હશે, એમ દર્શાવતી ~~એક~~ નોંધ મહેતાના જીવનચરિત્રમાંથી પ્રાપ્ત થાય છે.[૮૨]

છાત્રાલયની આવકના સાધન તરીકે લોકદાનોની સમીક્ષા કરતાં, લોકોના દાન વિશેના વલણની પણ નોંધ લેવી જોઇએ. કેળવણીના વિકાસમાં જ્ઞાતિસંસ્થાએ આપેલા ફાળાની સમીક્ષા કરતાં, અધ્યેયકાલના અંત સુધી બહુજનસમાજની સેવાભાવના જ્ઞાતિના સીમાડાઓ પૂરતી જ મર્યાદિત રહી હતી, એ હકીકતની નોંધ લેવામાં આવી છે. એતદ્ અનુસાર જનસમાજ બહુધા જ્ઞાતિસંચાલિત છાત્રાલયોને મદદ કરવા જે તત્પરતા દાખવતો, તેવી સાર્વજનિક છાત્રાલયોને મદદ કરવામાં દાખવતો ન હતો. સાર્વજનિક સ્વરૂપના દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનના આદ્યસ્થાપક નાનાભાઇ ભટ્ટ લોકોની આવી સંકુચિત મનોવૃત્તિની નોંધ એમની આત્મકથામાં નીચે પ્રમાણે લે છે :

"ઇ.સ. ૧૯૧૪નું વર્ષ આવ્યું અને દક્ષિણામૂર્તિમાં નાણાંની ભીડ પડી ! દક્ષિણામૂર્તિ જેવી બીજી સંસ્થાઓમાં અને દક્ષિણામૂર્તિમાં એક મોટો તફાવત હતો. સામાન્ય રીતે આવી બીજી સંસ્થાઓ મોટા ફંડના પગ ઉપર જ ઊભી થાય છે, અને અમુક એક કોમ કે ધર્મના વાડાની સંસ્થા હોઇ એ કોમ ને વાડાનાં ભાઇબહેનો ઘણી છૂટથી તેને પૈસા આપે છે. એ દિવસોમાં મુંબઇમાં, રાજકોટમાં, અમરેલીમાં તેમ ભાવનગરમાં પણ આવી કેટલીયે કોમી સંસ્થાઓ ઊભી થઇ હતી અને એ સંસ્થાઓની આર્થિક સ્થિતિ ઘણી સક્ષ્ય દેખાતી હતી. દક્ષિણામૂર્તિ આ દૃષ્ટિથી જોઇએ તો ખરેખર કંગાળ ગણાય."[૯૩]

પેટલાદના સાર્વજનિક સ્વરૂપના છાત્રાલયના આદ્યસ્થાપક મોતીભાઇ અમીનને પણ પ્રારંભમાં, છાત્રાલયના સંચાલનમાં આર્થિક મૂઝવણ રહયા કરતી એવી નોંધ એમના જીવનચરિત્રમાં લેવાઇ છે.[૮૪] વળી, એમને દાન આપનારા લોકોની જ્ઞાતિપરસ્તીનો અનુભવ સહેજ જુદી રીતે પણ પ્રગટપણે થયેલો. એમના જીવનચરિત્રમાં એની રજૂઆત આ પ્રમાણે થઇ છે :

"પેટલાદ બોર્ડિંગ હાઉસના સ્થિરતાકાળ પ્રસંગે જે દાન આવવા લાગ્યાં તે વસ્તીના પ્રમાણને હિસાબે પાટીદારો તરફથી સવિશેષ આવતાં. કેટલાંકને થયું કે સૌથી વધુ નાણાંકીય બોજો જે વહેતા હોય તે જ એ સંસ્થાના સૌથી વધુ હકકદાર રહેતા હોય તેમાં શું ખોટું ? પસંદગીનો એવો હકક આપવામાં વાંધો શું ? ત્યારે મોતીભાઇએ દૃઢતાપૂર્વક જણાવ્યું કે જે ખમતો હોય, આપી શકે તેમ હોય, આપવાની વૃત્તિવાળો હોય તે આપે. આવાં જાહેર દાનમાંથી ઊભી થયેલી સમાજશકિતના વહેણ સૌને માટે ખુલ્લાં જ હોય. શકિતને જન્માવનારની છાયા જો એ વહેણને કુંઠિત કરે તો એ વહેણમાં સડો પેસે."[૮૫]

લોકોની ઉપર્યુકત મનોવૃત્તિ જોતાં અધ્યેયકાલ પર્યંત જ્ઞાતિસંચાલિત છાત્રાલયો કરતાં સાર્વજનિક છાત્રાલયો તરફનો દાનપ્રવાહ એકંદરે ધીમો રહયો હશે, એમ કહેવાનું પ્રાપ્ત થાય છે.

લોકો તરફથી મળતાં દાનો ઉપરાંત છાત્રાલયોની આવકનું બીજું મહત્ત્વનું

સાધન વિદ્યાર્થીઓ પાસે ભોજન-નિવાસ આદિ ખર્ચ પેટે લેવાનું લવાજમ ગણાય. ઇ.સ. ૧૯૦૮માં સ્થપાયેલી અમરેલીની કપોળ બોર્ડિંગમાં શરૂઆતમાં પૂર્ણ લવાજમ ભરનારા વિદ્યાર્થીઓ પાસે માસિક રૂ.૭/- તથા અર્ધ માફીવાળા પાસે રૂ.૪/- લેવામાં આવતા હોવાની અને સંપૂર્ણ માફીવાળા પાસે કશું જ લેવામાં આવતું ન હોવાની નોંધ જગજીવન મહેતાની આત્મકથામાં લેવાઇ છે.[૮૬] એ આત્મકથાના ચરિતનાયક અને એમના ભાઇ ડૉ. જીવરાજ મહેતા ઉભય, મુંબઇની 'વરજીવનદાસ માધવદાસ કપોળ બોર્ડિંગ'માં માફી-વિદ્યાર્થી તરીકે રહ્યા હોવાની નોંધ પણ એમાંથી પ્રાપ્ત થાય છે.[૮૭] એ જ રીતે મોરારજી દેસાઇ પણ અધ્યયનકાલના અંતિમ દાયકામાં, મુંબઇની 'ગોકળદાસ તેજપાલ બોર્ડિંગ'માં માફી-વિદ્યાર્થી તરીકે રહ્યા હોવાનો ઉલ્લેખ એમના 'આત્મવૃત્તાંત'માંથી મળે છે.[૮૮] પેટલાદના સાર્વજનિક છાત્રાલયમાં, પણ કેટલાક આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓને લવાજમ વિના રાખવામાં આવતા હોવાનો નિર્દેશ મોતીભાઇ અમીનના જીવનચરિત્રમાં થયો છે.[૮૯] વિઠ્ઠલદાસ ઠક્કર, ભાવનગરના 'ઠક્કર દામોદર હેમજી મજીઠિયા લોહાણા બોર્ડિંગ'ના વિદ્યાર્થીઓ પાસે કોઇ લવાજમ લેતા નહોતા, એનો નિર્દેશ આ અગાઉ થઇ ગયો છે. આ બધાં પ્રમાણો જોતાં જણાય છે, કે મોટાભાગનાં છાત્રાલયોનો ઉદ્દેશ આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓને સહાયભૂત થવાનો જ હતો. આમ બહુધા સેવાભિમુખી એવાં આ છાત્રાલયોની વિદ્યાર્થીઓ પાસે લેવામાં આવતાં લવાજમો દ્વારા થતી આવક ઘણી મર્યાદિત હશે અને એમાંનાં ઘણાના નિર્વાહખર્ચ માટે જાહેર દાનો પર જ આધાર રાખવો પડતો હશે,એમ કહેવાનું પ્રાપ્ત થાય છે.

લોકો તરફથી મળતાં દાનો અને વિદ્યાર્થીઓ પાસેથી પ્રાપ્ત થતાં લવાજમો ઉપરાંત આવકનું કોઇ ત્રીજું સાધન છાત્રાલયોને ઉપલબ્ધ હોવાનાં પ્રમાણો અધ્યિત ચરિત્રસાહિત્યમાંથી મળતાં નથી. આમ છતાં વડોદરા રાજ્ય છાત્રાલયોના વિકાસમાં રસ દાખવી રહ્યું હતું અને પ્રસંગોપાત બિનસરકારી છાત્રાલયોને એક યા બીજી રીતે સહાય કરતું હતું, એની નોંધ અત્રે લેવી ઘટે. વડોદરા રાજ્યે પેટલાદના છાત્રાલયને રાજ્યની માલિકીનું જેલનું વિશાળ મકાન ભાડુ લીધા સિવાય વાપરવા માટે આપેલું એનો નિર્દેશ આ અગાઉ થઇ ગયો છે. એ ઉપરાંત રાજ્યે એ છાત્રાલયને માટે રાજ્યના ખર્ચે એક ગૃહપતિ અને એક નોકર પણ નીમેલા તથા છાત્રાલય માટેનો સાધનસરંજામ ખરીદવા માટે રૂ.૨૦૦૦/- લોકફાળા દ્વારા એકત્રિત કરવામાં આવે તો બીજી

એટલી જ રકમ રાજ્ય તરફથી આપવાની ઇચ્છા પણ પ્રદર્શિત કરેલી.[૯૦]

આમ, અધ્યયનકાલ દરમ્યાન બિનસરકારી છાત્રાલય પ્રવૃત્તિનો વિકાસ મુખ્યત્વે લોકો તરફથી મળતાં દાનો પર જ નિર્ભર રહ્યો હતો.

(૩) આર્થિકપછાત વિદ્યાર્થીઓ માટેના પ્રબંધો : આર્થિક દૃષ્ટિએ પછાત વિદ્યાર્થીઓ માટે છાત્રાલયો દ્વારા કરવામાં આવતા કેટલાક પ્રબંધોનો નિર્દેશ આ અગાઉ થઇ ગયો છે. એમાં જોયું તેમ અધ્યયનકાલના છેલ્લા દાયકાઓમાં ઊભા થયેલાં છાત્રાલયો સેવાભાવપ્રેરિત હોવાથી સાધારણ આર્થિક સ્થિતિ ધરાવતા વિદ્યાર્થીઓ માટે પ્રાય: દરેક છાત્રાલયમાં કેટલાક વિશિષ્ટ પ્રબંધો રહેતા. વિઠ્ઠલદાસ ઠક્કર દ્વારા સંચાલિત ભાવનગરના 'ઠક્કર હેમજી મજીઠિયા લોહાણા વિદ્યાર્થીભવન'ના વિદ્યાર્થીઓ પાસે કંઇ પણ લવાજમ લેવામાં આવતું નહોતું એ હકીકતનો ઉલ્લેખ આગળ થઇ ગયો છે. આગળ જોયુંતેમ, પ્રાય: તમામ છાત્રાલયોનો નિભાવ મહદ્અંશે શ્રીમંતો તરફથી મળતાં દાનો દ્વારા થતો અને એમાં કેટલાક વિદ્યાર્થીઓને વિના લવાજમે તો કેટલાકને અર્દ્ધું લવાજમ લઇને પ્રવેશ આપવાનો પ્રબંધ રહેતો. જગજીવન મહેતા અને એમના ભાઇ ડૉ. જીવરાજ મહેતા મુંબઇની 'શેઠ વરજીવનદાસ માધવદાસ કપોળ બોર્ડિંગ'માં માફી-વિદ્યાર્થી તરીકે ઓગણીસમી અને વીસમી સદીના સંધિકાળનાં વર્ષોમાં રહ્યા હતા એ હકીકતનો નિર્દેશ અગાઉ થઇ ગયો છે. છાત્રાલયોમાં માફી-વિદ્યાર્થીઓને દાખલ કરવાની જોગવાઇ, ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરવા ઇચ્છતા આર્થિક દૃષ્ટિએ પછાત એવા તેજસ્વી વિદ્યાર્થીઓ માટે ઘણી ઉપકારક પુરવાર થઇ હતી એમ કહેવાની જરૂર ભાગ્યે જ રહે છે. માફી-વિદ્યાર્થીઓનું ભોજન-આવાસ ઉપરાંત થતું બીજું ખર્ચ- ટ્યુશનફી, કપડાંલત્તાં, છત્રી, પગરખાં, ધોલાઇ, હજામત આદિ અંગે થતું ખર્ચ- પણ કેટલાંક છાત્રાલયો ઉપાડતાં એવો નિર્દેશ જગજીવન મહેતાએ એમની આત્મકથામાં કર્યો છે.[૯૧] કેટલાક આર્થિક દૃષ્ટિએ પછાત વિદ્યાર્થીઓ માટે, છાત્રાલયોમાં રહેતી આવી જોગવાઇઓને કારણે જ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવાનું શક્ય બનતું, એ હકીકતનો ઉલ્લેખ અત્રે કરવો ઘટે. આ અંગે મોરારજી દેસાઇના આત્મવૃત્તાંતમાં લેવાયેલી નોંધ ઉલ્લેખનીય ગણાય, જે નીચે પ્રમાણે છે :

"હું મારા કુટુંબમાં મોટો દીકરો હતો એટલે કુટુંબનો ભાર મારે માથે જ ગણાય. ઘરની આવક ખાસ કંઇ હતી નહીં. મોસાળની મદદ અને

મારી સ્કોલરશિપ કે ટયૂશનની કમાણી એ જ કુટુંબના ગુજરાનનું સાધન હતું. ઈશ્વરકૃપાએ ગોકળદાસ તેજપાલ બોર્ડિંગમાં ફ્રી રહેવાનું મળ્યું અને રહેવાનો જમવાનો, કપડાંનો, ફી અને પુસ્તકોનો ખર્ચ ત્યાંથી પૂરો મળતો હતો એટલે કોલેજમાં ભણવાનું મારા માટે શકય બન્યું.''[૯૨]

મોરારજી દેસાઇ સાથે, અધ્યેયકાલના અંતિમ દાયકામાં ઉકત છાત્રાલયમાં રહેતા ચાળીસ વિદ્યાર્થીઓ પૈકી ત્રીસેક વિદ્યાર્થીઓ તો 'ગોપાળદાસ તેજપાલ ફ્રીબોર્ડર' હતા એવો ઉલ્લેખ પણ ઉપર્યુકત આત્મવૃત્તાંતમાંથી પ્રાપ્ત થાય છે.[૯૩] ઇ.સ. ૧૯૦૮માં અમરેલીમાં શરૂ થયેલા પૂર્વોકત કપોળ જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટેના છાત્રાલયમાં પ્રથમ વર્ષે જ સાત માફી વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવ્યા હતા.[૯૪] પેટલાદના ઉપર્યુકત સાર્વજનિક છાત્રાલયમાં દર વીસ વિદ્યાર્થીએ એક વિદ્યાર્થીને લવાજમ વિના પ્રવેશ આપવાની પ્રણાલિકા વિકસી હતી અને એવા માફી વિદ્યાર્થીઓનું લવાજમ છાત્રો પોતાના અંગત ખર્ચમાંથી બચત કરીને ઉપાડતા.[૯૫] એ છાત્રાલયના પાંચમા ભાગના વિદ્યાર્થીઓનું ખર્ચ તો એના આધસ્થાપક મોતીભાઇ અમીન સ્વયં ઉપાડતા એવા નિર્દેશ પણ એમના જીવનચરિત્રમાંથી મળે છે.[૯૬] આ સિવાય પણ નિમ્ન આર્થિક દરજ્જો ધરાવતાં પરિવારોમાંથી આવતા વિદ્યાર્થીઓને છાત્રાલયો ધ્વારા વિવિધ પ્રકારની સહાય ઉપલબ્ધ થતી હોવાના નિર્દેશો અધ્યિત ચરિત્રસાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે.

ઉપર્યુકત સઘળી વિગતો જોતાં જણાય છે કે છાત્રાલયોનો પ્રધાન ઉદ્દેશ કેવળ સ્થળેતર વિદ્યાર્થીઓ માટેની રહેઠાણવ્યવસ્થા પૂરી પાડવાનો જ નહોતો, કિંતુ આર્થિક દૃષ્ટિએ પછાત વિદ્યાર્થીઓ શિક્ષણની તકોથી વંચિત ન રહી જાય, એ જોવાનો પણ હતો. જ્યારે માધ્યમિક અને ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરવા માટેની તકો ઘણી મર્યાદિત હતી ત્યારે, દાતાઓએ અને સમાજસેવકોએ છાત્રાલયના માધ્યમ ધ્વારા એવી કેળવણી પ્રાપ્ત કરવાની સુવિધાઓ ઊભી કરીને સમાજની અને શિક્ષણની ઘણી મોટી સેવા કરી હતી એમ નિ:શંકપણે કહી શકાય. બ્રિટિશયુગમાં નવી કેળવણી 'જનતાની કેળવણી' (Mass Education) બની નહોતી,એવો એક આક્ષેપ તેની સામે કરવામાં આવે છે. છાત્રાલયોની સેવાઓએ તેને સર્વથા 'વર્ગકેળવણી' (Class Education) બનતી અટકાવવામાં એની ઉપર્યુકત સેવાઓ ધ્વારા મહત્ત્વનો

ભાગ ભજવ્યો હતો એમ કહેવામાં કોઇ હરકત નથી.

(૪) છાત્રાલયસંચાલકો તથા વિદ્યાર્થીઓ વચ્ચેના સંબંધો : અધ્યિત ચરિત્રસાહિત્યમાંથી જે છાત્રાલયોની માહિતી ઉપલબ્ધ થાય છે, એમાંનાં કેટલાંકની આધસ્થાપકોએ સ્વયં ગૃહપતિ તરીકે રહીને કે અન્યથા ગૃહપતિ જેવી કામગીરી બજાવેલી - મોતીભાઇ અમીન, જગજીવન મહેતા, નાનાભાઇ ભટ્ટ, વગેરેનો સમાવેશ આવા ગૃહપતિઓમાં થાય. આ બધાની છાત્રાલયો શરૂ કરવા પાછળની ભાવના ઘણી ઉંચી હતી. છાત્રાલયની એમની સંકલ્પના વિદ્યાર્થીઓને માત્ર રહેવા જમવાની સગવડ પૂરી પાડતી એક ઔપચારિક વ્યવસ્થા કરતાં ઘણી આગળ વધેલી હતી. વસ્તુતઃ છાત્રાલય એમને મન એક બૃહદ્ પરિવાર હતું, જ્યાં વિદ્યાર્થીઓને કુટુંબજીવનનો અનુભવ થાય, એમને કૌટુંબિક પ્રેમ પ્રાપ્ત થાય અને એમનો સર્વાંગીણ વિકાસ સધાય. પેટલાદના મોતીભાઇ પટેલ દ્વારા પ્રસ્થાપિત છાત્રાલયે 'બોર્ડિંગ એ વીશી નથી પણ વિદ્યાર્થીઓના ઘડતર માટેનું એક સાધન છે' એની ઝાંખી આખા ગુજરાતને કરાવેલી.[૯૭] ભાવનગરમાં છાત્રાલય તરીકે શરૂ થયેલા 'દક્ષિણામૂર્તિ ભવને' આગળ જતાં જે સિધ્ધિઓ પ્રાપ્ત કરી એ ગુજરાતથી અજાણી નથી. આવા ધ્યેયનિષ્ઠ ગૃહપતિઓના વિદ્યાર્થીઓ સાથેના સંબંધો કેવા રહેતા હશે એની સહેજે કલ્પના થઇ શકે એમ છે. એમણે છાત્રાલયોમાં કુટુંબભાવના ઉત્પન્ન કરેલી અને તેમણે છાત્રાલયરૂપી એમના વિશાળ પરિવારના મિત્ર, માર્ગદર્શક અને હિતચિંતકનું સ્થાન લીધેલું. મોતીભાઇ અમીન અને નાનાભાઇ ભટ્ટ જેવાએ તો આ વિશાળ પરિવારની સેવામાં પોતાના અંગત કૌટુંબિક જીવનની પણ અવહેલના કરી હોવાનાં પ્રમાણો એમનાં ચરિત્રોમાંથી મળે છે. એમની સાથે સંબંધિત વિદ્યાર્થીઓ અને શિક્ષકોનાં ચરિત્રો પણ એ હકીકતનું સમર્થન કરે છે.

મોતીભાઇ અમીન ઇ.સ. ૧૯૬૧માં પેટલાદના છાત્રાલયથી છૂટા થયા ત્યાર પછીય તેઓ સતત વિદ્યાર્થીઓના યોગક્ષેમની ચિંતા કરતા રહયા હતા. પેટલાદ છાત્રાલયના વિદ્યાર્થીઓ મોતીભાઇ પ્રત્યે પિતાતુલ્ય પ્રેમાદરભાવ સેવતા, એમ એમના જીવનચરિતકાર જણાવે છે.[૯૮] અંબાલાલ મોતીભાઇ પટેલના જીવનચરિત્રમાં પણ મોતીભાઇ અમીને છાત્રાલયના વિદ્યાર્થીઓને 'પુત્ર સમાન ઉછેર્યા અને હૃદય સમાન પોષ્યા- સર્વરીતે પોષ્યા' હોવાનો ઉલ્લેખ થયો છે.[૯૯]

જગજીવન નારાયણ મહેતાએ મુંબઈના મોઢ વણિક છાત્રાલયના ગૃહપતિ તરીકે વિદ્યાર્થીઓ સાથે જે રીતે કામ કર્યું, એને પરિણામે વિદ્યાર્થીઓનો એમના પરનો પ્રેમ વધ્યો હોવાની અને વિદ્યાર્થીઓ તેમને મોટાભાઈ તરીકે માન આપતા હોવાની નોંધ એમની આત્મકથામાંથી પ્રાપ્ત થાય છે.[૫૦૦]

'દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન'ના આદ્યસ્થાપક અને પ્રથમ ગૃહપતિ નાનાભાઈ ભટ્ટનું કુટુંબ તથા છાત્રાલયના વિદ્યાર્થી-પરિવારનું જીવન તો અવિભાજ્ય બની ગયું હતું. એ હકીકતનો નિર્દેશ નાનાભાઈ ભટ્ટે એમની આત્મકથામાં નીચે પ્રમાણે કર્યો છે :

"મારે સ્પષ્ટ જણાવવું જોઈએ કે કોઈ પણ જાતના સંકોચ વિના સદ્‌ગત મોટાભાઈ અને હું વિદ્યાર્થીઓનું મેલું ઉઠાવતા, તેમની પથારી પાસે ઉજાગરા કરતા, તેમના પર ગુસ્સે થતા, તેમની પાસે ઘોડિયાની દોરી ખેંચાવતા, તેમની પાસે પગ ચંપાવતા, તેમને ગોદમાં લેતા. તેમના ઘડતરમાં જ અમારું જીવનકાર્ય છે એમ અમે માન્યું હતું."X [૫૦૧]

ભાવનગરના પૂર્વાંડત 'ઠક્કર દામોદરદાસ હેમજી મજીઠિયા લોહાણા વિદ્યાર્થીભવન'ના આદ્યસ્થાપક અને પ્રથમ ગૃહપતિ વિઠ્ઠલદાસ ઠક્કર, છાત્રાલયના વિદ્યાર્થીઓની કેવી કાળજી લેતા એનો ઉલ્લેખ એમના પુત્રના જીવનચરિત્રમાંથી નીચે પ્રમાણે મળે છે :

"આ બોર્ડિંગની શરૂઆત થઈ ત્યારથી બોર્ડિંગનો બધો વહીવટ વિઠ્ઠલબાપા જ કરતા. એમનું અંગ બધું દયાથી ભરેલું અને સેવાભાવી બહુ. દયાળુ માવતર જેવા. પોતાના છોકરાઓ અને બોર્ડિંગના છોકરાઓ વચ્ચે કોઈ પણ જાતનો ભેદભાવ તેમણે રાખ્યો નથી. બોર્ડિંગના છોકરાઓને તેઓ જાતે નવરાવતા. ગડગૂમડાવાળા હોય તો જાતે એનાં ગડગૂમડ ધોતા ને મલમપટ્ટી પણ પોતે જ લગાવતા. કોઈનાં ફાટેલાં લૂંગડાં હોય તો પોતે જાતે જ સીવી દેતા. બાઈ વહેલી મોડી આવી હોય તો

X નાનાભાઈ ભટ્ટના છાત્રાલયસંચાલન અંગેના વિચારો અને અનુભવો છાત્રાલયસંચાલકોને દિશાસૂચન અને પ્રેરણા પૂરાં પાડે એવા છે. એ બધાનું નિરૂપણ એમની આત્મકથા 'ઘડતર અને ચણતર' (ભાગ : ૧-૨)માં થયું છે.

ઝાડુ પણ પોતે કાઢતાં."[102]

ઈ.સ. ૧૯૧૦માં અમરેલીની કપોળ બોર્ડિંગમાં ગૃહપતિ તરીકે નિમાયેલા કરશનદાસ ચીતળિયાએ પણ 'વિદ્યાર્થીઓને માબાપની અદાથી સાચવ્યા' હતા એવો ઉલ્લેખ જગજીવન નારાયણ મહેતાની આત્મકથામાં થયો છે.[103]

ઉપર્યુક્ત પ્રમાણો વિદ્યાર્થી-ગૃહપતિ વચ્ચેના સંબંધોની ઈષ્ટ સ્થિતિનું નિદર્શન કરે છે. અત્રે યાદ રાખવું ઘટે કે વીસમી સદીના પ્રારંભિક દાયકામાં શરૂ થયેલા ઘણાં છાત્રાલયો પાછળ ઉમદા ભાવના હતી, ધ્યેય હતું, લગન હતી, સેવાવૃત્તિ હતી. જે છાત્રાલયોમાં સંનિષ્ઠ કાર્યકરો વિદ્યાર્થીઘડતરના કાર્યને જીવનધ્યેય તરીકે સ્વીકારીને કાર્ય કરે ત્યાં સ્વાભાવિક રીતે જ કૌટુંબિક સંબંધો પ્રસ્થાપિત થવાના. આવા કાર્યકરો માટે 'ગૃહપતિ' શબ્દ પણ વામણો પડે એમ કહેવામાં અતિશયોક્તિ થતી નથી.

અત્યાર સુધી છાત્રાલયસંચાલકો અને વિદ્યાર્થીઓ વચ્ચેના આદર્શ અનૌપચારિક સંબંધોની રજૂઆત થઈ. પરંતુ એનું બીજું પાસું છે, જેમાં સંચાલકો અને છાત્રાલયના વિદ્યાર્થીઓ વચ્ચે એકતાનતા સ્થપાઈ હોતી નથી. એ પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓ સાથે નિયમબદ્ધ રીતે જડતાથી કામ લેવાતું જોવા મળે છે. આવાં બે ઉદાહરણ, અધ્યેયકાલના અંતિમ દાયકામાં મુંબઈની 'ગોકળદાસ તેજપાલ બોર્ડિંગ'માં વિદ્યાર્થી તરીકે રહી ચૂકેલા મોરારજી દેસાઈના જીવનવૃત્તાંતમાંથી પ્રાપ્ત થાય છે. ઉક્ત છાત્રાલયના સુપરિન્ટેન્ડેન્ટના વિદ્યાર્થીઓ સાથેના વ્યવહાર વિશે શ્રી દેસાઈના આત્મવૃત્તાંતમાંથી નીચેની નોંધ પ્રાપ્ત થાય છે :

"બોર્ડિંગમાં રાત્રે નવ વાગ્યા પછી સુપરિન્ટેન્ડેન્ટની પરવાનગી સિવાય ગેરહાજર રહી શકાતું ન હતું. અમારા તે વખતના સુપરિન્ટેન્ડેન્ટ શ્રી.....કરીને હતા. એ અમારી સાથે ભળતા ન હતા, અલગ રહેતા હતા.....અને વાત કરવામાં સખતાઈ દાખવતા હતા. એટલે અમે વિદ્યાર્થીઓ એમની પાસે જતા ન હતા. રાત્રે બહાર જવાની મનાઈ હતી, પણ વગર પરવાનગીએ અમે બે-ચાર જણ હેંગિંગ ગાર્ડન બાજુ ફરવા આવી જતા હતા અને કલાકેકમાં પાછા આવતા હતા..... સુપરિન્ટેન્ડેન્ટે જો અમારી સાથે સ્નેહભાવથી વાત કરી હોત અને

સમજાવ્યા હોત તો અમે આવી રીતે નિયમ બહાર જવાની વાતથી અટકયા હોત. ભણી રહયા પછી મારી આ વર્તણૂંક ખોટી હતી એનું મને ભાન થયું."[૧૦૪]

સુપરિન્ટેન્ડેન્ટ અને વિદ્યાર્થીઓ વચ્ચેના વ્યવહારોની શ્રી દેસાઇએ કરેલી ઉપર્યુંકત રજૂઆત, શૈક્ષણિક મનોવિજ્ઞાનની દૃષ્ટિએ ઘણી મહત્ત્વની જણાય છે. સુપરિન્ટેન્ડેન્ટનું અતડાપણું અને સખતાઇ, તેમાંથી જન્મેલો એમના પ્રત્યેનો વિદ્યાર્થીઓનો અણગમો અને બ્બિપક્ષી સમભાવને અભાવે ઊભી થતી અશિસ્ત એક વિષવર્તુળ સર્જે એવી શકયતા એમાં અંતર્નિહિત છે, એમ ઉકત વ્યવહારો પરથી ફલિત થાય છે. એ બતાવે છે કે વિદ્યાર્થીઓ સાથે જડતાપૂર્વક કામ લેવાથી સંસ્થા કે વિદ્યાર્થીઓ ઉભયમાંથી એકેયનું હિત સધાતું નથી. વિદ્યાર્થી માગે છે સ્નેહ-પ્રેમ અને એટલે જ દેસાઇ કહે છે કે સુપ્રિન્ટેન્ડેન્ટે જો એમની સાથે સ્નેહભાવથી વાત કરી હોત તો તેઓ નિયમભંગ કરવા ન પ્રેરાયા હોત. વાસ્તવમાં, અશિસ્તના ઘણા પ્રશ્નો વિદ્યાર્થીઓ પ્રત્યેના રામભાવના અભાવે જ ઉત્પન્ન થતા હોય છે. ઉકત ઘટના પરથી બીજું પણ એક મનોવૈજ્ઞાનિક સત્ય ફલિત થાય છે અને તે એ કે વિદ્યાર્થી બહુધા અણસમજમાંથી અશિસ્ત આચરવા પ્રેરાય છે. જયાં સુપ્રિન્ટેન્ડેન્ટ અને વિદ્યાર્થીઓ વચ્ચે આવાં સંબંધો હોય ત્યાં વિદ્યાર્થીઓના ચારિત્ર્યઘડતર પર છાત્રાલયનું વાતાવરણ બહુ રચનાત્મક ભાગ ન ભજવી શકે એ તો દેખીતું છે.

ઉપર્યુંકત છાત્રાલયના એક ટ્રસ્ટીના, વિદ્યાર્થીઓ સાથેના અસભ્ય વ્યવહારની બીજી એક ઘટનાની નોંધ પણ શ્રી દેસાઇ એમના આત્મવૃત્તાંતમાં લે છે, જે નીચે પ્રમાણે છે :

"એક વખત બધા વિદ્યાર્થીઓએ બોર્ડિંગના મુખ્ય ટ્રસ્ટીને, ત્યાંના ખોરાક વિષે અને બીજી કેટલીક અગવડો વિષે ફરિયાદ કરી. ટ્રસ્ટના પ્રમુખ એક સોલિસિટર હતા પણ મિજાજના કંઇક કડવા હતા. એમણે ચોખ્ખું સંભળાવ્યું, 'બેગર્સ આર નોટ ચૂઝર્સ' અને અમારી વાત કાપી નાખી. મારા સાથીઓને આથી ખૂબ ગુસ્સો આવેલો, પણ એ નિર્બળ ગુસ્સો હતો, અને ગુસ્સો કરનારને જ એથી દુ:ખ થયું હતું..... પ્રમુખશ્રીએ આવું કહેવું જોઇતું નહતું- એમને એ શોભતું ન હતું. જી.ટી

બોર્ડિંગ સ્થાપનાર ગૃહસ્થને પોતાના પૈસાનો સદુપયોગ કરવા માટે આ બોર્ડિંગ સ્થાપવાની વૃત્તિ થયેલી અને એટલે તેનો લાભ લેનારાઓ પ્રત્યે ટ્રસ્ટીઓએ સદ્ભાવપૂર્વક જ વર્તન કરવું જોઇએ એમાં શંકા નથી.....ઘણી સંસ્થાઓમાં આ પ્રમાણે થતું નથી હોતું એટલે એમનો લાભ લેનારાઓ ઉપર માઠી અસર થાય છે તેનો ખ્યાલ તે વખતે મને આવેલો."[૬૦૫]

ઉપર્યુક્ત ઘટનામાં, છાત્રાલયના સંચાલક (મુખ્ય ટ્રસ્ટી)નો વિદ્યાર્થી પ્રત્યેનો વ્યવહાર સમભાવહીન છે, એ દેખીતી રીતે જ વ્યક્ત થાય છે. વિદ્યાર્થીઓની મુશ્કેલીઓ સાંભળવાની હમદર્દી પણ ન દાખવતાં એમને અવમાનિત કરવામાં આવે એ સ્થિતિ ઇષ્ટ ન ગણાય. વિના લવાજમે અધ્યયન કરતા અકિંચન વિદ્યાર્થીઓમાં આવો વ્યવહારો કદાચ લઘુતાગ્રંથિ પણ જન્માવે. વિદ્યાર્થી-દેસાઇ પણ આવા વ્યવહારો માઠી અસર કરે છે એવું સ્વીકારે છે.

ઓગણીસમી સદીની પ્રથમ વીસીમાં અસ્તિત્વ ધરાવતાં છાત્રાલયોમાં, વિદ્યાર્થીઓ અને સંચાલકો વચ્ચે પ્રવર્તમાન સંબંધોનાં કેટલાંક પાસા આપણે જોયાં. એ જોતાં જણાય છે કે સંચાલકોમાં જ્યાં સેવાભાવ છે, ત્યાં ઉભય વચ્ચેના સંબંધો ઘનિષ્ઠ અને જ્યાં અધિકારવૃત્તિ છે, ત્યાં ઉભય પક્ષે માનસિક તનાવ છે.

હવે, છાત્રાલયોએ વિદ્યાર્થીઓના ઘડતરમાં કેવો ભાગ ભજવ્યો હતો તે અધ્યિત સાહિત્યને આધારે જોઇશું.

(૫) છાત્રાલયોની પ્રવૃત્તિઓ અને તે દ્વારા થતું વિદ્યાર્થીઓનું ઘડતર : આગળ જોયું તેમ ચાલુ સદીની પ્રથમ વીસીમાં, કેટલાક સેવાભાવી યુવકોએ શુભનિષ્ઠાપૂર્વક છાત્રાલયો શરૂ કરેલાં, એટલું જ નહિ પરંતુ કેટલાકે તો પોતાનું જીવન વિદ્યાર્થીઓના ઘડતર માટે સમર્પિત કરેલું. આવા છાત્રાલયોનો ઉદ્દેશ, માત્ર વિદ્યાર્થીઓને રહેવાજમવાની સગવડ પૂરી પાડવા પૂરતો જ મર્યાદિત ન રહે, એ દેખીતું છે. એવાં ~~અધ્યેય~~ છાત્રાલયોના સંચાલનમાં બહુધા અનેકવિધ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓ સુટેવો કેળવે, એમના -માં સંસ્કારોનું સિંચન થાય, એમનાં ચારિત્ર્યનું ઘડતર થાય એવી દૃષ્ટિ રહેતી.

પેટલાદના સાર્વજનિક છાત્રાલયના આદ્યસ્થાપક મોતીભાઇ અમીનમી એ છાત્રાલય અંગેની ભાવનાનું નિરૂપણ એમના જીવનચરિત્રમાં નીચે પ્રમાણે થયું છે :

"તે જમાનામાં આશ્રમી કેળવણીની, આત્મઘડતર અર્થની કેળવણી વિષયક વિપુલ શક્યતાઓથી, સામાન્ય શિક્ષકગણ અને સમાજ અનભિજ્ઞ હતો. આવા કાળમાં મોતીભાઈએ પોતાની આર્ષદૃષ્ટિથી છાત્રાલયની પ્રવૃત્તિઓને સંસ્કાર સિંચનનું એક અદકું વાહન બનાવવામાં દિલ પરોવ્યું. પોતાના સ્વપ્નની સિદ્ધિમાં (તે) એવા લીન થઈ જતા કે શાળાના ચોગાનમાં જ ઘર હોવા છતાં એ ભોજન ભૂલી જતા."[૧૦૬]

ભાવનગરના 'દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન'ના આદ્યસ્થાપક નાનાભાઈ ભટ્ટે તો વિદ્યાર્થીઓના ઘડતરનું પોતાનું સ્વપ્ન સિદ્ધ કરવા એ જમાનામાં દુર્લભ ગણાય એવા ઊંચા પગારના પ્રોફેસરના હોદ્દાનો ત્યાગ કરેલો. 'દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન'ની સ્થાપના કરવા પાછળનો તેમનો મુખ્ય ઉદ્દેશ 'સંસ્કારિતાની પરંપરા' ઊભી કરવાનો હતો. એમની આવી ઉમદા દૃષ્ટિની પ્રતીતિ, એમની આત્મકથામાં ઉક્ત છાત્રાલયની સ્થાપના પહેલાંનાં એમના મનોભાવોની એમણે લીધેલી નોંધ પરથી થાય છે. એ મનોભાવો વર્ણવતાં નાનાભાઈ નોંધે છે કે "દક્ષિણામૂર્તિ શરૂ કરી તેની આગલી રાત સુધી તો મારા મનમાં કલ્પનાના અનેક ઘોડાઓ દોડયા કરતા હતા, અને કેમ જાણે વિદ્યાર્થીઓની સાથે રહીને તેમને તાબડતોબ સંસ્કારી બનાવી દઈશ એવી એવી મહેચ્છાઓથી મારું હૃદય ઊછળી જતું હતું."[૧૦૭] આવી જ ઉમદા ભાવનાથી પ્રેરાઈને મુંબઈના મોઢ વણિક જ્ઞાતિના છાત્રાલયના ગૃહપતિ જગજીવન નારાયણ મહેતાએ એમના વહીવટ દરમ્યાન વિદ્યાર્થીઓમાં સુટેવોનું સિંચન થાય એવો પ્રયત્ન કરેલો, જેની નોંધ એમણે એમની આત્મકથામાં નીચે પ્રમાણે લીધી છે :

"મારા (આવતા) પહેલાં આ બોર્ડિંગમાં રાણા ગામના ગ્રેજ્યુએટ થયેલા ભાઈ કામ કરતા. હું આવ્યા પછી મેં વિદ્યાર્થીઓમાં ઠંડે પાણીએ નાહવાનો, હાથે કપડાં ધોવાનો, નિયમિત વ્યાયામ કરવાનો અને રોજ પ્રાર્થના કરવાનો, એમ જાતજાતની ભાવના પેદા કરવાનો પ્રયાસ આરંભ્યો. શરૂઆતમાં થોડાં વિદ્યાર્થીઓને તૈયાર કર્યા પછી દેખાદેખીનો ચેપ લાગ્યો, ને છએક માસમાં લગભગ બધા જ વિદ્યાર્થીઓમાં વહેલાં ઊઠવું, કસરત કરવી, ઠંડે પાણીએ નાહવું અને સ્વાશ્રય તથા જાત મહેનત વગેરેની સારી ટેવો પડી ગઈ."[૧૦૮]

જગજીવન મહેતા, પોતે વિદ્યાર્થીઓને નામું લખવું, હિસાબ ગણવા, ખરીદી કરવી આદિ વ્યાવહારિક કામો પણ શીખવતા અને વિદ્યાર્થીઓ માદાંની માવજત કરવી, ધોલાઇ કરવી વગેરે કામો પણ પ્રેમપૂર્વક કરતા એવી નોંધ એમની આત્મકથામાં લે છે.[૧૦૯] આ નિર્દેશો પરથી વિદ્યાર્થીઓમાં નિયમિતતા, શરીરસ્વાસ્થ્ય, શ્રીમસહિષ્ણુતા, હમદર્દી, સેવાભાવ વગેરેની ખિલવણી માટે તે કેટલા સજાગ હતા, તેનો ખ્યાલ આવે છે.

સવારે વહેલા ઊઠવાનો અને પ્રાર્થના કરવાનો નિયમ એ યુગના લગભગ તમામ છાત્રાલયોએ અપનાવ્યો હતો તથા એના પાલન માટે ખૂબ જાગૃતિ રાખવામાં આવતી હતી એ હકીકતની નોંધ નાનાભાઇ ભટ્ટે એમની આત્મકથામાં લીધી છે.[૧૧૦] એમના 'દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન'માં પણ વહેલા ઊઠવાનો તથા પ્રાર્થના કરવાનો નિયમ દાખલ કરવામાં આવ્યો હતો. વળી, છાત્રાલયનાં મોટાભાગનાં કામો વિદ્યાર્થીઓની સમિતિઓ દ્વારા ઉપાડી લેવામાં આવે એવી પ્રણાલિકા પણ પ્રસ્થાપિત કરવામાં આવેલી. આ પ્રવાસ-પર્યટનો, સાંસ્કૃતિક કાર્યક્રમો વાર્ષિક દિનની ઉજવણી વગેરેને પણ એમાં સ્થાન મળ્યું હતું. આ વિદ્યાર્થીભવનની સમગ્ર પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓને 'જીવનની તાલીમ' આપવાની દૃષ્ટિએ યોજાતી. એની પાછળ એના આદ્યસ્થાપક નાનાભાઇ ભટ્ટની ફિલસૂફી કામ કરતી હતી, જે એમની આત્મકથામાં આ પ્રમાણે શબ્દબદ્ધ થઇ છે :

> "સંસ્થાની સ્થાપના કરી ત્યારે એક વાત સ્પષ્ટ અસ્પષ્ટ રૂપમાં પણ મારા મનમાં હતી કે વિદ્યાર્થીઓનું જીવન સુધારવું એ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ છે. જીવન સુધારવાના કેળવણીના એક માત્ર માર્ગ તરીકે અમે સંસ્થાનું છાત્રાલય ઊભું કર્યું અને ગૃહજીવન મારફત કેળવણીના પ્રશ્નને પહોંચવાનો ઇરાદો રાખ્યો. વિદ્યાર્થીઓ માત્ર શિક્ષણથી જ નહીં પરંતુ વિચારપૂર્વક જીવન જીવીને જ જીવનની તાલીમ મેળવી શકે છે એવી મારી પોતાની દૃઢ માન્યતા હતી."[૧૧૧]

છાત્રાલયના ઉત્તરદાયિત્વ વિશેની આવી ઉન્નત વિચારસરણીમાંથી જન્મતી પ્રવૃત્તિઓ નિઃશંકપણે વિદ્યાર્થીઓના સર્વાંગીણ ઘડતરમાં મહત્ત્વપૂર્ણ ફાળો આપે જ.

મોતીભાઇ અમીનનું પેટલાદ ખાતેનું છાત્રાલય ગુજરાતભરમાં પંકાયું, તેની પાછળ પણ મોતીભાઇ અમીનની છાત્રાલયની કામગીરી વિશેની ઊંચી દૃષ્ટિ હતી. આગળ જોઇ ગયા તેમ એમને મન છાત્રાલય એ 'વીશી' નહોતું, પરંતુ વિદ્યાર્થીઓના શારીરિક, નૈતિક

માનસિક અને આધ્યાત્મિક વિકાસનું કેન્દ્ર હતું.[૧૧૨] મોતીભાઈ અમીનની ભાવના અને ફિલસૂફી પણ નાનાભાઈ ભટ્ટની ભાવના અને ફિલસૂફીની જેમ ઉન્નત હતી, જેનો નિર્દેશ એમના જીવનચરિત્રમાં આ પ્રમાણે થયો છે :

"સૌથી અગત્યની વાત આ છાત્રાલયના આત્મા મોતીભાઈના મનમાં કાયમ રટાતી તે, આ સૌ (વિદ્યાર્થીઓ)ને સારા 'માણસ' બનાવવાની. આ હેતુથી સમાજમાં પ્રચલિત ચાબીડીનાં વ્યસનોથી એ મુક્ત રહે, ગંદાં નાટકો, અસભ્ય વાણી, નઠારા વર્તનથી દૂર રહે અને એમ સામાન્ય દૂષણોથી અલિપ્ત રહી અચ્છા નાગરિક બને તે માટે (મોતીભાઈ) યત્ન કરતા. આ સૌ માટેની જરૂરી પ્રેરણા પૂરી પાડવા સારાં પુસ્તકોનું વાચન, ઉત્તમ ચરિત્રોમાંથી પ્રસંગકથન, એકબીજાની સેવા અને સત્સમાગમના કાર્યક્રમો (છાત્રાલયમાં) યોજાતા. ચારિત્ર્યઘડતરની એક ઉત્તમ પ્રક્રિયા સેવાનાં કાર્યો છે એવી પાકી સમજણ હોવાથી મોતીભાઈ વિદ્યાર્થીઓને સેવાનાં કાર્યોમાં જોડતા. માંદાની સારવાર, મહેમાનોની સરભરા, ને સ્વાગત, અંગત જીવનમાં સ્વાર્થત્યાગ આ બધા પર ભાર મૂકાતો."[૧૧૩]

ઉપર્યુક્ત છાત્રાલયમાં પણ સ્વાવલંબન પર ભાર મૂકાતો અને એમાં બાગકામ, વ્યાયામ, ચિત્રકળા, પ્રવાસ, સાંસ્કૃતિક કાર્યક્રમોની ઉજવણી આદિને સ્થાન આપવામાં આવ્યું હોવાનો નિર્દેશ પણ મોતીભાઈના જીવનચરિત્રમાંથી મળે છે.

આ રીતે ચાલુ સદીની પ્રથમ વીસીમાં સ્થપાયેલાં ગુજરાતનાં કેટલાંક છાત્રાલયોએ, પ્રારંભકાળથી જ વિદ્યાર્થીના સર્વાંગીણ ઘડતરનું ધ્યેય અપનાવ્યું હતું. વિદ્યાર્થીઓમાં સારી ટેવો પડે, સારા સંસ્કારો રેડાય, તેમને જીવનની સાચી તાલીમ મળે, એ માટે તેના સંચાલકો જાગ્રત હતા. વિદ્યાર્થીઓ અનુકરણશીલ હોવાથી આવાં છાત્રાલયોના સંચાલકો પોતાના વર્તન અંગે પણ ઘણી જાગૃતિ રાખતા હોવા જોઈએ એમ કહેવાની ભાગ્યે જ જરૂર રહે છે. ઈ.સ.૧૯૧૬માં સ્થપાયેલી ચરોતર એજ્યુકેશન સોસાયટીની માધ્યમિક શાળાના આચાર્ય અને એ શાળાના વિદ્યાર્થીઓના 'વસતિગૃહ'ના પ્રથમ ગૃહપતિ અંબાલાલ મોતીભાઈ પટેલની દૃઢ માન્યતા હતી કે "જે જે બાબતો જનસમાજને શીખવવાની હોય તે બાબતો શીખવનારે પોતે તો અવશ્ય જ પાળવી જોઈએ."[૧૧૪] ફલત: વિદ્યાર્થીઓમાં સ્વાવલંબનનો ગુણ કેળવવા એમનાં વાસણ એ જાતે જ માંજતા, વિદ્યાર્થીઓમાં

મોજશોખનો અવગુણ એમના દ્વારા પ્રસરે નહિ એ માટે એ કદિ મોજાં પહેરતા નહીં અને બોધપ્રદ નાટક પણ જોતા નહીં.[૧.૧૫]

મુંબઈની પૂર્વોક્ત 'ગોકળદાસ તેજપાલ બોર્ડિંગ'માં રમતગમત, વ્યાયામ, પુસ્તકાલય આદિની સારી સુવિધાઓ હતી. એ બોર્ડિંગમાં ચાલુ સદીના બીજા દાયકા દરમ્યાન રહી ચૂકેલા મોરારજી દેસાઇ ત્યાં થયેલા એમના ઘડતર વિશે આવી નોંધ લે છે :

"(બોર્ડિંગનિવાસથી) મારું બંધારણ ઘણું સારું બન્યું અને સારા માનસિક સંસ્કારો પણ પડયા. હું સ્વાભિમાની બન્યો. ..... બોર્ડિંગમાં હોશિયાર વિદ્યાર્થીઓને જ સ્થાન મળતું હતું અને લગભગ બધા જ નરમ આર્થિક પરિસ્થિતિવાળા હોવાથી સાદા અને નિર્વ્યસની હતા. એટલે ઘણી સારી સોબતમાં સાડાચાર વર્ષ રહેવાનું મને મળ્યું."[૧.૧૬]

આમ, ઉક્ત છાત્રાલયની ભૌતિક સુવિધાઓ અને સારા વિદ્યાર્થીઓના સહવાસે શ્રી દેસાઇના ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. શ્રી દેસાઇ, એ બોર્ડિંગમાં રહીને વિદ્યાભ્યાસ કર્યા બાદ સમાજજીવનના વિવિધક્ષેત્રોમાં ઉચ્ચસ્થાનોએ પહોંચેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો નામોલ્લેખ એમના 'જીવનવૃત્તાંત'માં કરીને એ બધાના ઘડતરમાં પણ ઉપર્યુક્ત છાત્રાલયે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો, એવું પ્રતિપાદન કરે છે. ભાવનગરના 'દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન' તથા પેટલાદના છાત્રાલયમાં રહી ચૂકેલા વિદ્યાર્થીઓએ પણ તત્પશ્ચાત્ સમાજજીવનમાં સારી ખ્યાતિ પ્રાપ્ત કરી હોવાનાં ઉદાહરણો પણ અધ્યિત ચરિતસાહિત્યનાં પૃષ્ટોમાં નોંધાયા છે. આમ, સાંપ્રત સૈકાના પ્રથમ બે દાયકા દરમ્યાન અસ્તિત્વમાં આવેલાં કેટલાંક છાત્રાલયોએ વિદ્યાર્થીઓના ઘડતરમાં રચનાત્મક ફાળો આપ્યો હતો, એમ કહેવાનું પ્રાપ્ત થાય છે.

છાત્રાલયોએ અને એના સમગ્ર પર્યાવરણે વિદ્યાર્થીઓના ઘડતરમાં વિપરીત અસર કરી હોય, એમ દર્શાવતાં પ્રમાણો અધ્યિત સાહિત્યમાંથી ઉપલબ્ધ થતાં નથી.

૭.૫ <u>સમાપન</u>

કેળવણી એટલે વિદ્યાર્થીઓના વર્તનમાં પરિવર્તન લાવનારી સતત ચાલુ રહેતી પ્રક્રિયા, એવો વ્યાપક અર્થ ઘટાવીએ, તો એને પાઠયપુસ્તકોના પૃષ્ટોમાં, શિક્ષકોના

પ્રવચનોમાં કે શાળાની દીવાલોમાં સીમાબદ્ધ કરી શકાય નહિ. 'વર્તન' શબ્દને પણ વ્યાપક રીતે અવલોકી એમાં માનસિક, વાચિક, કાયિક એવા સકલ વૃત્તિવ્યાપારોને સમાવિષ્ટ કરીએ તો વિદ્યાર્થીઓના એ બધા જ વૃત્તિવ્યાપારોમાં અભીષ્ટ પરિવર્તનો, શાળા એકલી જ અને શાળામાં જ ન આણી શકે એ તો દીવા જેવું ચોકખું છે. વાસ્તવમાં, વિદ્યાર્થીઓની કેળવણી-ઘડતરની પ્રક્રિયા સમગ્ર ભૌતિક-સામાજિક પર્યાવરણની દેણગી બની જાય છે.

શાળા, કુટુંબ, જ્ઞાતિસમાજ, છાત્રાલય વગેરે માનવરચિત સામાજિક સંસ્થાઓ છે. વિદ્યાર્થીના ઘડતરમાં આ બધી જ સંસ્થાઓ એનું સમગ્ર પર્યાવરણ મહત્ત્વનો ભાગ ભજવે છે. એના સમગ્ર પર્યાવરણની બાળક-વિદ્યાર્થીના ઘડતર પર થતી અસરોનો અભ્યાસ ગહન અધ્યયન માગી લે છે. પ્રસ્તુત સંશોધનના સીમાપ્રદેશમાં દેખીતી રીતે જ એનો સમાવેશ થતો નથી. ફલત: આ પ્રકરણમાં કેળવણીની કેટલીક મહત્ત્વની સંસ્થાઓનાં કેળવણી વિષયક વિચારો અને વ્યવહારોમાં અધ્યેયકાલ દરમ્યાન જોવા મળતા સામાન્ય પ્રવાહોનો જ સમાવેશ કરવામાં આવ્યો છે. એના પરથી અધ્યેયકાલ દરમ્યાન બાળકો - વિદ્યાર્થીઓના ઘડતરમાં અધ્યેત સંસ્થાઓનાં પ્રદાન અને પ્રતિકાર કેવાં રહ્યાં છે, એની ઝાંખી પ્રાપ્ત થાય છે. અધ્યેત સંસ્થાઓ શાળામાં મળતા ઔપચારિક શિક્ષણને પૂરક, પ્રેરક કે અવરોધક શી રીતે બની રહી હતી, એનો ખ્યાલ પણ એના પરથી આવે છે. અલબત્ત, અત્રે ઉપસાવવામાં આવેલું ચિત્ર અધ્યેત ચરિત્રસાહિત્યમાંથી પ્રાપ્ત થતી માહિતીમાંથી જ નિષ્પન્ન થયેલું છે એ હકીકતની નોંધ લેવી ઘટે.

કેળવણીને ઘડનારા રાજકીય, ધાર્મિક, સામાજિક પરિવૃત્તમાં, ગુજરાતમાં જૂની અને નવી શિક્ષણપ્રણાલીઓના વિકાસ-રકાસની અને તેની સિદ્ધિ-મર્યાદાઓની એક સૈકાની કહાની પુરોગામી પ્રકરણોમાં વિગતે રજૂ થઇ. શિક્ષણની કેટલીક અનૌપચારિક સંસ્થાઓએ, એના પૂરક, પ્રેરક કે અવરોધક બની ગુજરાતની કેળવણીના નિર્માણમાં કેવો ભાગ ભજવ્યો, એની છણાવટ પ્રસ્તુત પ્રકરણમાં કરવામાં આવી. આગામી પ્રકરણમાં કેળવણીને અસર કરનારાં વિભિન્ન પરિબળો વચ્ચેના સંઘર્ષ અને સંવાદિતામાંથી અધ્યેયકાલ દરમ્યાન ઉદ્‌ભવેલા શિક્ષણ વિષયક પ્રશ્નો અને પ્રવાહોની સમીક્ષા કરીશું.

સંદર્ભસૂચિ

૧. શાસ્ત્રી, દુર્ગાશંકર કેવળરામ : ઝંડુ ભટ્ટજી, મુંબઈ, શંકરપ્રસાદ ઝંડુ ભટ્ટ, ૧૯૨૦, પૃ. ૪.

૨. રાવળ, રવિશંકર મ. : આત્મકથાનક (ખંડ : ૧), અમદાવાદ, કલારવિ ટ્રસ્ટવતી કુમાર કાર્યાલય, ૧૯૬૭, પૃ. ૨૦-૨૧.

૩. દવે, નર્મદાશંકર લાલશંકર : મારી હકીકત અથવા નર્મદનું સ્વાનમચરિત્ર, મુંબઈ, ગુજરાતી પ્રિન્ટીંગ પ્રેસ, ૧૯૩૩, પૃ. ૧૩.

૪. શાસ્ત્રી, દુર્ગાશંકર કેવળરામ : ઉપર્યુક્ત., પૃ. ૧૭.

૫. એજન., પૃ. ૧૭.

૬. ગાંધી, મોહનદાસ કરમચંદ : સત્યના પ્રયોગો અથવા આત્મકથા, અમદાવાદ, નવજીવન પ્રકાશન મંદિર, ૧૯૬૨, પૃ. ૨૦૪.

૭. એજન.

૮. જોષી, કલ્યાણરાય નથુભાઈ : સર વિઠ્ઠલદાસ દામોદર ઠાકરસી, મુંબઈ, માધવજી દામોદર ઠાકરસી, ૧૯૩૨, પૃ. ૨૨.

૯. ઓઝા, કાશીરામ ભાઈશંકર : સદ્ગત શેઠ અમૃતલાલ લાલજી ઓઝા, દ્વયંબકલાલ શિવશંકર ત્રિવેદી, કલક-તા, ૧૯૪૭, પૃ. ૯૬.

૧૦. એજન.

૧૧. જોષી, કલ્યાણરાય નથુભાઈ : ઉપર્યુક્ત., પૃ. ૧૮.

૧૨. વૈષ્ણવ, બાપુભાઈ જાદવરાય : શ્રીમતી બચુભાઈના જીવનનાં સ્મરણો, મુંબઈ, કાનજી કરસનદાસ લક્ષ્મીદાસ, ૧૯૩૫, પૃ. ૫.

૧૩. રામલાલ નવનીતલાલ : 'રણછોડદાસ ગીરધરભાઈનું જન્મચરિત્ર' અર્વાચીન ગુજરાતી શિક્ષણનાં સવાસો વર્ષ, સુરત, પ્રકાશક : સંપાદક સ્વયં, વર્ષ : અપ્રાપ્ય, પૃ. ૧૦.

૧૪. ત્રિવેદી, ભાનુમતી દલપતરામ : સ્વ. મગનલાલ દલપતરામ કવિની જીવનરેખા' જ્યોતિ, મહુવા, ૧૯૨૩, પૃ. ૨૬-૨૭.

૧૫. ઠાકોર, બલવંતરાય કલ્યાણરાય : અંબાલાલભાઇ : એમના વિચારમિનાર એમના આશયો મંતવ્યો અને વ્યવસાયો, અમદાવાદ, પ્રકાશક : લેખક સ્વયં, ૧૯૨૮, પૃ. ૭૪.

૧૬. ઓઝા, કાશીરામ ભાઇશંકર : ઉપર્યુક્ત., પૃ. ૧૫૧.

૧૭. ગાંધી, મોહનદાસ કરમચંદ : ઉપર્યુક્ત., પૃ. ૩૨.

૧૮. દવે, નર્મદાશંકર લાલશંકર : ઉપર્યુક્ત., પૃ. ૨૧.

૧૯. શાસ્ત્રી, દુર્ગાશંકર કેવળરામ : ઉપર્યુક્ત., પૃ. ૧૬.

૨૦. રામલાલ નવનીતલાલ : 'દી. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીનાં સંસ્મરણો' ઉપર્યુક્ત., પૃ. ૧૫૦.

૨૧. દેસાઇ, રમણલાલ વ. : ગઇકાલ, મુંબઇ, આર. આર. શેઠની કંપની, ૧૯૫૦, પૃ.૧૧૯.

૨૨. એજન., પૃ. ૧૨૧.

૨૩. ગાંધી, મોહનદાસ કરમચંદ : ઉપર્યુક્ત., પૃ. ૩૩-૩૪.

૨૪. ત્રિવેદી, ભાનુમતી દલપતરામ : ઉપર્યુક્ત., પૃ. ૯.

૨૫. પરીખ, નરહરિ ધ્વા. : સરદાર વલ્લભભાઇ (ભાગ પહેલો), અમદાવાદ, નવજીવન પ્રકાશન મંદિર, ૧૯૫૦, પૃ.૪.

૨૬. ઇશ્વર પેટલીકર : વિદ્યાનગરના વિશ્વકર્મા, મુંબઇ, આર. આર. શેઠની કંપની, ૧૯૬૪, પૃ. ૪૨-૪૩.

૨૭. નિરંજન વર્મા : 'કર્મવીર ફૂલચંદભાઇ', જીવનશિલ્પીઓ, મુંબઇ-અમદાવાદ, ભારતી સાહિત્યસંઘ, ૧૯૪૩, પૃ. ૧૨૦.

૨૮. મુનશી, કનૈયાલાલ માણેકલાલ : અડધે રસ્તે, અમદાવાદ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ૧૯૪૩, પૃ. ૮૬.

૨૯. ઇન્દુલાલ યાજ્ઞિક : આત્મકથા (ભાગ:૧ 'જીવનવિકાસ'), અમદાવાદ, રવાણી પ્રકાશનગૃહ, ૧૯૫૫, ૬૭-૬૮.

૩૦. એજન., પૃ.૯૪.

૩૧. મહેતા, ચંદ્રવદન ચી. : બાંધ ગઠરિયાં (ભાગ :૧), સુરત, ગાંડીવ સાહિત્ય-મંદિર, ૧૯૫૪, પૃ. ૫૬.

૩૨. એજન., પૃ. ૭૦.

૩૩. ત્રિપાઠી, ગોવર્ધનરામ માધવરામ : લીલાવતી જીવનકલા, મુંબઇ, એન. એમ. ત્રિપાઠી પ્રાઇવેટ લિમિટેડ, ૧૯૬૧, પૃ. ૧૪.

૩૪. જોષી, કલ્યાણરાય નથુભાઇ : ઉપર્યુક્ત., પૃ. ૨૯.

૩૫. પટેલ, દેસાઇભાઇ નાથાભાઇ : કરુણાશંકર : શિક્ષકવિભૂતિ, વડોદરા, ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ. ૧૯૬૨, પૃ. ૩૭-૩૮.

૩૬. વકીલ, રસિકલાલ માણેકલાલ : તળપદી પ્રતિભાનું નૂર : સ્વ. શ્રી હરિલાલ દામોદરદાસ વકીલ - જીવન અને સાહિત્ય, કપડવંજ, પ્રકાશક : લેખક સ્વયં, ૧૯૬૪, પૃ. ૪-૫.

૩૭. બક્ષી, હિંમતલાલ કલ્યાણરાય : રા. રા. કલ્યાણરાય જેઠાભાઇ બક્ષીનું જીવનવૃત્તાંત વડોદરા, પ્રકાશક : લેખક સ્વયં, ૧૯૪૭, પૃ. ૩૭.

૩૮. શાહ, મૂળચંદ આશારામ : આશારામ દલીચંદ શાહ અને તેમનો સમય અમદાવાદ, પ્રકાશક : લેખક સ્વયં, ૧૯૩૪, પૃ. ૮૩.

૩૯. દેસાઇ, રમણલાલ વ. : ઉપર્યુક્ત., પૃ. ૧૬૨.

૪૦. સુમંત મહેતા : (સંપા. ભોગીલાલ ગાંધી) આત્મકથા, અમદાવાદ, મહાકવિ શ્રી નાનાલાલ સ્મારક ટ્રસ્ટ, ૧૯૭૧, પૃ. ૫.

૪૧. મહેતા, ભાનુસુખરામ નિર્ગુણરામ : મહીપતરામ, વડોદરા, સયાજી સાહિત્યમાળા પુષ્પ ૧૭૪મું, ૧૯૩૦, પૃ. ૧૨.

૪૨. એજન., પૃ. ૪૫.

૪૩. એજન, પૃ. ૪૬.

૪૪. એજન., પૃ. ૫૭.

૪૫. મહેતા, જગજીવન નારાયણ : મારાં જીવનસંસ્મરણો, મુંબઇ, જગજીવનદાસ મહેતા ટ્રસ્ટ, પ્રકાશન વર્ષ : અપ્રાપ્ય, પૃ. ૧૩૮-૩૯.

૪૬. શારદા મહેતા : જીવનસંભારણાં, વડોદરા, પ્રકાશક : તેમિકા સ્વર્ય, ૧૯૩૮, પૃ. ૫૯.

૪૭. એજન., પૃ. ૨૫.

૪૮. દવે, નર્મદાશંકર લાલશંકર : ઉપર્યુક્ત., પૃ. ૩૩.

૪૯. શાસ્ત્રી, દુર્ગાશંકર કેવળરામ : ઉપર્યુક્ત., પૃ. ૧૮-૧૯.

૫૦. ઇશ્વર પેટલીકર : ઉપર્યુક્ત., પૃ. ૬.

૫૧. મહેતા, ભાનુસુખરામ નિર્ગુણરામ : ઉપર્યુક્ત., પૃ. ૯૫.

૫૨. એજન., પૃ. ૯૦.

૫૩. ત્રિપાઠી, ગોવર્ધનરામ માધવરામ : ઉપર્યુક્ત., પૃ. ૧૪-૧૫.

૫૪. નિરંજન વર્મા : 'કર્મવીર ફૂલચંદભાઇ', ઉપર્યુક્ત., પૃ. ૯૧-૯૨.

૫૫. નાનાભાઇ ભટ્ટ : ઘડતર અને ચણતર (ભાગ-૧-૨), અંબલા (સૌરાષ્ટ્ર), સર્વોદય સહકારી પ્રકાશન સંઘ લિમિટેડ, ૧૯૫૯, પૃ. ૧૭૧.

૫૬. ઇન્દુલાલ યાજ્ઞિક : ઉપર્યુક્ત., પૃ. ૩૯.

૫૭. મહેતા, ભાનુસુખરાય નિર્ગુણરામ : ઉપર્યુક્ત., પૃ. ૧૮.

૫૮. ઇન્દુલાલ યાજ્ઞિક : ઉપર્યુક્ત., પૃ.૧૨.

૫૯. રાવળ, રવિશંકર મ. : ઉપર્યુક્ત., પૃ. ૨૨૫.

૬૦. દેસાઇ, રમણલાલ વ. : ઉપર્યુક્ત., પૃ. ૧૯૯.

૬૧. મધુકર : કચ્છના ક્રાન્તિકારી ભક્તકવિ શિવજીભાઇની જીવનપ્રભા, મઢડા (સૌરાષ્ટ્ર), શિવસદન ગ્રંથમાલા કાર્યાલય, ૧૯૫૬, પૃ. ૨૧૦.

૬૨. મણિયાર કેશવલાલ ભીખાભાઇ : શેઠ દ્વારકાદાસ ત્રિભોવનદાસ જે. પી. ની જીવનરેખા, મુંબઇ, પ્રકાશક : લેખક સ્વયં, ૧૯૩૧, પૃ. ૫૦-૫૩.

૬૩. પરીખ, શંકરલાલ દ્વારકાદાસ : જ્ઞાતિરત્ન રતિલાલ ગામી, અમદાવાદ, ભગત, મણિલાલ હરિવલ્લભદાસ, ૧૯૪૩, પૃ.૧૩-૧૪.

૬૪. કાન્તિલાલ શાહ : ઠક્કરબાપા, દિલ્હી, ઠક્કરબાપા સ્મારક સમિતિ, ૧૯૫૫, પૃ. ૨૫.

૬૫. મહેતા, જગજીવન નારાયણ : ઉપર્યુક્ત., પૃ. ૪૨.

૬૬. પટેલ, ઇશ્વરભાઇ જે. : 'ચરોતરનું મોતી' : મોતીભાઇ અમીન, વડોદરા, એમ. સી. કોઠારી, ૧૯૬૩, પૃ.૪૦.

૬૭. એજન., પૃ. ૧૩.

૬૮. એજન., પૃ. ૪૦.

૬૯. પટેલ, દેસાઇભાઇ નાથાભાઇ : ઉપર્યુક્ત., પૃ. ૧૮-૧૯.

૭૦. પરીખ, નરહરિ દ્વારકાદાસ : ઉપર્યુક્ત., પૃ. ૧૧.

૭૧. પટેલ, ઇશ્વરભાઇ જે. : ઉપર્યુક્ત., પૃ. ૪૧-૪૨.

૭૨. એજન., પૃ. ૪૪-૪૫.

૭૩. મહેતા, જગજીવન નારાયણ : ઉપર્યુક્ત., પૃ.૪૩.

૭૪. નાનાભાઇ ભટ્ટ : ઉપર્યુક્ત., પૃ. ૫૦૦.

૭૫. પટેલ, રાવજીભાઇ મોતીભાઇ : યુવકરત્ન, અમદાવાદ, સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય, ૧૯૫૮, પૃ. ૩૬.

૭૬. મોરારજી દેસાઇ : મારું જીવનવૃત્તાંત (ભાગ :૧) અમદાવાદ, નવજીવન પ્રકાશનમંદિર, ૫૯૭૨, પૃ. ૧૮-૧૯.

૭૭. એજન., પૃ. ૧૯-૨૦.

૭૮. કાન્તિલાલ શાહ : ઉપર્યુક્ત., પૃ. ૨૦.

૭૯. મહેતા, જગજીવન નારાયણ : ઉપર્યુક્ત., પૃ. ૪૪.

૮૦. કાન્તિલાલ શાહ : ઉપર્યુક્ત., પૃ. ૨૨-૨૩.

૮૧. મહેતા, જગજીવન નારાયણ : ઉપર્યુક્ત., પૃ. ૪૩.

૮૨. એજન., પૃ. ૪૦.

૮૩. નાનાભાઇ ભટ્ટ, : ઉપર્યુક્ત., પૃ. ૫૨૭.

૮૪. પટેલ, ઇશ્વરભાઇ જે. : ઉપર્યુક્ત., પૃ. ૪૩.

૮૫. એજન., પૃ. ૧૮૩-૮૪.

૮૬. મહેતા, જગજીવન નારાયણ : ઉપર્યુક્ત.

૮૭. એજન., પૃ. ૩૨.

૮૮. મોરારજી દેસાઇ : ઉપર્યુક્ત., પૃ. ૫૮૬

૮૯. પટેલ, ઇશ્વરભાઇ જે. : ઉપર્યુક્ત., પૃ. ૬૧.

૯૦. એજન., પૃ. ૪૨.

૯૧. મહેતા, જગજીવન નારાયણ : ઉપર્યુક્ત.

૯૨. મોરારજી દેસાઇ : ઉપર્યુક્ત.

૯૩. મોરારજી દેસાઇ : ઉપર્યુક્ત., પૃ. ૧૮-૧૯.

૯૪. રાયચુરા ગોકુળદાસ ધ્વારકાદાસ અને અન્ય : ખુશાલદાસ પારેખ (ષષ્ઠિપૂર્તિ અભિનંદનગ્રંથ) મુંબઇ, શ્રી ખુશાલદાસ કુરજી પારેખ હીરક મહોત્સવ સમિતિ, પ્રકાશન વર્ષ અપ્રાપ્ય, પૃ.૮.

૯૫. પટેલ, ઇશ્વરભાઇ જે. : ઉપર્યુક્ત., પૃ. ૪૫.

૯૬. એજન., પૃ. ૬૨.

૯૭. પટેલ, દેસાઇભાઇ નાથાભાઇ : ઉપર્યુક્ત., પૃ. ૮૬.

૯૮. પટેલ, ઇશ્વરભાઇ જે. : ઉપર્યુક્ત., પૃ. ૯૬-૯૭.

૯૯. પટેલ, રાવજીભાઇ મોતીભાઇ : ઉપર્યુક્ત., પૃ. ૨૨.

૧૦૦. મહેતા, જગજીવન નારાયણ : ઉપર્યુક્ત., પૃ. ૯.

૧૦૧. નાનાભાઇ ભટ્ટ : ઉપર્યુક્ત., પૃ. ૧૨૫-૨૬.

૧૦૨. કાન્તિલાલ શાહ : ઉપર્યુક્ત., પૃ. ૨૧.

૧૦૩. મહેતા, જગજીવન નારાયણ : ઉપર્યુક્ત., પૃ. ૧૦૦.

૧૦૪. મોરારજી દેસાઇ : ઉપર્યુક્ત., પૃ. ૨૦.

૧૦૫. એજન., પૃ. ૨૦-૨૧.

૧૦૬. પટેલ, ઇશ્વરભાઇ જે. : ઉપર્યુક્ત., પૃ. ૫૭.

૧૦૭. નાનાભાઇ ભટ્ટ : ઉપર્યુક્ત., પૃ. ૧૦૨.

૧૦૮. મહેતા, જગજીવન નારાયણ : ઉપર્યુક્ત., પૃ. ૬૬-૬૭.

૧૦૯. એજન., પૃ. ૬૭.

૧૧૦. નાનાભાઇ ભટ્ટ : ઉપર્યુક્ત., પૃ. ૧૦૫-૧૦૬.

૧૧૧. એજન., પૃ. ૧૮૪.

૧૧૨. એજન., પૃ. ૫૭.

૧૧૩. એજન., પૃ. ૫૮-૫૯.

૧૧૪. પટેલ, રાવજીભાઇ મોતીભાઇ : ઉપર્યુક્ત., પૃ. ૫૦.

૧૧૫. એજન., પૃ. ૫૦-૫૧.

૧૧૬. મોરારજી દેસાઇ : ઉપર્યુક્ત., પૃ. ૧૯.

X X X X X X X

"આપણે શિક્ષણને પરિવર્તનનું એક મુખ્ય સાધન ગણવું જોઇએ. અમેરિકા, સોવિયેટ સંઘ, પશ્ચિમ જર્મની અને જાપાનમાં ક્રાંતિકારી સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક ફેરફારો થયા છે, જેમાં શિક્ષણે ઘણો મોટો ભાગ ભજવ્યો છે. ભારતે પણ પોતાના પરંપરાગત રૂઢિગ્રસ્ત સમાજને આધુનિક અને પ્રાગતિક બનાવવામાં કેળવણીનો વિપુલ પ્રમાણમાં ઉપયોગ કરવો પડશે. એ માટે હોંશે શાળાશિક્ષણનો લાભ આમજનતાના વધુ ને વધુ ભાગોને મળે એ રીતે તેનું વિસ્તરણ - તેનો વિકાસ સાધવા પ્રયત્ન કરવો રહેશે."

-- ડૉ. ધનવંતભાઇ એમ. દેસાઇ

X X X X X X X